




**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

## અનુક્રમણિકા


૧. સાધનાનું રહસ્ય ૧
૨. વેદનું વિજ્ઞાન-પ્રતીકાત્મક જ્ઞાન ૨
૩. આંધળાઓમાં માત્ર એક નેત્રવાન ૫
૪. પ્રેમ સાધના અને તેનું પરિણામ ૭
૫. સૌ સ્વીકારે છે પુનર્જન્મના સત્યને ૯
૬. દૈહિક સૌંદર્ય અદકેરુ ભાવનાત્મક સૌંદર્ય ૧૨
૭. વિચારક્રાંતિના યોધ્ધા સંત સોક્રેટીસ ૧૫
૮. ઝોકું ખાઈ લો સ્વસ્થ રહો ૧૬
૯. લોભ આપણને અંધ બનાવે છે ૧૮
૧૦. ઋષિઓની મૂર્તિઓમાં પ્રતિષ્ઠિત ગુરુ ચેતનાનો અંશ ૨૨
૧૧. ગુરુ ગીતા ૨૪
૧૨. યોગ ફળે છે સમ્યક્ જ્ઞાનથી ૨૬
૧૩. પરમપૂજ્ય ગુરુદેવ અમૃતવાણી ધ્યાન શા માટે કરીએ ? ૨૯
૧૪. સો ટકા છૂટનો લાભ લો, દૈવી અનુદાનોના અધિકારી બનો ૩૭
૧૫. યુગ ગીતા ૩૮
૧૬. ચેતનાની શિખર યાત્રા ૪૨
૧૭. અપનો સે અપની બાત ૪૬
૧૮. યુગ નિર્માણ સમાચાર


## મિશનની અન્ય ભાષાની પત્રિકાઓ

ગુરુસત્તાની પ્રાણ ચેતના નો મુખ્ય પ્રવાહ અખંડ જ્યોતિ હિન્દી પત્રિકાનાં માધ્યમથી પ્રગટ થાય છે. આ પત્રિકા 'યુગ શક્તિ ગાયત્રી' પણ ઉક્ત પ્રાણ ચેતનાનો પ્રવાહ છે. ગુરુસત્તાના મહાન વિચારોથી દેશ-વિદેશનાં પરિજનો પ્રભાવીત થાય છે. મિશનનો આલોક જન-જન સુધી પહોંચે એ હેતુ નીચૂની અન્ય ભાષામાં પણ પત્રિકા પ્રકાશિત થાય છે.

**વિભિન્ન ભાષાઓની પત્રિકાઓ -**

**૧. યુગ સાધના (મરાઠી)**-શ્રી સત્યનારાયણ નુવાલ, ગાયત્રી શક્તિપીઠ, સંત જગનાડે ચૌક, નંદનવન, નાગપુર-૪૪૦૦૦૯ ફોન-૭૪૭૪૪૮ લવાજમ-૬૦રૂા. વાર્ષિક અને ૭૫૦રૂા. આજીવન.

**૨. યુગ શક્તિ ગાયત્રી (ઉડિયા)**-ડો. સન્યાસી સેઠ. યુગ શક્તિ ગાયત્રી ટ્રસ્ટ. ગાયત્રી શક્તિપીઠ યૂનિટ-૯ (એફ) ભોઈ નગર, ભુવનેશ્વર-૭૫૧૦૨૨ફોન-(૦૬૭૪) ૪૧૫૦૮૭ લવાજમ-૬૦રૂા. વાર્ષિક અને ૮૦૦રૂા. આજીવન.

**૩. અખંડ જ્યોતિ (બંગલા)**-શ્રી હરીરામ કેડિયા, (૩૨ પુરાના) ૨૬, મદન મિત્રા લેન, કલકત્તા-૭૦૦૦૦૬ ફોન-(૦૩૩) ૨૩૯૩૮૦૮ લવાજમ-૬૦રૂા. વાર્ષિક અને ૭૫૦રૂા. આજીવન.

**૪. યુગ શક્તિ ગાયત્રી (તેલગૂ)**-ડો. તુમુરી શિવરામકૃષ્ણ રૈડ્ડી દ્વારા શ્રી અશ્વિની સુબ્બારાવ, અશ્વિની હાઉસ, મૂંસાપેટ, હૈદરાબાદ-૫૦૦૦૧૬ લવાજમ-૬૦રૂા. વાર્ષિક અને ૬૦૦રૂા. આજીવન.

**૫. અખંડ જ્યોતિ (અંગ્રેજી)**-શ્રી સી. વી. શ્યામલરાવ, ગાયત્રી પ્રજ્ઞા સંસ્થાન, ગાયત્રી કૃપા, ભુપય્યા, અગ્રહારમ, અમલાપુરમ્-૫૩૩૨૦૧ ફોન-(૦૮૮) ૫૬૧૧૧૩ લવાજમ-૫૦રૂા. વાર્ષિક.

**૬. અખંડ જ્યોતિ (તમિલ)**-ગાયત્રી પ્રજ્ઞા સંસ્થાન, શ્રી કે. બી. રામકૃષ્ણ, ૧૪ વિવેકાનંદ સ્ટ્રીટ, ટી નગર (નાર્થ), ચેન્નઈ-૬૦૦૦૧૭ ફોન-(૦૪૪) ૮૨૩૮૭૫૪ લવાજમ-૨૪રૂા. વાર્ષિક.

**૭. યુગ નિર્માણ યોજના (હિન્દી)**-યુગ નિર્માણ યોજના, ગાયત્રી તપોભૂમિ, મથુરા-૨૮૧૦૦૩ ફોન-(૦૫૬૫) ૨૫૩૦૧૨૮, ૨૫૩૦૩૯૯ લવાજમ-૩૫ રૂા. વાર્ષિક અને ૪૫૦રૂા. આજીવન.

**૮. પ્રજ્ઞા અભિયાન પાક્ષિક (ગુજરાતી)**-શાંતિકુંજ, હરિદ્વાર (ઉત્તરાંચલ), લવાજમ-૨૦રૂા. વાર્ષિક.

**૯. પ્રજ્ઞા અભિયાન પાક્ષિક (હિન્દી)**-શાંતિકુંજ, હરિદ્વાર (ઉત્તરાંચલ), લવાજમ-૨૦રૂા. વાર્ષિક.




**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ૐ ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગો દેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્

# યુગ શક્તિ ગાયત્રી


: સંસ્થાપક / સંરક્ષક :
વેદમૂર્તિ, તપોનિષ્ઠ યુગદ્રષ્ટા
પં. શ્રીરામ શર્મા આચાર્ય
અને
માતા ભગવતી દેવી શર્મા

: સંપાદક :
ડૉ. પ્રણવ પંડ્યા

: સહ સંપાદક :
ઘનશ્યામ પટેલ

: કાર્યાલય :
ગાયત્રી તપોભૂમિ,
મથુરા – ૨૮૧ ૦૦૩
: ટેલિફોન :
(૦૫૬૫)૨૫૩૦૩૯૯,૨૫૩૦૧૨૮

વાર્ષિક લવાજમ : ૫૫ રૂપિયા
આજીવન લવાજમ : ૭૦૦ રૂપિયા
વિદેશનું લવાજમ
વાર્ષિક ૧૦ પાઉન્ડ / ૧૫ ડૉલર
રૂા. ૬૦૦=૦૦
આજીવન :૧૦૦ પાઉન્ડ/૧૫૦ ડૉલર
ભારતીય મુદ્રામાં રૂા. ૭૦૦૦-૦૦
વર્ષ - ૩૪ અંક - ૧
પ્રકાશન તિથિ ૨૫-૧૨-૨૦૦૨
જાન્યુઆરી - ૨૦૦૩
એક અંક : રૂા. ૫-૦૦


## સાધનાનું રહસ્ય

માણસનું અંતઃકરણ અરીસા જેવું છે. સવારથી સાંજ સુધી તેના પર ધૂળ જામતી રહે છે. સતત ધૂળ જામતી રહેવાથી અંતઃકરણનો અરીસો પોતાના સ્વાભાવિક ગુણો ખોઈ બેસે છે અને એ સત્ય સૌ જાણે છે કે માણસને તેના અંતઃકરણની અવસ્થાને અનુરૂપ જ જ્ઞાન થાય છે. અંતઃકરણનો અરીસો જેટલા પ્રમાણમાં સ્વચ્છ હોય એટલા જ પ્રમાણમાં સત્ય તેમાં પ્રતિબિંબિત થાય છે.

સૂફી સંત જલાલુદ્દીન રુમી પાસે કોઈ વ્યક્તિએ પોતાની ચંચળતાનાં રોંદણાં રોયાં. તેની અકળામણ એ હતી કે સાધનામાં તેનું મન એકાગ્ર થતું નહતું. કોઈપણ તેનું ધ્યાન લાગતું ન હતું. રુમીએ હસતાં હસતાં તેને પોતાના એક મિત્ર સાધુ પાસે મોકલ્યો અને કહ્યું, જાવ અને તેમની સમગ્ર દિનચર્યા ખૂબ ધ્યાનથી જુઓ. ત્યાં તમને સાધનાનું રહસ્ય જાણવા મળશે.

નિર્દેશ અનુસાર તે વ્યક્તિ તે સાધુ પાસે ગઈ. ત્યાં જઈને તે વ્યક્તિ ખૂબ નિરાશ થઈ, કારણ કે એ સાધુ એક સાધારણ ધર્મશાળાનો રખેવાળ હતો. સાથોસાથ તે પોતે પણ ખૂબ સાધારણ હતો. તેનામાં જ્ઞાનનાં કોઈ લક્ષણો દેખાતાં ન હતાં. હા, તે ખૂબ સરળ અને બાળકો જેવો નિર્દોષ દેખાતો હતો. તેની દિનચર્યા પણ સામાન્ય હતી, એ સાધુની દિનચર્યાને બારીકાઈથી જોતાં એટલું જ જાણવા મળ્યું કે રાત્રે સૂતાં પહેલાં અને સવારે ઉઠ્યા બાદ પોતાની ધર્મશાળાનાં વાસણોને સારી રીતે માંજે છે, ધોવે છે.

આ સાધુ પાસેથી સારી એવી નિરાશા લઈને તે વ્યક્તિ જલાલુદ્દીન રુમી પાસે પાછી ફરી. તેણે સાધુની દિનચર્યા જણાવી. સૂફી સંત રુમી હસતાં હસતાં બોલ્યા, જે જાણવા યોગ્ય હતું તે તમે જોઈ આવ્યા છો, પરંતુ તે સારી રીતે સમજી શક્યા નથી. રાત્રે તમે પણ તમારાં મનને માંજો અને સવારે ફરીને તે ધોઈ નાંખો. ધીરે ધીરે મન-અંતઃકરણ નિર્મળ બની જશે. અંતઃકરણના નિર્મળ અરીસામાં પરમાત્મા આપોઆપ જ પ્રતિબિંબિત થાય છે. અંતઃકરણની નિત્ય સફાઈ જ સાધનાનું રહસ્ય છે. જેઓ તેને ભૂલી જાય છે, તેઓ સાધનાપથથી ભટકી જાય છે.




**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

[redacted]

# વેદનું વિજ્ઞાન - પ્રતીકાત્મક જ્ઞાન

વિજ્ઞાનની જેમ વૈદિક વિવેચના પણ પ્રતીકાત્મક છે. એ અર્થમાં વેદ ગૂઢ આંતરિક પ્રતીકોનો ગ્રંથ છે. સંપૂર્ણ વેદની પરિકલ્પના રૂપકો અને પ્રતિકોમાં જ કરવામાં આવી છે. વેદનો યથાર્થ અર્થ ગૂઢ, ગોપનીય અને પ્રતીકાત્મક હોવાને કારણે તે અનેક ઉપમાઓ તથા સાંકેતિક શબ્દો દ્વારા ઢંકાયેલો છે. આ આવરણ સાધારણ મનુષ્યોમાં ભલે અભેદ્ય હોય, પરંતુ વૈદિક જ્ઞાનના સાધકો માટે સૂક્ષ્મ અને તમામ અંગોનું પ્રકાશક વસ્તુમાત્ર છે. ઋષિ કે કવિ જયારે આ પ્રતીકો અને અલંકારોનું આવરણ હટાવે છે ત્યારે પ્રતીકોનું સ્પષ્ટ સ્વરૂપ ઊભરી આવે છે.

સૃષ્ટિ સંરચનાનું વૈદિક પ્રતીક પણ કંઈક એવું જ છે. આ વૈદિક પ્રતીકવાદ ઋષિઓની પ્રજ્ઞામાંથી નીકળ્યો છે. એનો ગૂઢતમ અર્થ છે. સૃષ્ટિ સંરચનાના વેદોના પ્રતીકવાદને દષ્ટિગત કરીને જ વેદમંત્રોમાં રહેલ સૃષ્ટિ-સંરચનાનો બરાબર અર્થ કરી શકાય છે. વૈદિક સૃષ્ટિ સંરચનાના પ્રતીકરૂપે કેટલાંક પ્રતીકોના સ્વરૂપની વ્યાખ્યા આ રીતે મળે છે.

ભૃગુ જવાળાઓમાંથી ઉત્પન્ન થયા હતા. જે ત્રિકાળ શક્તિરૂપ રહે છે, તે ભૃગુ છે. મહાભારત અનુસાર જે જવાળાસહિત ઉત્પન્ન થયા તે ભૃગુ છે. એ સૃષ્ટિ રચનામાં અગ્નિમાંથી ઉત્પન્ન થવા છતાં પણ અજવલનશીલ છે. આ સદૈવ જયોર્તિમય શક્તિત્ત્વનું દ્યોતક છે, આ એક એવું તત્ત્વ છે જે ઉત્પત્તિના સમયે અને એ પછી પણ અગ્નિરૂપમાં જ રહે છે. તે ત્રિકાલ અગ્નિવર્ણ છે. આને ઈશ્વર દ્વારા ત્રિકાલ નિયંત્રિત ભૌતિક તત્ત્વ પણ કહી શકાય છે.

ઋગ્વેદમાં ઊર્જાના ત્રિકાલ સંરક્ષિત ગતિશીલ સાતત્ય પ્રવાહની પરિકલ્પના છે. પ્રલયકાળમાં પણ ઊર્જા એકમાત્ર ઈશ્વરીય નિયંત્રણમાં સુરક્ષિત રહે છે, જેનો પ્રયોગ આગામી સૃષ્ટિકાળના આરંભમાં ઈશ્વર દ્વારા આદિ સંવેગ ઉત્પન્ન કરવા માટે કરવામાં આવે છે. આથી ભૃગુ પ્રલયકાળમાં સંરક્ષિત રાખવામાં આવેલી શક્તિનું પ્રતીક છે. ધ યુનિવર્સ સ્ટોરીમાં બ્રાયન એબીમ અને થોમસ બેરીએ આ ઊર્જાનો સંકેત કર્યો છે. સંભવતઃ આ જ ઋગ્વેદનો ભૃગુ છે.

ઋગ્વેદમાં આની વિસ્તૃત વિવેચના કરવામાં આવી છે. મૂળ ભૌતિક શક્તિના બે ભાગ હોય છે. એક ભાગ ત્રિકાલ ઈશ્વરીય નિયંત્રણમાં રહે છે. આ જ એક ભાગનું વૈદિક નામ ભૃગુ છે. બીજા અનિયંત્રિત ભાગને વૃત્ર કે શમ્બર કહે છે. ક્રિયાત્મક મૂળ તત્ત્વ જયાં સુધી ઈશ્વરીય સૃષ્ટિ વિકાસ યોજના હેઠળ આવતું નથી, ત્યાં સુધી આપોઆપ તે સૃષ્ટિ-નિર્માણની દિશામાં અક્ષમ છે. આ સૃષ્ટિમાં સંલગ્ન દ્રવ્ય અનંતકાળ સુધી પણ સૃષ્ટિ સર્જન કરી શકતું નથી. આ જ સ્થિતિને વેદોએ વૃત્ર પ્રતીકરૂપે દર્શાવી છે. પ્રકૃતિનો આ બીજો ભાગ પ્રલયકાળમાં પોતાના સ્વાભાવિક સ્વતંત્ર રૂપમાં હોય છે. આ ભાગમાં સૃષ્ટિ ઉત્પાદનના સામર્થ્યનું બીજારોપણ કરવા માટે ભૃગુ (નિયંત્રિત) ભાગથી સંવેગ આરોપિત કરવામાં આવે છે. જગતનો ઉદ્ભવ એનું જ પરિણામ છે.

આદિ સૃષ્ટિકાળમાં સુરક્ષિત ઊર્જા (ભૃગુ)થી પ્રકૃતિના બીજા ભાગ પર આરોપણ કરવામાં આવે છે. તે વૈદિક ભાષામાં વજ્રસંચાલન રૂપે વ્યક્ત કરવામાં આવે છે. આ ક્રિયાથી બિગ બૈંગ (મહાઅગ્નિકાંડ) થાય છે. જેમાં મહાશક્તિનો ઉદ્ભવ થાય છે. એની પરિણતિ મહાપ્રસારરૂપે થાય છે. લી સ્મોલીને પોતાના શોધ ગ્રંથ 'ધ લાઈફ ઓફ ધ કોસ્મોસ'માં આને વિશ્વનો પ્રસાર કહી છે. આ રીતે વેદોમાં સુરક્ષિત અગ્નિ તત્ત્વને ભૃગુ કહેવામાં આવ્યું છે.

ભૃગુઓથી અગ્નિ તત્ત્વને માતરિશ્વાએ લીધું. અગ્નિકાંડ (બિગ બૈંગ)થી પ્રજવલિત તરલ ચારે બાજુ પ્રસારિત થયું. વેદમાં આ ઘટનાનું નામ માતરિશ્વા છે. આ વિશ્વનો પ્રસાર છે. જોન ડી બૈરોએ પણ 'ધ આર્ટફુલ યુનિવર્સ'માં આને પ્રસારિત વિશ્વના નામથી સ્પષ્ટ કર્યું છે. બિગ બૈંગથી જે આદિ સંવેગ ઉદ્ભવે છે તેનાથી સમસ્ત પ્રજવલિત દ્રવ્યમંડળ તીવ્ર ગતિથી ચારેબાજુએ ફેલાય છે. પોલ ડેવિસના મતાનુસાર આદિકાળમાં પ્રદત્ત સંવેગથી આજે પણ ગેલેક્સીસ



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

(નિહારિકાઓ) એકબીજાથી દૂર જઈ રહી છે. આને વિશ્વપ્રસારિત થવાનો સિદ્ધાંત કહે છે.

માતારિશ્વા અગ્નિકાંડમાંથી ઉત્પન્ન મહાશક્તિની પ્રજવલિત દ્રવ્યનું તીવ્ર ગતિથી ચારેબાજુ ફેલાવાનું દ્યોતક છે. માતારિશ્વા પ્રવાહની ઉત્પત્તિ આદિકાળમાં થઈ હતી. ઋગ્વેદની ઋચા(૧/૧૪૩/૨)માં આનો સંકેત મળે છે. આદિકાળમાં મહામંડલાકાર પ્રજવલિત દ્રવ્ય ચારેબાજુ ગતિમાન થયું. આ રીતે વિખરાયેલ અને તીવ્ર ગતિથી પ્રસારિત થયેલ દ્રવ્યથી કાળાંતરે નિહારિકાઓ, નક્ષત્રમંડળો અને પ્રકાશિત-અપ્રકાશિત લોકની ઉત્પત્તિ થઈ.

મૂળ ઉત્પાદન કારણ ઈશ્વરીય કામનાના પરિણામ સ્વરૂપે પરિવર્તિત અને વિકસિત થયું. આનાથી સૃષ્ટિ ઉત્પત્તિની સ્થિતિ સર્જાઈ. પછીથી ભૌતિક દ્રવ્ય, પ્રજાઓ અને પ્રકૃતિના વિકારોને ઉત્પન્ન કરવામાં પણ સમર્થ બન્યું. આને જ પ્રજાપતિ કહેવામાં આવ્યા છે. આ જ પ્રજાપતિ વેદોમાં અથર્વા નામથી વિભૂષિત છે. ગોપથ બ્રાહ્મણ અનુસાર જ્યારે પ્રકૃત્તિમાં ઈશ્વરની ઈક્ષણ શક્તિને અનુરૂપ સૃષ્ટિ ઉત્પત્તિ માટે પૃષ્ઠભૂમિ તૈયાર થઈ જાય છે, ત્યારે તે પ્રાકૃતિક સ્વરૂપને અથર્વા કહે છે.

ઋગ્વેદમાં ઉર્વશીને સર્વવ્યાપી પ્રકૃતિ તરફ ઈંગિત કરવામાં આવી છે. ઉર્વશીને અપ્સરા કહેવામાં આવી છે. ઉર્વશી અને અપ્સરા ભૌતિક તત્વોનાં વૈદિક પ્રતીક છે. અપ્ ક્રિયાત્મક મૂળ તત્ત્વ છે અને અપ્સરા રૂપનો પર્યાય છે. ઉર્વશી વિશાળ ક્ષેત્રમાં નિયંત્રણ કરનારી અને વિસ્તૃત ક્ષેત્રને પ્રભાવિત કરનારી છે. આ પ્રકૃતિ ક્રિયાત્મક રૂપ આપઃ કે માયા છે. વૈદિક મંત્રોમાં પુરુરવાને જીવાત્મારૂપે વર્ણવવામાં આવ્યા છે.

મિત્ર-વરુણના વીર્યના સંયુકત રુપથી ઉર્વશીના ગર્ભમાં સ્થાપનાથી વશિષ્ઠની ઉત્પત્તિ બતાવવામાં આવી છે. મિત્ર- વરુણ મૌલિક કણ છે. જે વિપરિત ચાર્જ વહન કરે છે, જો વરુણ ધનાત્મક આવેશ કણોનો સમૂહ છે તો મિત્ર ઋણાત્મક આવેશનો સમૂહ છે. આ બંને મળીને આધુનિક વિજ્ઞાનનો દ્રવ્ય ભાગ બનાવે છે. મિત્ર વરુણના અંશભૂત કણોના સંયોગથી એક ઉદાસીન (ન્યુટ્રોન) કણની ઉત્પત્તિ થાય છે. તે ન્યુક્લીયસનો મુખ્ય ભાગ છે. આ નાભિકીય દ્રવ્યનું નામ વશિષ્ઠ છે. આ રીતે વશિષ્ઠ એ વિજ્ઞાનનો ન્યુટ્રોન કણ છે. આથી વશિષ્ઠ વ્યક્તિ નહીં પ્રકૃતિ દ્રવ્ય છે.

ઋગ્વેદની ઋચામાં વશિષ્ઠ(ન્યુટ્રોન)ની રચનાનો સંકેત છે. ઋષિ શબ્દનો પ્રયોગ પણ ભૌતિક શક્તિ માટે થયો છે. અથર્વવેદમાં 'સપ્તઋષયઃ' પદ ભૌતિક શક્તિઓ માટે પ્રયોજાયું છે. સપ્તવર્ગી પરમાણુઓને અહીં સપ્તઋષિ કહેવામાં આવ્યા છે. ઋગ્વેદ અનુસાર પણ ઋષિ વશિષ્ઠ ભૌતિક સત્તાઓ છે. તે મૂળ ભૌતિક તત્ત્વનું નાભિકનું પરિણામ છે.

દ્રવ્ય બ્રહ્મની અંશભૂત તેજસ્ શક્તિ છે, જે ધીરે ધીરે આપઃ બૃહતી આપઃ અને અપાં નપાત્‌માં રૂપાંતરિત થતી થતી સૂર્ય રૂપમાં ઉદ્‌ભવે છે. આપઃ મૂળ ભૌતિક કણોની ઉદ્‌ભવેલી ક્રિયાશીલ અવસ્થાના સમગ્ર રૂપનું પ્રતીક છે. ક્રિયાત્મક થતાં જ ત્રિવર્ગી શક્તિની પરસ્પર ક્રિયા અને સંયોગના પરિણામ રૂપે યૌગિકોની ઉત્પત્તિ થઈ. પ્રકૃતિના આ વિસ્તૃત રૂપને બૃહતી આપઃ કહેવામાં આવ્યું છે. આ પ્લાઝમા અવસ્થા સમાન છે.

વસુ મૂળ તત્ત્વોમાંથી બનેલા યૌગિકોની સંજ્ઞા છે અને મહાવસુ મૂળ તત્વોનું પ્રતીક છે. ઋગ્વેદમાં ઈન્દ્ર અને વરુણને મહાવસુ કહેવામાં આવ્યા છે. મંત્ર અનુસાર ઈન્દ્ર સમ્રાટ છે અને વરુણ સ્વરાટ છે. ઈશ્વર સર્વનિયંત્રક સર્વોચ્ચ સત્તા છે તથા વરુણ પોતાના સીમિત ક્ષેત્ર ભૌતિક સત્તાત્મક જગતનો રાજા છે. વરુણ મહાવસુ છે. અર્થાત્ મિત્ર, વરુણ, અર્યમન્ ત્રણેય મહાવસુ છે. ઈન્દ્ર સૃષ્ટિના નિમિત્ત કારણ અર્થાત્ રચયિતા ઈશ્વરવાચક છે તથા મિત્ર, વરુણ, અર્યમા સંયુક્તરૂપે દ્રવ્યભૂત કારણનાં વાચક છે. આ રીતે મહાવસુ મૂળ સત્તાત્મક તત્વ છે. જે વસુનું કારણ છે તથા વસુ, મહાવસુઓના યૌગિક છે.

મિત્ર-વરુણના અંશભૂત કણોના સંયોગથી જે પ્રથમ ઉદાસીન કણ બને છે તેનું વૈદિક નામ વશિષ્ઠ છે. આ પ્રથમ યૌગિકની રચનામાં સ્થિરતા લાવવા માટે એક બીજો કણ ભાગ લે છે એ કણને ઋગ્વેદમાં અગસ્ત્ય કહેવામાં આવ્યો છે. અગસ્ત્ય મિત્ર- વરુણનો અંશ નથી. આથી, આ અર્થમાં


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

વરુણનો અંશ નથી. આથી, આ અર્થમાં ઉદાસીન કણોનો સમૂહ છે. આ રીતે અગસ્ત્ય પણ ઉદાસીન કણ છે. પ્રોટ્રોન તથા ઈલેક્ટ્રોન સંયોગ કરીને ન્યુટ્રોન બનાવે છે, પરંતુ આ ન્યુટ્રોન રચનામાં એક ઉદાસીન કણ એન્ટી ઈલેક્ટ્રોન ન્યુટ્રીનો છે. હેંજ આર પેજલ્સે 'ધ કાસ્મીક કોડ'માં આ કણનો આ રીતે ઉલ્લેખ કર્યો છે. ઋગ્વેદના સોમને વિજ્ઞાનની વિકિરણ ઊર્જા કહી શકાય છે. પ્રકૃતિ પોતે પોતાને બે રૂપોમાં વ્યક્ત કરે છે. પ્રકૃતિનો દ્રવ્યભાગ મિત્ર-વરુણમાં રહેલો છે.

અર્યમા પ્રકૃતિનો વિકિરણ ભાગ છે. સૃષ્ટિમાં નિયોજિત હવા ઉપરાંત વિકિરણની સંજ્ઞા સોમ છે. ઋગ્વેદ અનુસાર સોમ કણ (ફર્ટોન) મૂળ તત્વ સાથે પકાવવામાં આવ્યો. એ ઉચ્ચ તાપમાન ઉપર વિકિરણ તીવ્રતા સાથે ક્રિયાશીલ થયો. આદિકાળમાં મેટર તથા વિકિરણનું મંથન થયું. મેટર નિષ્ક્રિય હતા. વિકિરણે (સોમે) તેને સક્રિય બનાવ્યા. આદિકાળમાં સોમે વિભક્ત થઈને કણ-પ્રતિકણ રૂપે વિસ્તાર કર્યો ત્યારે સૂર્ય સમાન પ્રજવલિત સહસ્ત્ર કણોનો સમગ્ર પિંડ ઉત્પન્ન થયો. આને જ બિગ બૈંગ કહે છે. સોમ(વિકિરણ) પર આશ્રિત થઈને નક્ષત્ર કણ આકાશમાં પોતપોતાની કક્ષાઓમાં ભ્રમણ કરે છે. સોમ આકાશમાં લોકોની સંતુલનની આધારભૂત ઊર્જા(વિકિરણ) છે.

ઋભુ ચાર પ્રકારના આકર્ષણનું પ્રતીક છે. ઋગ્વેદ અનુસાર ઋભુઓએ જ્યારે એમ જાણ્યું કે આ અગ્નિ ઈશ્વરીય સંદેશ લાવ્યો છે, ત્યારે તેમણે તેને ગ્રહણ કર્યો. અગ્નિએ ઋભુઓને કહ્યું, એક જ મૂળ તત્ત્વને ચાર પ્રકારે સંયુક્ત કરો. મૂળતત્ત્વને ચાર પ્રકારે સંયુક્ત કરવાથી યૌગિકોની ઉત્પત્તિ થાય છે. જે દેવસંજ્ઞાથી વિભૂષિત છે.

ઋભુ આકાશસ્થ મૂળતત્ત્વમાં કાર્યરત શક્તિ છે. તેનું કાર્ય ક્રિયાહીન તત્ત્વોને ક્રિયાશીલ કરવાનું તથા નિત્ય તત્ત્વો અને કણોમાં વિદ્યમાન શક્તિ પ્રકટ કરવાનું છે. ઋભુએ મૂળ કણોને પરસ્પર સંયુક્ત કરીને આકર્ષણના નિયમાનુસાર યૌગિક બનાવનાર બળ છે. ઋભુ શક્તિથી યૌગિક રચના થાય છે. રાસાયણિક જગતની ઉત્પત્તિ ઋભુ શક્તિને કારણે થઈ છે. તે લોકોને ચારે બાજુથી આચ્છાદિત કરીને ગતિ કરે છે. તે શક્તિ ઘટકોના મધ્ય આકર્ષણનો સંચાર કરીને એ ઘટકોને બાંધેલા રાખે છે. ઋભુ શક્તિ મૌલિક કણોનું મધ્ય આકર્ષણ કરનાર સ્વાભાવિક ગુણ છે. તે બળને ઉત્પન્ન કરનાર પ્રાકૃતિક સ્થિત છે.

મરુત આકાશમાં વ્યાપ્ત શક્તિ છે, જેનું કાર્ય ઋભુઓને મેળવવાનું અર્થાત્ બળનું સંતુલન કરવાનું છે. મરુત શક્તિ વિદ્યુતબળ અને ગુરુત્વાકર્ષણ બળ સાથે સંબંધિત છે. તે ફક્ત વિદ્યુતબળનું પ્રતિનિધિત્વ જ કરતી નથી, પરંતુ ગુરુત્વાકર્ષણ બળનું પણ નિયમન કરે છે. ચાર બળોમાંથી આ બે બળોનું પ્રભાવ ક્ષેત્ર અસીમ અને વ્યાપક છે. મરુત વ્યાપક બળનું કાર્ય કરે છે. તે અનેક પ્રકારનાં બળોનું નિરંતર સંરક્ષણ કરે છે. તેની બળરેખાઓ ચક્રાકાર ગતિ કરે છે. તેનું બળ અખંડ છે. અરુત બૃહત ગુરુત્વાકર્ષણ બળ છે. જે લોકોને પકડી રાખે છે અને સૃષ્ટિરથનું સંચાલન કરે છે.

સૃષ્ટિ સંરચનાનું આ વૈદિક પ્રતીકાત્મક જ્ઞાન વૈદિક સૂક્તોમાં મણિમુક્તાની જેમ વિખરાયેલું છે. ઋગ્વેદનાં કેટલાંક સૂક્તો તો આને ખૂબ વિશિષ્ટ રીતે નિરૂપિત કરે છે. વિજ્ઞાનની સામયિક વિશિષ્ટતાઓને આધુનિક યુગના મહાન વૈજ્ઞાનિકોએ પણ ખૂબ પ્રશંસાપૂર્વક સ્વીકારી છે. તેમનાં શોધ-સંશોધનની પ્રવૃત્તિ અને તેમાંથી મળેલા નિષ્કર્ષોથી એ તત્ત્વ સતત પ્રકાશિત થઈ રહ્યું છે કે, વૈદિક ઋષિ અધ્યાત્મવેત્તા હોવાની સાથેસાથે મહાવૈજ્ઞાનિક પણ હતા. તેમણે પ્રતીકોના માધ્યમથી દુર્લભ સૃષ્ટિ વિદ્યાને પોતાના મંત્રગાનમાં સ્વરિત કરી.

એક દિવસ પથ્થર ફૂલ પર નારાજ થયો. તેણે કહ્યું - જાણતો નથી મારી શક્તિ, તને થોડી વારમાં જ કચડી નાંખીશ.

ફૂલ મુસ્કરાયું અને બોલ્યું - ત્યારે તો આપ મારી સુંગધને દૂર દૂર સુધી ફેલાવવાનો ઉપકાર જ કરશો, મહોદય ! એમાં મારે ઉદાસ કે ઉદ્વિગ્ન થવાનું નથી.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પંચશાલ ગામનાં લોકો આશ્ચર્ય સાથે ઉત્સાહિત હતાં. પહેલાં તો જયારે એમણે ભગવાન તથાગતના આવવાની વાત સાંભળી તો તેમને ભરોસો ન પડયો. ભલા, ભગવાન આ નાનકડા પંચશાલ ગામમાં! શ્રાવસ્તી, મગધ, કોશલ, કોશાંબી આદિ રાજયોના નરેશો જેમને અછોવાનાં કરે છે, જેમનાં એક દર્શન માટે સંપૂર્ણ ભારતભૂમિના શ્રેષ્ઠીઓ પોતાનો ધનભંડાર લુંટાવવા તૈયાર રહે છે, એ જ ભગવાન આ સાધનાવિહીન ગામમાં આવી રહ્યા છે. આ સમાચારે જાણે અચાનક ગામજનોને ભાગ્યશાળી બનાવી દીધાં. ગામમાં મુખી સહિત આબાલવૃદ્ધ, યુવકયુવતી તમામ ભગવાનનાં સ્વાગતની તૈયારીમાં લાગી ગયાં.

જોતજોતામાં ગામનો કાયાકલ્પ થઈ ગયો. આમ્રપલ્લવ, આમ્રમંજરી, કદલીસ્થંભ અને રંગબેરંગી પુષ્પમાળાઓથી સજાવેલી સજાવટે દરેક રીતે પંચશાલ ગામને અનોખું બનાવી દીધું. ગામની સમસ્ત પ્રાકૃતિક સમૃદ્ધિ ભગવાન તથાગતના સ્વાગત માટે ઊમટી હતી. કન્યાઓનાં મંગલગાનથી ગ્રામ માર્ગો ગુંજવા લાગ્યા. તમામ ગામજનો પોતાની હૃદય ભાવનાઓનો અર્ઘ્ય ભગવાનનાં શ્રીચરણોમાં ચઢાવવા ઉત્સુક હતાં. આ ભોળા ગ્રામીણોની ભાવ સંવેદના ભગવાન અનુભવી રહ્યા હતા. તેઓ નિયત સમયે આનંદ, તિષ્ય સ્થવિર, મૌદ્ગલાયન, સેવત, રેવત આદિ ભિક્ષુઓ સાથે ગામમાં પધાર્યા. ગ્રામજનો સ્થળે સ્થળે પ્રભુનું સ્વાગત કરતાં તેમને મંચ પર લઈ ગયાં, જે તેમણે ખાસ કરીને તથાગત માટે બનાવ્યો હતો.

પલ્લવો અને પુષ્પોથી સજ્જિત મંચ પર બિરાજીમાન થઈ તથાગતે ગ્રામીણજનો પર પોતાની કૃપાની અમૃતવર્ષા કરતાં મધુર ઉદ્‌બોધન કર્યું. આ ઉદ્‌બોધનમાં દિશાબોધ હતો. ઉદ્‌બોધન પછી આનંદે ગ્રામજનોને કહ્યું, આપ લોકોમાંથી જેઓ ભગવાનને વ્યકિતગત રીતે મળવા ઈચ્છતા હોય તેઓ એક પછી એક આવી જાય. આ કથન સાંભળીને ઉત્સુક ગ્રામીણજનો કતારબદ્ધ થઈ મંચ તરફ આગળ વધ્યાં. ભગવાન બુદ્ધે એમાંના દરેક જણને કુશળ મંગળ પૂછ્યા. ખેતીવાડી અને પરિજનોના સમાચાર જાણ્યા. જીવનના પ્રકાશપૂર્ણ પથ પર ચાલવાની પ્રેરણા આપી. બુદ્ધના આશીર્વાદ મેળવીને સૌના ચહેરા ફૂલની જેમ ખીલી ઊઠયા.

મિલનના આ દોરમાં સૌથી છેલ્લે એક કન્યા આગળ વધી. તે વણકરની દીકરી હતી. અઢાર વર્ષની ઉંમરમાં જ તેની વિચારશીલતા સૌને ચકિત કરી દેતી હતી. તેની બુદ્ધિમત્તાથી સમવયસ્ક જ નહિ, ગામના વડીલો પણ હેરત પામી જતા. બુદ્ધની પાસે પહોંચીને તેણે ખૂબ અહોભાવ અને ઉલ્લાસથી એમનાં ચરણે માથું મૂકયું. તેને જોઈને તથાગત મલકાયા. એમનો આ મલકાટ ખૂબ રહસ્યમય હતો. એમાં જ્ઞાન અને પ્રેમનું અનોખું સમ્મિશ્રણ હતું. પોતાના અલૌકિક મલકાટ સાથે એમણે તેને પૂછયું, "બેટા, કયાંથી આવે છે?" "ભંતે! જાણતી નથી." તેણે ઉત્તર આપ્યો. બુદ્ધે એક વધુ સવાલ પૂછયો, "બેટા, કયાં જઈશ?" "ભંતે! જાણતી નથી." એણે ફરી પોતાનો જવાબ દોહરાવ્યો. "નથી જાણતી?" બુદ્ધે પૂછ્યું. તે બોલી, "ભંતે જાણું છું." "જાણે છે?"



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

બુદ્ધે પૂછ્યું. તે બોલી, " શું ભગવાન! જરાય જાણતી નથી. "

આવી અટપટી વાતો સાંભળીને ગામના વડીલો તેના પર ખૂબ ગુસ્સે થયા. કેટલાક લોકો કહેવા લાગ્યા, આ ચારુલતા આમ તો ખૂબ વિચારપૂર્ણ અને બૌદ્ધિક વાતો કરે છે. પણ આજ કેમ આવી ઊલટીસીધી વાતો કરવા લાગી છે? ભલા, આ તે કાંઈ રીત છે ભગવાન સાથે વાત કરવાની? આ કોઈ શિષ્ટાચાર છે? વડીલોએ તેને ધમકાવતાં કહ્યું, " ચારુ, આ તું કેવી વાતો કરી રહી છે? તું ભાનમાં તો છે ને? ખબર છે તને, તું કોની સાથે વાત કરી રહી છે? "

ધમકાવનાર આ વડીલોને ટોકતાં ભગવાને કહ્યું, " એને ધમકાવતાં પહેલાં આપ સૌ તેની વાત સાંભળો, એ જે કહી રહી છે તે સાંભળો." પછી તે કન્યા સામે જોતાં તેઓ બોલ્યા, " બેટા ચારુ, તું એમને સમજાવ કે તેં શું કહ્યું? "

કન્યાએ કહ્યું, " વણકરના ઘરેથી આવી રહી છું. ભગવાન એ તો આપ જાણો જ છો. આ સત્યથી અમારા ગામના લોકો પણ જાણકાર છે, પરંતુ મારો જીવાત્મા કયાંથી આવી રહ્યો છે? મારું આ જીવન કયાં કર્મોના પરિણામ રૂપે મને મળ્યું છે? એ હું પણ જાણતી નથી. હું અહીંથી ફરી વણકરના ઘરે જઈશ એ હું પણ જાણું છું અને આપ પણ જાણો છો. ગામના લોકો પણ એ સારી રીતે જાણે છે, પરંતુ આ જીવનના અંતે જયારે મૃત્યુ થશે ત્યારે હું કયાં જઈશ તેની મને કાંઈ ખબર નથી. એટલા માટે મેં હમણાં આપને કહ્યું, જાણતી નથી."

" શરૂઆતમાં જયારે આપે મને પૂછયું કે કયાંથી આવી રહી છે. વણકરના ઘરેથી? તો મેં કહ્યું, જાણું છું. જયારે આપે પૂછયું, કયાં જઈ રહી છે? મેં વિચાર્યું કે પૂછે છે કે ફરી કયાં જઈશ, વણકરના ઘરે? તો મેં કહ્યું જાણું છું, પરંતુ મેં આપને મલકાતાં જોયા, આપની આંખોમાં જોયું તો મેં વિચાર્યું - નહિ - નહિ, ભગવાન સમ્યક્ સંબુદ્ધ આવા સાધારણ પ્રશ્ન શું કામ પૂછે? તેઓ જરૂર મને પૂછવા માગે છે કે તું કયાં એટલે કે કયા લોકથી આવી રહી છે? તારો જીવનસ્રોત કયો છે? તો મેં કહ્યું, ભગવાન હું જાણતી નથી. પછી જયારે મેં વિચાર્યું કે આપ પૂછો છો કે કયાં જઈશ. તો એનું તાત્પર્ય એ છે કે મર્યા પછી કયાં જઈશ. તો મેં જવાબ આપ્યો, જાણતી નથી."

હળવા હાસ્ય સાથે બુદ્ધે કહ્યું. " તેં બરાબર વિચાર્યું, બેટા! તું ખરેખર વિચારશીલ અને બુદ્ધિમતી છે. આ સાથે એમણે તમામ ગામવાસીઓને સંભળાવતાં આ ગાથા કહી-

અંધં ભૂતો અયં લોકો તનુકેત્થ વિપસ્સતિ ।
સકુંતો જાલભુત્તો વ અપ્પો સગ્ગાય ગચ્છતિ ॥

" આ સમગ્ર લોક અંધ બન્યો છે. અહીં જોનાર કોઈક વિરલો છે. જાળથી મુકત થયેલ પક્ષીની જેમ વિરલા જ સ્વર્ગ મેળવે છે."

આ ગાથાને વધુ સ્પષ્ટ કરતાં તથાગતે કહ્યું, " બેટા, તારી પાસે આંખ છે, ધ્યાનની આંખ, વિવેકની આંખ. આ કારણે તું જોવામાં, સમજવામાં સમર્થ છે. આ લોકો પાસે આંખ નથી. આ કારણે તેઓ તારી વાત સમજી શકયા નહિ. આંખવાળી વ્યકિત કહે છે કેટલું સુંદર મેઘધનુષ્ય! પણ જેની પાસે આંખો નથી તેઓ તેને મૂર્ખ સમજે છે. આ બધાંની વચ્ચે તું એક જ જોવા માટે સક્ષમ છે. તારાં કર્મોની જાળમાંથી મુકત થઈને તું અવશ્ય તારા ગંતવ્યસ્થાને પહોંચીશ." ભગવાનની આ વાતો સાંભળીને અન્ય ગ્રામજનો પણ ધ્યાન માટે ઉત્સુક અને ઉત્સાહિત બન્યા, જેથી તેઓ પણ તથાગતના કૃપાપ્રસાદથી નેત્રવાન બની શકે.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# પ્રેમસાધના અને તેનું પરિણામ

પ્રેમ આત્માની અભિવ્યક્તિ છે. તેને રત્નાકર સિંધુ જેવો સમજી શકાય. જેવી રીતે ગંગા, યમુના, કાવેરી, તાપી, ગોદાવરી, આ નદીઓ સ્થળ ખંડોમાં જયાં સુધી અહીં તહીં ભટકે છે, ત્યાં સુધી તેમને નદી સિવાય બીજું કાંઈ કહેવાય નહીં, પરંતુ જયારે આ નદીપ્રવાહ સિંધુમાં સમાઈ જાય છે ત્યારે તેની સમગ્ર શકિત-સામર્થ્ય પણ કેન્દ્રીભૂત થઈ જાય છે. હવે તેનું અસ્તિત્વ રત્નાકર જેવું વિશાળ જ નહીં, રત્નોનો ભંડાર પણ થઈ જાય છે. મનુષ્યના ગુણો પણ આ નદીઓ જેવા છે અને આ સદ્ગુણોના ભંડારનું રૂપ છે પ્રેમ.

એમાં તમામ ગુણ આપોઆપ જ સમાયેલ રહે છે અથવા એમ કહો કે તેમાં તમામ ગુણો વિલીન થઈ નિર્ગુણત્વ પ્રાપ્ત કરે છે. આ સ્થિતિને સ્પષ્ટ કરતાં નારદ ભકિતસૂત્રમાં સઃહિ અનિર્વચનીય પ્રેમ રૂપઃ પરમેશ્વરને પ્રેમરૂપ કહ્યા છે. તે જ પરમતત્ત્વ છે. એની પ્રતીતિ થવામાં જ જ્ઞાનની સાર્થકતા છે. આ આશયને સંત કબીર સાહેબ પોતાની વાણીમાં કહે છે. ઢાઈ આખર પ્રેમ કા પઢે સો પંડિત હોય, અર્થાત્ અઢી અક્ષરોમાં નિહિત પ્રેમના દુર્જેય તત્ત્વનો બોધ પ્રાપ્ત કરી લેવામાં જ પાંડિત્યની સાર્થકતા છે.

એમાં એવું કયું તત્ત્વ સમાયેલું છે, જે જાણવાથી બધું જ જાણી લેવાય છે ? સામાન્ય ભાષામાં તો સૌ એમ કહે છે કે અમુકને પત્ની પ્રત્યે પ્રેમ છે, બાળકો પ્રત્યે પ્રેમ છે, મા પ્રત્યે પ્રેમ છે વગેરે વગેરે. આ બધામાં કોઈ બીજો પ્રેમ છે ?

આના પર ચિંતન કરવાથી જ્ઞાન થાય છે કે પત્ની, બાળકો કે અન્ય કોઈ સંકુચિત ક્ષેત્રમાં વિકસનાર પ્રેમ, પ્રેમ નહીં પરંતુ મોહ હોય છે. આ મોહ અને પ્રેમ વચ્ચે વિરાધાભાસ જેવી સ્થિતિ છે. જો પ્રેમને કાયા કહેવામાં આવે તો મોહને છાયા કહેવાનું યોગ્ય રહેશે. બન્ને વચ્ચે અંતર પણ કાયા અને છાયા જેવું જ છે. એક સજીવ હોય છે, બીજું નિષ્પ્રાણ. છાયાને જોઈને સજીવતાનો ભ્રમ તો થાય છે, પણ તેનાથી કાયાનું પ્રયોજન પૂરું થઈ શકતું નથી.

પ્રેમ અને મોહમાં એક બીજું અંતર પણ છે. પ્રેમ ચેતન સાથે થાય છે, મોહ જડ સાથે. પત્ની વગેરેને કરાતો તથા કથિત પ્રેમ તેના રૂપ લાવણ્યમય જડ શરીર સાથે હોય છે, નહીં કે આત્મા સાથે. આથી એ મોહ જ છે. એનાં મૂળ માત્ર હાડમાંસવાળાં શરીરધારીઓ સુધી જ સીમિત રહેતાં નથી, પરંતુ લાકડું - પથ્થર - ચૂનાનાં બનેલાં મકાનો, વિભિન્ન પ્રકારનાં રાચરચીલા સુધી વધે છે, પરંતુ તેના વિસ્તારનું ક્ષેત્ર જડ જ રહે છે. પ્રેમ તત્ત્વના જાણકાર મહર્ષિ યાજ્ઞવલ્કયએ બૃહદારણ્યક ઉપનિષદમાં સ્પષ્ટ કર્યું છે કે પત્ની - પત્ની હોવાને કારણે નહીં પરંતુ આત્માને કારણે પ્રિય છે. સંતાન - સંતાનને કારણે નહીં આત્માને કારણે પ્રિય છે. આ સ્થિતિ ગીતાના શબ્દોમાં યો મયિ પશ્યતિ સર્વત્ર સર્વં ચ મયિ પશ્યતિ ને કારણે છે. સર્વત્ર વ્યાપ્ત ચૈતન્ય તત્ત્વને કારણે તે આત્મવત્ સર્વભૂતેષુની સ્થિતિમાં હોય છે. મોહ જયાં વિભેદ ઉત્પન્ન કરે છે ત્યાં પ્રેમ અભેદની સ્થિતિ સર્જે છે. શકય છે કે પ્રેમનો પ્રારંભ કોઈ એક વ્યકિતથી થાય, પરંતુ ત્યાં સુધી સીમિત રહી શકતો નથી. જો તે સીમિત રહી જાય છે, કંઈક મેળવવાની કામના રાખે છે, તો સમજી લેવું કે એ મોહ છે. આમાં તો મેળવવાનો નહીં આપવાનો ઉમંગ રહે છે. પ્રેમીની પ્રસન્નતા અને હિતકામના સમાયેલી રહે છે. મોહમાં સ્વાર્થાંધતા, સંકુચિતતા ફૂલે ફાલે છે, એમાં આદાન - પ્રદાન નહીં, ઉપયોગની અપેક્ષા રહે છે. પ્રેમ વસ્તુઓ સાથે જોડાઈને સદુપયોગની, વ્યકિતઓ સાથે જોડાઈને તેના કલ્યાણની અને વિશ્વ સાથે જોડાઈને પરમાર્થની વાત વિચારે છે. મોહમાં વ્યકિત, પદાર્થ, સંસારના કોઈ ને કોઈ પ્રકારના સ્વાર્થ સિદ્ધિની અભિલાષા રહે છે. જેના પ્રત્યે મોહ રહે છે તેને પોતાની ઈચ્છાનુસાર ચલાવવાની લાલચ રહે છે. એમાં સહેજ પણ અવરોધ ઉત્પન્ન થતાં ગુસ્સો, અસંતોષ, ઉદ્વેગ જાગે છે. પ્રેમમાં આવી કોઈ વાત નથી.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

તેનું અંકુરણ નિકટના પરિઘમાંથી થાય છે અને વિકસિત, પલ્લવિત, પુષ્પિત થતાં થતાં તેની શાખા - પ્રશાખાઓ સમસ્ત સમાજ - વિશ્વમાં ફેલાઈ જાય છે. પરિવાર તો પ્રેમ સાધનાની પાઠશાળા છે. આ પરિવાર-કુંટુબ અને પાડોશી પણ હોઈ શકે. એમાં એમની પ્રસન્નતા અને વિકાસની વાત વિચારવામાં આવે છે, એમાં સહન કરેલા કષ્ટમાં સંતોષની અનુભૂતિ થાય છે. આ પ્રારંભિક પ્રશિક્ષણ છે, પરંતુ જ્યારે પોતાનાં સગાંસંબંધીઓની પ્રસન્નતા- સમૃદ્ધિ માટે ઉચિત- અનુચિતનું ધ્યાન રહેતું નથી, આદર્શોનું બલિદાન આપવામાં આવે છે, તો તે પ્રેમ રહેતો નથી, મોહ બની જાય છે. જેને ગોસ્વામીજીએ મોહ સકલ વ્યાધિન્હ કર મૂલા કહ્યું છે. ખરેખર તે પોતાને માટે અને પોતાની સાથે જોડાયેલ વ્યકિત બન્ને માટે હાનિકારક છે.

પ્રેમ તો ગંગાજળ જેવો પવિત્ર અને નિશ્છલ છે. તે જ્યાં હશે ત્યાં પવિત્રતા જ ઉત્પન્ન કરશે. એમાં આદર્શોની અખંડતા જોડાયેલી રહે છે. વિવેકશીલતા, સહૃદયતા, પવિત્રતા, સદાશયતા જેવા ગુણો સમાયેલા રહે છે. પ્રેમી જેને પણ પ્રેમ કરે છે તેનામાં તે ગુણોની વૃદ્ધિ માટે સતત પ્રયત્નશીલ રહે છે.

ભાવસંવેદનાઓ નિત્ય - નિરંતર ઉચ્ચસ્તરીય આદર્શો પ્રત્યે સમર્પિત રહે તે પ્રેમ છે અને સીમાની સંકીર્ણ દીવાલો બાંધી શકતી નથી. એ તો સૂર્ય જેવો છે જે ઉદયકાળ વખતે તો માત્ર પૂર્વને જ પ્રકાશિત કરે છે, પરંતુ મધ્યાહ્ન સમયે તેના પ્રકાશથી સમસ્ત દિશાઓ પ્રકાશિત થઈ જાય છે. આની પણ આ જ વિશેષતા છે. તેનો આરંભ ભલે નિકટના પરિઘમાંથી હોય, પરંતુ નિત્ય - નિરંતર અભિવૃદ્ધિ કરતો કરતો સમાજ, રાષ્ટ્ર અને વિશ્વમાં ફેલાતો જાય છે. જેના અંતરમાં પ્રેમનાં અંકુર ફૂટયાં છે તે વ્યકિત દેશ, ધર્મ, સંસ્કૃતિ અને માનવજાતિની સેવા સાધનામાં મગ્ન બની જાય છે.

જીવનના ઉત્કૃષ્ટતમ રૂપની અભિવ્યકિત આના જ માધ્યમથી થાય છે. જો એને હટાવી દઈએ તો માનવજીવનની કોઈ જ વિશેષતા રહેતી નથી. સંત કબીરના શબ્દોમાં જા ઘટ પ્રેમ ન સંચરૈ, સા ઘટ જાન મસાન. ખરેખર તેનું હૃદય સ્મશાન જેવું જ હોય છે, જેમાં વિભિન્ન દુર્ગુણ, ચિંતા, સંતાપ, અસંતોષ ખદબદ્યા કરે છે. આવું જીવન ધરતી માટે ભારરૂપ જ હોય છે.

પ્રેમની જ્યોતિ, સામાન્ય દીપકની જ્યોતિ નથી, જેમાં તાપ હોય, આ તો દિવ્ય ચિંતામણીની શીતળ અને સ્નિગ્ધ જ્યોતિ છે, જેમાં શરીર, મન, બુદ્ધિ, અંતઃકરણ પ્રકાશિત થાય છે. સમસ્ત સંતાપ શાંત થાય છે. આવી વ્યકિતના સાંનિધ્યમાં જે કોઈ આવે છે, તેને પણ નિર્મળતા, શીતળતાનો અનુભવ થાય છે.

તેની પરિપૂર્ણતા પરમેશ્વરમાં છે. અહીં જ એના યથાર્થ તત્ત્વદર્શનનો બોધ થાય છે. આ સ્થિતિમાં તો પ્રેમનો સરિતપ્રવાહ નહિ, પણ મહાસાગર લહેરાય છે. ચૈતન્ય મહાપ્રભુ આવી જ સ્થિતિ પામ્યા હતા. એમનો પ્રેમ આ કોટિનો હતો. તેથી જ જધાઈ મધાઈ જેવા ક્રૂર ડાકુઓ સંત બની ગયા. ભગવાન તથાગતના હૃદયમાંથી છલકાતા પ્રેમપ્રવાહે અંગુલિમાલ જેવા રાક્ષસને પણ ભિક્ષુ બનાવી દીધો. આ સ્થિતિ પામતાં જ સર્વત્ર સત્યમ્ શિવમ્ સુંદરમ્નાં જ દર્શન થાય છે. તેની સમસ્ત શકિતઓ વિરાટ બ્રહ્મના સ્થૂળ રૂપ - વિશ્વ બ્રહ્માંડની સેવામાં નિયોજિત થાય છે.

પરમ સત્તા પ્રત્યે આ પ્રકારની ઘનિષ્ઠતાથી આપોઆપ જ તે ક્ષુદ્રમાંથી મહાન, લઘુમાંથી વિભુ, પુરુષમાંથી પુરુષોત્તમ બની જાય છે. પ્રેમની આ દિવ્યતા જીવનમાં અવતરિત થતાં ઉદાત્ત ભાવનાઓ ઊભરાવા લાગે છે. આ સ્થિતિમાં અંતરમાંથી સત્ - ચિત્ - આનંદની ત્રિવેણી વહે છે, જેમાં ડૂબકી મારવાથી સર્વત્ર આત્મસત્તાની દિવ્ય અનુભૂતિ પ્રાપ્ત થાય છે.

" સર્વં ખલ્વિદં બ્રહ્મ " " વાસુદેવઃ સર્વમિતિ " - વેદાંતમાં વર્ણવેલ અદ્વૈત સ્થિતિ આ જ છે. જેમાં ગીતામાં દર્શાવવામાં આવેલ સ્થિતિ અનુસાર " સર્વભૂતસ્થ મહાત્માનમ્ ,સર્વભૂતાનિચાત્મનિ " જ દેખાય છે. આ ચરમ સ્થિતિને પામવી એ જ મનુષ્યજીવનનું ચરમ ધ્યેય છે. અહીં સુધી પહોંચવા માટે મનુષ્યએ મોહરૂપી છાયાને છોડવી પડશે તથા પ્રેમની જીવંત કાયાને પકડવી પડશે. આત્મીયતાના વિસ્તાર માટે સતત પ્રયત્નશીલ રહેવાથી યોગીજન જેવી દુર્લભ સ્થિતિ સહજતાથી પ્રાપ્ત થઈ શકશે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પારલૌકિક વિજ્ઞાન

# સૌ સ્વીકારે છે પુનર્જન્મના સત્યને

મૃત્યુ પછી પ્રાપ્ત જીવન પુનર્જન્મ કહેવાય છે, એ મૂળમાં તો પૂર્વની માન્યતા છે, જે વિશુદ્ધ રૂપે કર્મ પર આધારિત છે. વિશ્વના તમામ દેશો અને ધર્મોમાં પુનર્જન્મની માન્યતાને કોઈ ને કોઈ રીતે સ્વીકારવામાં આવી છે. તેનું સંપૂર્ણ અને યોગ્ય વિવેચન ઉપનિષદોમાં મળે છે. પાશ્ચાત્ય વિદ્વાનો, દાર્શનિકો, મનીષીઓનો એક બહુ મોટો વર્ગ પણ આ માન્યતા પર આસ્થા પ્રકટ કરે છે. જો કે તેમના મત અને સ્વરૂપ ભિન્ન ભિન્ન હોય છે. પ્રાચીનકાળથી માંડીને આધુનિક યુગ સુધી પુનર્જન્મની પ્રાચીન પરંપરા વિદ્યમાન છે.

પુનર્જન્મની યાદ અધિકતર બાળકોમાં જોવા મળે છે. પરામનોવૈજ્ઞાનિક સ્ટીવેન્સનના મતાનુસાર એક હજાર બાળકોમાંથી એક બાળક પોતાની પાછલી જિંદગી વિશે સ્મૃતિ ધરાવે છે. ભારતમાં આ આંકડો ચારસો પચાસે એકનો છે. હૈંસ ટેન ડેમે પોતાના પ્રસિદ્ધ પુસ્તક 'એક્સપ્લોરિંગ રિઈનકાર્નેશન'માં પુનર્જન્મનું વિસ્તૃત વિવરણ આપ્યું છે. હૈંસે પુનર્જન્મ પર વિશ્વાસ રાખનારાં છ ક્ષેત્રોનું નિર્ધારણ કર્યું છે. પ્રથમ ક્ષેત્રમાં દક્ષિણ આફ્રિકા, નાઈજિરીયા, સેનેગલ, ઘાના તથા તેની આસપાસના દેશો આવે છે. આ જ ક્ષેત્રમાં દક્ષિણ પૂર્વીય તુર્કી, લેબેનોન અને ઉત્તર ઈઝરાયલનો ભાગ આવે છે. વિભાજનની ત્રીજી રેખા ભારત સહિત દક્ષિણ-પૂર્વ એશિયાને દર્શાવે છે, જેમાં શ્રીલંકા, બર્મા, થાઈલેન્ડ, નેપાળ, તિબેટ અને વિયેટનામ જેવા દેશો આવે છે.ચોથું ક્ષેત્ર જાપાન છે. પાંચમા ક્ષેત્રમાં દક્ષિણ પૂર્વ અલાસ્કા આવે છે. હૈંસે અંતિમ ક્ષેત્ર રૂપે પશ્ચિમી જગતનાં યુરોપ અને અમેરિકાને માન્યું છે. આ સમસ્ત ક્ષેત્રોમાં પુનર્જન્મની માન્યતા પ્રચલિત છે.

મનીષી માગ્રેટ મીડે અનેક સાંસ્કૃતિક માન્યતાઓ અને પરંપરાઓનું અધ્યયન અને સંશોધન કર્યું છે. એસ્કિમો પણ પુનર્જન્મ પર વિશ્વાસ ધરાવે છે. તેઓ બાળકોને દૈવી વરદાન માનીને એમણે કહેલી વાતો પર આસ્થા રાખે છે. અલાસ્કાના લિંગીર એસ્કિમોના મતાનુસાર દિવંગત આત્મા પોતાનાં માતાપિતાની પસંદગી પોતે કરે છે. તેઓ તેને ભાગ્ય માનતા નથી. તેમની દૃષ્ટિએ આ એક વિશિષ્ટ પસંદગી પ્રક્રિયા છે. આફ્રિકામાં પણ આ માન્યતા પર આસ્થા રાખવામાં આવે છે. અહીં ૯૦૦ કાળા આદિવાસીઓની જાતિઓમાંથી ૪૭ આત્માની નિમ્નયોનિમાં યાત્રાને સાચી માને છે. ૩૬ જાતિઓ પુનર્જન્મ પર ગાઢ આસ્થા ધરાવે છે. ૧૨ જાતિઓ ઉપરનાં બન્નેને સ્વીકારે છે. આફ્રિકામાં આ સિદ્ધાંત પ્રાચીન પરંપરા હેઠળ આવે છે, જ્યારે મેટેમ સાઈકોસિસ (પશુ યોનિ) આધુનિક માન્યતા છે. જુલુ ઈઝિસ્ટના નિયમાનુસાર તેને પૂર્ણતાની પ્રાપ્તિનો સંકેત કહે છે. પશ્ચિમ આફ્રિકામાં એને શુભ માનવામાં આવે છે. અહીંના રિવાજથી જાણવા મળે છે કે દિવંગત આત્મા સંસારચક્રથી મુકત થવા ઈચ્છતો નથી. જીવ પોતાના જ પરિવારમાં જન્મ લેવાની ઈચ્છા પ્રકટ કરે છે. તેઓ તેને આત્માની અનંત અને સુખદ યાત્રા માને છે.

એશિયાના બૌદ્ધ અને હિંદુઓમાં પુનર્જન્મની એક દઢ માન્યતા છે. બર્માના લોકોની માન્યતા છે કે વર્તમાન જીવન માણસની પુનર્જન્મની દઢ ઈચ્છાશકિતનું પરિણામ હોય છે. બૈલીનીજ જીવ વારંવાર એ જ પરિવારમાં જન્મ લેવા પ્રત્યે વિશ્વાસ ધરાવે છે. યુરોપના સંત મૃત્યુ પછી વ્હાઈટ હેવન પ્રાપ્ત કરવાની વાત કરે છે. મૃત્યુ પછી જીવ વિશ્રામ કરે છે. ખોટું કર્મ તેને નિમ્ન યોનિમાં ધકેલે છે, જ્યારે આત્માની પવિત્રતા ઈશ્વર પ્રાપ્તિનો પથ પ્રશસ્ત કરે છે. આ માન્યતા એટલાન્ટિકની દેન છે, જે આયર્લેન્ડ થઈને યુરોપ પહોંચી, ટ્યૂટોંસ અનુસાર વ્યકિતનો જન્મ એ જ પરિવારમાં એ જ નામથી થાય છે. ડેન્સ, નાર્સ, આઈસલૈંડર્સ, પૂર્વ ગોથ લોમ્બાઈડિયન, લેટ્સ અને સૈકસન જાતિઓ પણ પુનર્જન્મના સિદ્ધાંતને સ્વીકારે છે. ફીંસ અને લૈપલેંન્ડર્સની સંસ્કૃતિમાં પણ પુનર્જન્મની માન્યતા પ્રચલિત છે.

અમેરિકાના દક્ષિણ પૂર્વ અલાસ્કા અને ઉત્તર પશ્ચિમ કેનેડાના ટિંગીટ્સ લોકોમાં આ વિચાર ઊંડાણપૂર્વક જોડાયેલો છે. તેમના અનુસાર દિવંગત આત્મા પોતાના ભાવિ જીવન માટે પરિચિત વર્તુળમાં માતાની પસંદગી કરે છે. કોઈ દૈવી દુર્ઘટનાથી મૃત વ્યકિત પોતાના પરિવારથી દૂર જઈને જન્મ લે છે. ઈંડિયન અને એસ્કિમો આદિવાસીઓમાં પણ આ વિશ્વાસ જોવા મળે છે. એસ્કિમોનું માનવું છે કે પાંચ યોનિઓમાંથી પસાર થયા પછી જ દુર્લભ માનવશરીર મળે છે. કેનેડાના સાન લોકો પુનર્જન્મની માન્યતા સ્વીકારે છે. ઉત્તર અમેરિકાનો સંપૂર્ણ પ્રદેશ આ આસ્થા સાથે જોડાયેલો છે. તેમના મતાનુસાર પવિત્ર હૃદયની વ્યકિત પોતાના પાછલા જન્મને યાદ કરી શકે છે. પ્યૂબલોસોનું કહેવું છે કે



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

બાળક મર્યા પછી એ જ પરિવારમાં જન્મે છે, એટલા માટે તેના મૃત શરીરને ઘરની આસપાસ જ દફનાવવામાં આવે છે, જેથી જીવને વધુ ભટકવું ન પડે. કેટલાય ઇંડિયન આદિવાસી પોતાના પિતૃઓને આસપાસ ફરતા જુએ છે.

મેક્સિકો અને ઉત્તર અમેરિકાના માયાસ, કેરીબસ, પેરુવિયન વગેરે ઈંડિયન આદિવાસીઓમાં પણ પુનર્જન્મની માન્યતા પ્રચલિત છે. મેક્સિકોના મૂળ નિવાસી માનવથી જુદી અને નિમ્ન યોનિ પર વિશ્વાસ ધરાવે છે. સારી વ્યક્તિ સુંદર પક્ષીઓ અને ઉચ્ચતર પશુ બનીને તથા ખરાબ વ્યક્તિ નિમ્નતમ પશુ બનીને જન્મે છે. ઇન્કાસ લોકોના મતાનુસાર જે મૃત શરીરને પૂર્ણતઃ મમી રૂપમાં પરિવર્તિત કરવામાં આવે છે, તે પછીથી તે જ શરીરમાં પાછી આવીને જીવિત થઈ ઊઠે છે. આ કારણે મમી પ્રથા શરૂ થઈ. બ્રાઝિલના ચિરીબેક્સ તથા યોટાગોનિયાસ પણ કંઈક એવી જ આસ્થા ધરાવે છે.

ઓસ્ટ્રેલિયા અને ઓસિએનિયાના મોટા ભાગે તમામ મૂળ નિવાસીઓ પુનર્જન્મ પર વિશ્વાસ રાખે છે. મુખ્યત્વે મધ્ય અને ઉત્તર ક્ષેત્રના આદિવાસીઓ આ વિશ્વાસના પ્રબળ પક્ષધર છે. યુરોપીય લોકો સાથેના સંઘર્ષ પછી તેમની માન્યતામાં એક વિચિત્ર પરિવર્તન જોવા મળ્યું. તેમના અનુસાર મર્યા પછી જીવ શ્વેત શરીર ધારણ કરે છે. ઉત્તર પેસેફિક સમુદ્ર તટના નિવાસી ઓકિનાવાનું માનવું છે કે જીવ મૃત્યુના ૪૯ દિવસ પછી જ શરીર છોડે છે. સાત પેઢી એટલે કે લગભગ ૨૦૦ વર્ષ સુધી જીવ પોતાનાં વિભિન્ન રૂપોમાં મનુષ્યશરીરમાં જન્મે છે. તે લોકો માનવથી નિમ્નતમ યોનિમાં જન્મ લેવાથી વિરુદ્ધ છે. બોર્નિયો, સેલેબ્રીસ, પાપુઆન્સ, મોરિસ, તસ્માનિયન, તાહિતી, ફિજી, સોલોમન દ્વીપ અને ન્યૂ કેલેડોનિયાના દક્ષિણ ભાગના લોકોમાં પુનર્જન્મ પ્રત્યે આસ્થા જોવા મળે છે.

ઘણુંખરું તમામ ધર્મોમાં પુનર્જન્મની ઘટના પર આસ્થા વિશ્વાસ પ્રચલિત છે. હૈંસ અનુસાર પુનર્જન્મ હિંદુ ધર્મ અને દર્શનનો મુખ્ય આધાર અને વિશેષણ છે. એ વિશુદ્ધરૂપે કર્મ પર આધારિત હોય છે. ૮૪ કરોડ યોનિ પછી પ્રાપ્ત મનુષ્યજીવન સર્વશ્રેષ્ઠ માનવામાં આવે છે. આને કર્મયોનિ કહે છે. કારણ કે આ જીવનમાં માણસ પોતાનાં સમસ્ત કર્મોનો ક્ષય કરીને જીવન્મુક્ત કે ઈશ્વર કોટિનો જીવ બની શકે છે. પ્રત્યેક આત્માને એ અધિકાર મળેલો છે. સારું અને ખરાબ કાર્ય જીવને સ્વર્ગ અને નરક તરફ ધકેલે છે. ગીતા અનુસાર બન્ને પ્રકારનાં કર્મોથી પર નિષ્કામ કર્મ પ્રભુપ્રાપ્તિનો માર્ગ પ્રશસ્ત કરે છે. અહીં ભાવિ જીવનનું નિર્ધારણ, વર્તમાન જીવનનાં કર્મ અને અંતિમ ઉત્કટ ઇચ્છા દ્વારા થાય છે. બૌદ્ધો કેવળ અંતિમ ઇચ્છાને જ મહત્ત્વપૂર્ણ માને છે.

બૌદ્ધો પુનર્જન્મમાં ગાઢ આસ્થા રાખે છે. મોક્ષની જેમ આમાં પણ નિર્વાણ હોય છે, જે જીવને સંસારચક્રથી મુક્ત કરે છે. ખોટાં કાર્યનું પરિણામ પશુયોનિ છે. તિબેટના બૌદ્ધ લામાને અવતાર માને છે. મનુષ્ય કોઈ કાર્યની વચ્ચે જ મરી જાય છે, તો તેને પૂરું કરવા માટે તે ફરી જન્મે છે. મહાયાનમાં નિર્વાણ પ્રાપ્ત પુરુષને બોધિસત્ત્વ કહેવામાં આવે છે. એ જન્મ-મરણથી પર હોય છે. ચીનના બૌદ્ધો અનુસાર ઇચ્છાઓ અને આકાંક્ષાઓથી કરવામાં આવેલું કર્મ પુનર્જન્મનું કારણ હોય છે. જૈન ધર્મમાં પણ મોક્ષની પરિકલ્પના કરવામાં આવી છે. તેઓ કર્મ કરતાં વધારે નૈતિકતા પર ભાર મૂકે છે. દિવંગત આત્મા નવ મહિના પછી શિશુ રૂપે જન્મ ધારણ કરે છે. જો આ સમય નવ મહિનાથી વધારે હોય, તો તે પોતાના પાછલા જન્મનું સ્મરણ રાખી શકે છે.

કેટલીક વિશિષ્ટ સંસ્કૃતિ જેમ કે ઈજિપ્ત અને બેબીલોનાં ઐતિહાસિક પ્રમાણોથી પણ પુનર્જન્મનો બોધ થાય છે. હેરોડેટ્સ અનુસાર અહીં આત્માને અમર માનવામાં આવે છે. માનવશરીર પાપોનું પ્રાયશ્ચિત્ત કરવા માટે હોય છે, તે પછી જ તે દેવત્વ પ્રાપ્ત કરે છે. માનવ શરીરમાંથી નીકળ્યા પછી જીવ તમામ પ્રકારની વનસ્પતિ અને જીવયોનિઓમાંથી પસાર થાય છે. આ દરમિયાન ૩૦૦૦ વર્ષ પછી ફરી તે મનુષ્ય અને દેવતા બની શકે છે. મનુષ્યને નિમ્ન જીવોમાં જતો રોકવા માટે જ મમી પ્રથાનો રિવાજ આવ્યો.

પ્લેટોએ પુનર્જન્મને નવી અભિવ્યક્તિ આપી છે. તેમણે તેને મેનો, ફેડ્સ તથા રિપબ્લિક રૂપે રેખાંકિત કરી છે. જેમને પોતાનાં પાછલા જીવનની સ્મૃતિ હોતી નથી તેઓ મેનો હેઠળ આવે છે. ફેડ્સમાં સ્મરણ હોય પણ ખરું અને ન પણ હોય. ' ધ રિપબ્લિક ' માં મનુષ્યને પોતાનાં જન્મ-મરણનું જ્ઞાન થાય છે. જીવ પોતાના અનંત આયામોનો બોધ કરે છે તથા આવશ્યકતા અનુસાર જીવન ધારણ કરે છે.

ખ્રિસ્તીઓમાં પૂર્વ પુનર્જન્મ પ્રતિ ઓછી આસ્થા જોવા મળે છે. સીસરો જીવનને પાપનું પરિણામ કહે છે. અપોલોનિયસે આ સિદ્ધાંત કશ્મીરના આર્કાસ પાસેથી મેળવ્યો હતો. એમણે સ્પષ્ટ કર્યું છે કે જ્યારે ઉચ્ચસ્તરીય આત્માઓ દ્વારા ભૂલો થાય છે, તો તેનાં પ્રાયશ્ચિત્ત માટે તેમણે માનવયોનિમાં આવવું પડે છે. જુડેઈઝમમાં પુનર્જન્મ પર ઓછો વિશ્વાસ રાખવામાં આવે છે. ઓલ્ડ ટેસ્ટામેન્ટમાં


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ક્યાંક ક્યાંક આત્માના પૂર્વ અસ્તિત્વનો સંકેત મળે છે. ફેરીસીસ અનુસાર મનુષ્ય કાં તો ફરીથી જન્મે છે અથવા તો હંમેશ માટે સમાપ્ત થઈ જાય છે. આ માન્યતા આઠમી શતાબ્દીમાં પ્રચલિત હતી, પરંતુ આઠમી શતાબ્દીના ક્રેટ જેવેસ આના પર વિશ્વાસ કરતા ન હતા. તાહેવે તો આદમનો શેઠ, નોઆહ, અબ્રાહમ, મુસા આદિ રૂપમાં આત્મિક વિકાસનો ક્રમ માન્યો છે. આ સિદ્ધાંત કેવળ ઉચ્ચસ્તરીય આત્માઓ માટે પ્રતિપાદિત કરવામાં આવે છે. ન્યૂ ટેસ્ટામેન્ટમાં પણ પુનર્જન્મનો ઉલ્લેખ મળે છે. માર્ક, મૈથ્યુ, લ્યુક વગેરેમાં આનો સ્પષ્ટ સંકેત મળે છે. કેટલાંય ચર્ચોના ફાધર તેને સ્વીકરે છે. એનું સર્વોત્તમ ઉદાહરણ છે- જાનનો એલિજા રૂપે જન્મ.

ઈસ્લામ તેને પૂર્ણપણે નકારે છે, પરંતુ તેના કેટલાક સંપ્રદાય અને સમુદાય આધ્યાત્મિક જન્મની વ્યાખ્યા કરે છે. ભારતમાં બોરાસ સંપ્રદાયમાં પિંજરનાં પંખીને ખરીદીને તેને ઉડાડી મૂકવામાં આવે છે. આની પાછળ એમની માન્યતા છે કે તેમાં એમના પૂર્વજોનો આત્મા વસે છે. એકમાત્ર સૂફીઓ જ પુનર્જન્મ પર વિશ્વાસ ધરાવે છે. એ મુખ્યત્વે સૌરાષ્ટ્રના પારસીઓમાં વધુ જોવા મળે છે, એમના મતાનુસાર અમર આત્મા કેટલાક સમયગાળા માટે ઉચ્ચ લોકમાંથી નિમ્ન લોકમાં જન્મ ધારણ કરવા આવે છે. તેઓ પણ હિંદુઓની ચોર્યાસી લાખ યોનિને પ્રતિપાદિત કરે છે, પરંતુ એમાં સંખ્યાનો ફરક છે. સૂફી જલાલુદ્દીન રૂમીના મતાનુસાર આત્મા ખનિજ પદાર્થોમાંથી વિકાસ કરતો કરતો ક્રમશઃ વનસ્પતિ, જીવ, માનવ, દેવતા તથા ઉચ્ચતર અવસ્થા તરફ અગ્રેસર થાય છે.

જર્મનીના ગેટેના મતાનુસાર માનવ પ્રકૃતિ અને ઈશ્વર વચ્ચેની મહત્ત્વપૂર્ણ કડી છે. ચાર્લ્સ ફેરિયર અને શોપેન હાવર ઉપરાંત શ્રોડન બર્ગ, વિલિયમ બ્લેક, શીલર મેજિની, હર્મન મેલવિલી, લિયો ટોલ્સ્ટોસ, પાલ ગ્રેજીન, આર્થન, કાનન ડાયલ, ગુસ્તાવ મેહલર વગેરે તમામ વિદ્વાનોએ પુનર્જન્મના અસ્તિત્વનો સ્વીકાર કર્યો છે. આધુનિક મનીષી ડેવિડ લાયલ જ્યોર્જ, હેનરી ફોર્ડ અને રુડ્યાર્ડ ક્રિપલિંગે પુનર્જન્મને માનવ અસ્તિત્વનું અભિન્ન, અંગ માન્યું છે. પુનર્જન્મના અસ્તિત્વનું પ્રમાણ તો અસંદિગ્ધ છે, એટલા માટે બુદ્ધિમત્તા એમાં જ છે કે ભાવિ જીવન માટે વર્તમાન જીવનનાં પ્રત્યેક કર્મને શ્રેષ્ઠ અને પવિત્ર બનાવવામાં આવે.

એક વૃદ્ધા હતી. એને કોઈ બાળક ન હતું. તેની પાસે અપાર સંપત્તિ હતી. સમગ્ર જીવનભર તેણે ધાર્મિક કાર્યમાં ધનનો સદુપયોગ કર્યો. તેનાથી પ્રસન્ન થઈને અંત સમયે ધર્મરાજાએ પોતાના યમદૂત મોકલ્યા અને આજ્ઞા આપી કે વૃદ્ધાને સ્વર્ગલોકમાં પહોંચાડવામાં આવે. સ્વર્ગના દૂત વૃદ્ધા પાસે ગયા અને બોલ્યા - માતાજી ! અમે આપને સ્વર્ગે લઈ જવા માટે આવ્યા છીએ. વૃદ્ધાએ એક વાર પોતાના મકાન. ધન-સંપત્તિ પર નજર નાંખી. તો તેને લોભ જાગ્યો કે આ ધન છોડીને કેવી રીતે જાઉં ? મારી કમાણી છે. મર્યા પહેલાં એનો ઉપયોગ શું કામ ન કરી લઉં ?

તેણે યમદૂતોને પ્રાર્થના કરી કે બેટા ! હજી તો મારે મારા સંબંધીઓને મળવું છે. કેટલાંક જરૂરી કામ પણ છે એટલા માટે થોડો સમય આપો. તો ઘણી ખમ્મા. યમદૂત વૃદ્ધાનો લોભ સમજી ગયા. તેમણે કહ્યું - માતાજી ! આવે વખતે તો આપે આપની સંપત્તિ કોઈ કન્યા વિદ્યાલય કે કોઈ ધર્મકાર્ય માટે દાનમાં આપી દેવી જોઈએ અને સ્વર્ગનો આનંદ લેવો જોઈએ. વૃદ્ધા થોડાક વખત સુધી કાકલૂદી કરતી રહી. માથા પર લોભ સવાર થયો હતો તે ક્યાં કોઈ હિતની વાત વિચારવા દે એમ હતો ! યમદૂતોએ એક વર્ષની મુદ્દત આપી.

વૃદ્ધાએ ધનનો ઉપયોગ તો શું એના સંચયમાં જ મન લગાવ્યું. વ્યાજે રૂપિયા આપીને તે વ્યાજ વટાવ ખાવા લાગી. ચોરી. જૂઠ અને ઠગાઈની આદત પણ પડી ગઈ અને વર્ષ તો એમાં જ વીતી ગયું. ત્યાં સુધી તમામ પુણ્ય ક્ષીણ થઈ ગયાં હતાં. આ વખતે વૃદ્ધાને લેવા યમદૂત આવ્યા. પરંતુ તેઓ નરકના હતા. વૃદ્ધાએ પૂછ્યું - ભાઈ ! આ બદલી કેમ થઈ ગઈ ? દૂતોએ હસીને કહ્યું - માઈ રે ! તમે જિંદગીમાં જેટલાં ધર્મ - કર્મ કર્યાં છે. તેથી વધુ પાપ એક વર્ષમાં કર્યાં છે. એટલા માટે આ પરિવર્તન થઈ ગયું છે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# દૈહિક સૌંદર્યથી અદકેરું ભાવનાત્મક સૌંદર્ય

" નારીનું સમ્માન જયાં છે, ત્યાં સંસ્કૃતિનું ઉત્થાન છે " એવા ગગનભેદી ઉદ્‌ઘોષ સાથે વંદનીય માતાજીએ શાંતિકુંજમાં સંસ્કૃતિ સંવર્ગ સમારોહનું આયોજન કર્યું અને નારી જાગરણ અભિયાનનો ઉદ્‌ઘોષ કર્યો. ભારતની નારી ભારતીય સંસ્કૃતિનું પ્રતીક અને પર્યાય છે. અહીંની સંસ્કૃતિ સ્પષ્ટ ઉદ્‌ઘોષ કરે છે, " યત્ર નાર્યસ્તુ પૂજયન્તે રમન્તે તત્ર દેવતાઃ ।" દેવી અને જનની રૂપે પરિભાષિત અને પ્રતિષ્ઠિત નારી સર્જનશકિતનો પર્યાય છે. ત્યારે જ તો એને 'મા'નું નામ મળ્યું છે. એટલા માટે ધરતીને માતા કહેવામાં આવે છે. ગંગા અને ગાય પણ આ પાવન શ્રેણીમાં ગણાય છે. નારીનો સર્વશ્રેષ્ઠ અલંકાર છે સંવેદના, શીલ અને ચરિત્ર. પરંતુ પાશ્ચાત્ય સભ્યતાએ ભારત અને ભારતીયતા પર, અહીંની સંસ્કૃતિ પર પ્રહાર કરવાનું શરૂ કર્યું. નારીનું લજ્જાવસન તારતાર થવા લાગ્યું. તેની સંવેદનશીલતાનો લાભ ઉઠાવીને અહીં સંસ્કૃતિનાં મર્મબિંદુઓ પર નિર્મમ પ્રહાર કરવામાં આવી રહ્યા છે,

આના પરિણામે અશ્લિલતા, નિંદ્ય મોડલિંગ અને હલકી જાહેરખબરોનાં જાણે પૂર આવ્યાં છે. સર્વત્ર અપસંસ્કૃતિનું નગ્ન સ્વરૂપ નર્તન કરતું નજરે પડે છે. આવી પરિસ્થિતિમાં નારી જાગરણ થાય તો જ સાંસ્કૃતિક જાગરણ શકય છે. નારીની દુર્દશા રહેતાં સંસ્કૃતિની દુર્દશા રોકી શકાતી નથી. અશ્લીલતા એ નારીના સ્થાપિત સૌમ્ય સ્વરૂપના નકારાત્મક પક્ષનું પ્રદર્શન છે. એ નારી દેહનાં વરવાં પ્રદર્શન કે તેની સાથે જોડાયેલી હલકટ અભિવ્યકિતઓ સુધી જ સીમિત નથી. એ તો આપણા ચિંતન અને વ્યવહારના કેટલાય સ્તરો પર સમાયેલી વિકૃતિનું નામ છે. ભારતીય દંડ સંહિતાની કલમ ૨૫૨-૫૪ અનુસાર કોઈ પણ એવી પ્રકાશિત સામગ્રીને અશ્લીલ માનવામાં આવે છે, જે વાંચનાર, જોનાર કે સાંભળનાર માટે કામુક, કામોત્તેજક કે તેના ચરિત્રને ભ્રષ્ટ કરનારી હોય. આ કાયદો ઈંગ્લેન્ડમાં ૧૯૨૭માં અમલમાં આવ્યો હતો. ન્યાયાધીશ પોલ બોર્નના મતાનુસાર-અશ્લીલતાની કસોટી એ છે કે અશ્લીલ કરાર કરવામાં આવેલી સામગ્રીની પ્રવૃત્તિ એવા લોકોને ભ્રષ્ટ કરવાની છે, જેમના હાથમાં એ સામગ્રી પડી શકે અને જેમનું દિમાગ તેના અનૈતિક પ્રભાવને ગ્રહણ કરવા માટે ખુલ્લું છે.

વિકૃત માનસિક વિકારોનો વિસ્ફોટ ભયાનક હોય છે. આ વિસ્ફોટ દેશમાં ૮૦ના દશકાથી શરૂ થયો હતો, જયારે વીડિયોનું આગમન થયું ત્યારથી આ દરમિયાન અશ્લીલ ફિલ્મોનું પ્રદર્શન શરૂ થયું. તે પછી ૯૦ના દાયકામાં ઈલેકટ્રોનિક મીડિયામાં ક્રાંતિની શરૂઆત થઈ. કેટલીય વિદેશી ચેનલોનું આગમન થયું. આર્થિક ઉદારીકરણ હેઠળ બહુરાષ્ટ્રીય કંપનીઓએ તો એમાં ભરતી લાવી દીધી. એમને ભારત એક બજાર રૂપે દેખાયું. જયાં કોઈ પણ જાતની પ્રોડકટ પ્રચારના માધ્યમથી વેચી શકાય છે.

સમાજનો દષ્ટિકોણ અને તેની નૈતિકતાઓ બદલાવાની સાથોસાથ અશ્લીલતાને ખુલ્લા માપદંડોથી સ્વીકારવાની મજબૂરી થઈ ગઈ. સામાજિક દષ્ટિકોણ, ધાર્મિકતા, સંસ્કૃતિ કે નીતિમર્યાદાઓને તોડીમરોડીને રજૂ કરવાને કારણે આ ઝેર ઊભરાઈને સામે આવ્યું છે. તેની શરૂઆત સિનેમા જગતથી થઈ. છીછરી માનસિકતાના લોકોએ તે પસંદ કરી અને તેનો પ્રસાર કરવામાં નિર્લજ્જતાનો પરિચય આપ્યો. આ વર્ગ અભિજાત્ય વર્ગ સાથે જોડાયેલો હતો. અંધ અનુકરણની પરંપરાએ તેને સભ્યતા અને પ્રતિષ્ઠાનો માપદંડ માની. પરિણામે તે સ્વીકારવાની સાથે જ તમામ સીમાઓ અને મર્યાદાઓ તૂટીને વિખરાવા લાગી, જેનો લાભ ઉઠાવ્યો વિભિન્ન ટી.વી. ચેનલો, જાહેરખબર એજન્સીઓ અને સામયિકોએ. આજે તો અશ્લીલતા ફેશન બની ગઈ છે. મોડલિંગને, સૌંદર્ય સ્પર્ધાઓને સભ્યતાની નવી દોડ માનવામાં આવી રહ્યાં છે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

અશ્લીલતા જ્યારે સાહિત્ય રૂપે વૈચારિક સ્વરૂપ ધારણ કરી લે છે, તો કુવિચારોની ભરતી આવી જાય છે. આજકાલ ધ ડેવોનિયર, ફૈંટેસી, ફન, લેસમેકર, ચેસ્ટીટી, ફેબુલસ, ન્યૂકપ્લસ, ઈંટર્નિકા જેવાં અશ્લીલ સામયિકો થોકબંધ વેચાવા લાગ્યાં છે. મોડલોની સંખ્યા વધી રહી છે. કલાત્મકતાના નામે અશ્લીલ ચિત્ર છાપવામાં આવી રહ્યાં છે. બુદ્ધિજીવીઓની માનસિકતા તેને આથીય વધુ વિકૃત કરવાની ચેષ્ટા કરી રહી છે. નારીને ઉપભોગની વસ્તુ બનાવી દેવામાં આવી છે. અશ્લીલતા અર્થોપાર્જનનું કારણ બનીને વ્યવસાયમાં તબદીલ થઈ ચૂકી છે. તેને નિત નવા રૂપે પીરસવામાં લોકો પારંગત થઈ ચૂક્યા છે. નિરંકુશ વિચારો પાશવિકતાને પ્રેરી રહ્યા છે. રંગ અને આકૃતિઓ મનોવૈજ્ઞાનિક પક્ષને મજબૂત કરે છે, આથી એનો ઉપયોગ સતર્કતાથી થવો જોઈએ, પંરતુ અશ્લીલતાના નગ્ન નકાબમાં તમામ શીલ, સંકોચ, મર્યાદાઓ અને સતર્કતા નકામાં બની ગયાં છે.

ભારતીય સંસ્કૃતિમાં ધર્મ અને પછી કામનું સ્થાન આવે છે. એની દિવ્ય અને સ્તુત્ય રીતે સ્તુતિ કરવામાં આવે છે. તેની પોતાની નિશ્ચિત સીમાઓ અને મર્યાદાઓ છે. એ પ્રદર્શનની વસ્તુ નથી. દિવ્ય કલાઓમાં એની ગણના કરવામાં આવે છે, નહિ કે છીછરા સ્તરરૂપે. પરંતુ અપસંસ્કૃતિના પ્રભાવથી આપણે આપણી સાંસ્કૃતિક વિશિષ્ટતા ભૂલી જઈ રહ્યા છીએ. નારીને ભોગ્યા માનીને ચારે બાજુ એનું શોષણ જ થઈ રહ્યું છે. તેના દેહને પ્રદર્શનના વિષમાં ઘોળીને કલુષિત કરી દેવામાં આવ્યો છે. સૌંદર્યનો માપદંડ આચરણ, વિચારણા અને ભાવનાઓના આધારે કાઢવામાં આવતો નથી, પરંતુ દેહની હલકટ ચેષ્ટાઓ જ સૌંદર્યની કસોટી બની છે.

મોડલિંગ આની જ એક અભિવ્યકિત છે. જે દેશના ન્યાયવિદ્દના આ શબ્દો હોય કે, " આપણો સમાજ નૈતિકતાના પાશ્ચાત્ય માનદંડોનો સ્વીકાર કરી રહ્યો છે. તેના પ્રભાવથી ભારતીય યુવતીઓ મોડલિંગના પશ્ચિમી માનદંડો સાથે કદમ મિલાવીને ચાલી રહી છે." આ કદમ મિલાવવાનું આપણા નૈતિક પતનની પરાકાષ્ઠા નહિ તો બીજું શું છે ? વિકાસ એક લાંબી ઐતિહાસિક અને સામાજિક પ્રક્રિયા છે. તેના માટે સમય લાગે છે. જેને આપણે પ્રગતિ અને વિકાસનું નામ આપ્યું છે, તે સર્વનાશી અપસંસ્કૃતિનું જવલંત પ્રમાણ છે. જો કે એ આજે અર્થોપાર્જનનું બહુ મોટું સાધન બની ગયું છે. એટલા માટે લોકો તેને સહેજ પણ ખચકાટ વિના સ્વીકારે છે. મોડલિંગ અને જાહેરખબરની દુનિયામાં સફળ ઉત્પાદનની ૬ ટકા આવક છે.

ભારતમાં ૧૯૮૫ થી ૧૯૮૯ દરમિયાન દર વર્ષે વપરાશી ચીજવસ્તુઓનો માંગ દર ૩૦ થી ૫૦ ટકા જેટલો વધ્યો છે. ' નેશનલ કાઉન્સિલ ઓફ એપ્લાઈડ ઈકોનોમિક રિચર્સ 'ના અહેવાલ અનુસાર આ વર્ષોમાં જાહેરખબર ઉદ્યોગ પણ દર વર્ષે ૨૦ થી ૪૫ ટકાના દરે વધ્યો છે. એક અન્ય સર્વેક્ષણ અનુસાર ૧૯૯૪-૯૫માં દેશની ટોચની દસ જાહેરખબર એજન્સીઓની કુલ આવક રૂ. ૨૯૭૯૯ ૫૪ કરોડ હતી, જે દેશના ૮૦ ટકા જાહેરખબર ઉદ્યોગની આવક હતી, આમાં પણ રૂ.૪૪૦૦ કરોડની સ્પષ્ટપણે આવક જાહેરખબર મોડલિંગમાંથી થઈ હતી, આ મોડલિંગ બીજું કાંઈ નહિ, વધતી અશ્લીલતાનો નમૂનો છે. આજે આ વ્યાપાર વિશ્વનું સૌથી વધુ કમાણીવાળું સાધન બની ગયો છે.

આજકાલ એક મોડેલ કે વિશ્વસુંદરી, નેપાલ જેવા નાનકડા દેશની કુલ વાર્ષિક આવક કરતાં પણ વધારે આર્થિક લાભ મેળવી શકે છે, હકીકતમાં સૌંદર્યને આર્થિક તાકાત સાથે જોડીને ઉપભોકતાવાદ પર આધારિત મૂડીવાદ ટકી રહ્યો છે. સૌંદર્ય સ્પર્ધાઓને ધન અને ગ્લૈમરથી મઢીને મૂડીવાદે તેને સમ્માનજનક બનાવવાની કોશિશ કરી છે અને ભૌતિક આકર્ષણની જાળમાં ફસાઈને મહિલાઓ પોતાનાં શીલસંકોચને ઉતારીને ફેંકી દે છે. સૌંદર્ય સ્પર્ધાઓ નારીના સાર્વજનિક અપમાનની જ પોષક છે. ગ્લોબલાઈઝેશન વધવાની સાથે જ સ્થિતિ વધુ વિસ્ફોટક બની ગઈ છે.

છેલ્લાં ત્રણ-ચાર વર્ષોમાં તો આમાં ભારે વધારો થયો છે. જાણે કે આ પહેલાં આપણા દેશમાં સુંદરતા હતી જ નહિ. તેના પ્રચાર-પ્રસારથી સૌથી વધુ પ્રભાવિત થયો છે મધ્યમ વર્ગ. પહેલાં કયારેક


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

મધ્યમવર્ગના પરિવારોમાં પ્રતિષ્ઠા, ધર્મ અને નૈતિકતાના નામે મહિલાઓનું શોષણ થતું રહ્યું છે. આજે બદલાયેલા પરિવેશમાં આ શોષણ બીજા સ્વરૂપે થઈ રહ્યું છે. સુસાન બ્રાઉન મિલરે પોતાની પ્રસિદ્ધ કૃતિ અગેંસ્ટ અપર વિલમાં વર્તમાન પરિવેશમાં સ્ત્રીઓની દશાનો ઉલ્લેખ કર્યો છે. તેમના મતાનુસાર અશ્લીલ સાહિત્ય બળાત્કાર તરફની પુરુષની શોધ છે. તે સ્ત્રીને માત્ર કામુક પરિદૃશ્યમાં સ્થાપિત કરવા માટે છે. શીલ અને ચરિત્ર નારી જાતિની સર્વોત્કૃષ્ટ સંપત્તિ છે. એનું પ્રદર્શન જ અશ્લીલતા છે અને સંપૂર્ણ નારી જાતિનું અપમાન છે. સુસાન એને નારી વિરોધી પ્રચાર કહેતાં આગળ ઉલ્લેખ કરે છે કે પુરુષ સ્ત્રીને પોતાની વ્યકિતગત સંપત્તિ માનીને ભોગ્યા રૂપે ચિત્રિત કરે છે. બહુરાષ્ટ્રીય કંપનીઓના માધ્યમથી આ જ કાર્ય થઈ રહ્યું છે. સ્વતંત્રતાના નામે સ્વચ્છંદતા અને મુકિતના બદલે શોષણનો આ અંતહીન સિલસિલો નારી જાતિ માટે એક અભિશાપ છે.

મીડિયા, જાહેરખબરો, સિરિયલો, ફિલ્મોમાં નારીને મનફાવે તેમ નચાવનારા એ ભૂલી જાય છે કે ભારતની શોષિત, દમિત સ્ત્રીની મુકિતનું લક્ષ્ય બજારમાં સાબુ, તેલ અને કોસ્મેટિક્સ, વેચનારી સ્ત્રી હોઈ શકે નહિ. આ નારીમુકિતના નામે એક ષડ્યંત્ર છે, અન્યથા મોડલ જાહેરખબર પ્રદર્શન સિવાય નારીને બીજા કોઈ ક્ષેત્રોમાં આટલું મહત્ત્વ કેમ આપવામાં આવતું નથી ? આ આંકડાથી એક બીજી વાત પણ સ્પષ્ટ થઈ જાય છે. મોડલ તથા જાહેરખબરોમાં ૮૦ થી ૯૦ ટકા મહિલાઓને પસંદ કરવામાં આવે છે, જયારે દૂરદર્શનના કુલ કર્મચારીઓમાં ૩૭૮૩ પુરુષો બરાબર ફકત ૬૭૮ મહિલાઓ હતી, બીજા પણ એવા કેટલાય આંકડાઓ છે જે આ વાતનું સમર્થન કરે છે.

સૌંદર્ય વિચારોમાં હોય છે, ભાવનાઓમાં હોય છે. દૈહિક સૌંદર્ય કરતાં વૈચારિક અને ભાવનાત્મક સૌંદર્યનું મૂલ્ય કયાંય વધારે છે. સૌથી મહત્ત્વપૂર્ણ અને મૂલ્યવાન સૌંદર્ય તો આધ્યાત્મિક સૌંદર્ય છે. ભારતમાં આધ્યાત્મિક સૌંદર્યની પ્રતીક હતી-સીતા, સાવિત્રી, ગાર્ગી, મૈત્રેયી વગેરે અનેક ભારતીય મહિલાઓ વાસ્તવમાં આ જ નારીનો આદર્શ છે. પરંતુ દૃષ્ટિકોણ બદલાતાં જ નૈતિકતાનો મહેલ કકડભૂસ થઈને પડી જાય છે. આજે બ્યૂટીફુલનો અર્થ છે - દેહને વધુમાં વધુ આવરણહીન કરી શકવાની નિર્લજ્જ હિંમત. આ દૃષ્ટિકોણને બદલ્યા વગર નારી જાગરણ કે સંસ્કૃતિ ઉત્થાન બેમાંથી એકેય શકય નથી.

જે દેશની નારી, સંસ્કૃતિનું પ્રતીક અને પર્યાય રહી છે, તે દેશમાં આજે તેના દેહને અનાવૃત્ત કરીને અનેક પ્રપંચી પ્રયાસો ચાલી રહ્યા છે. એ ખરું કે નારીનું આકર્ષણ નૈસર્ગિક છે, પરંતુ એનું મર્યાદાહીન પ્રદર્શન નિઃસંદેહ મનમાં વિકૃત ભાવોને ઉત્તેજિત કરે છે. નારીનું શરીર તો એના માતૃત્વ અને માતૃત્વના અમૃતત્ત્વને કારણે સુંદર હોય છે અને આ માતૃત્વ તો જીવમાત્ર માટે સાર્વભૌમિક સંવેગ છે.

યુગનિર્માણ મિશન અને તેના સંસ્થાપકો, પરમપૂજ્ય ગુરુદેવ અને વંદનીય માતાજીએ શરૂઆતથી જ નારી શકિતને યુગશકિતના રૂપમાં માન્યતા અને પ્રતિષ્ઠા આપી છે. મહિલા જાગૃતિ અભિયાન આ મિશનનો સૌથી અગ્રણી કાર્યક્રમ રહ્યો છે. વિશ્વનું આ એકમાત્ર સાંસ્કૃતિક અભિયાન છે, જેણે નારીને રાષ્ટ્ર પુરોહિત રૂપે પૂજિત અને પ્રતિષ્ઠિત કરી છે. આજે જયારે સ્વતંત્રતાની અડધી શતાબ્દી વીતી જવા છતાં મહિલાઓ રૂપે રાષ્ટ્રની અડધી વસતિ પીડા અને પ્રતાડનામાંથી પસાર થઈ રહી છે, તો કંઈક વિશેષ નક્કર કદમ ઉઠાવવાની જરૂર છે.

જેના હૃદયમાં સંવેદનાઓ ઊભરાતી હોય, તે ભલા, પોતાની સાંસ્કૃતિક ગરિમાને આ રીતે દુર્દશાગ્રસ્ત થતી કેવી રીતે જોઈ શકે ? નવી પેઢીની કન્યાઓ શાલીનતા, શિષ્ટતા અને મર્યાદાઓનો સંકલ્પ લઈને આ અભિયાનમાં નવો પ્રાણ ફૂંકવાની પોતાની ઉત્સાહજનક ભાગીદારી નોંધાવી શકે છે. નાના મોટા તમામના સંઘબદ્ધ, એકત્રિત પ્રયાસ નારી જાગરણને સાંસ્કૃતિક જાગરણનું રૂપ આપવામાં માત્ર સહાયક જ નહિ, સક્ષમ અને સમર્થ સિદ્ધ થશે, એવી આશા રાખવામાં આવી છે.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# વિચારક્રાંતિના યોદ્ધા - સંત સૉક્રેટિસ

યુનાનના સુપ્રસિદ્ધ સંત સોક્રેટિસ અત્યંત કુરૂપ હતા. ટાલિયું માથું, ચપટું નાક, ગોળ ચહેરો, ઘૂંટણ સુધી લટકતો વિલક્ષણ કુરતો. આના આધારે તેમને એથેન્સની સડકો પર ઘૂમતા સહેલાઈથી ઓળખી શકાતા હતા. તેઓ પ્રખર વિદ્વાન અને દાર્શનિક હતા. માનવજીવનની વિવિધ સમસ્યાઓનું સમાધાન પૂછવા માટે અનેક શિષ્યો તેમની આગળપાછળ ફર્યા કરતા હતા. એમના શિષ્યોમાંથી કેટલાય પ્રતિભાવાન પણ હતા. એમાંના એક પ્લેટો પણ હતા, જેઓ આગળ જતાં વિશ્વવિખ્યાત બન્યા.

સોક્રેટિસ ખૂબ વિનમ્ર સ્વભાવના હતા. એમને અહંકારે સ્પર્શ પણ કર્યો ન હતો. જ્ઞાનને કારણે એમનો જેટલો આદર હતો તેથી વધુ એમની પત્ની કર્કશા હતી. એનાં કઠોર વાગ્બાણ એમને સદાય સહેવા પડતાં હતાં, તો પણ સોક્રેટિસના વિનમ્ર વ્યવહારને કારણે તેમનો દાંપત્યપ્રેમ શિથિલ ન થયો.

સોક્રેટિસે આત્મજ્ઞાન પર ખૂબ ભાર મૂકયો છે. તેઓ કહેતા ખુદને જાણો. જો મનુષ્ય પોતાનું અને ધર્મનું વાસ્તવિક રૂપ જાણી લે, તો તે અવશ્ય ધર્મનિષ્ઠ બનવાની ચેષ્ટા કરશે. સત્યનું જ્ઞાન જ પુણ્ય અને તેનું અજ્ઞાન જ પાપ છે.

તેમના સ્વતંત્ર વિચારોએ એ યુગની જનતાને બહુ પ્રભાવિત કરી. સમાજના વિભિન્ન ભાગોમાં વ્યાપેલા કષાય કલ્મષો પર તેમણે પ્રહાર કર્યા અને એવી ચેતના જગાડી જેનાથી નિહિત સ્વાર્થી લોકોમાં ખળભળ મચી ગઈ. તેઓ તેમને સતાવવાનાં ષડયંત્ર રચવા લાગ્યા.

એમને ગિરફતાર કરવામાં આવ્યા. મુકદ્દમો ચાલ્યો. એમાં એમના પર બે આરોપ મૂકવામાં આવ્યા. એક એ કે તેઓ દેવતાઓની અલૌકિક શકિતમાં વિશ્વાસ રાખતા નથી, બીજો એ કે એમણે તર્ક વિતર્ક કરતાં શીખવાડીને યુવકોને પથભ્રષ્ટ કર્યા છે. ન્યાયસભાએ બહુમતીથી એમને અપરાધી ઠરાવ્યા અને મૃત્યુદંડની સજા ફરમાવી.

તેમણે ન્યાયસભા સમક્ષ સ્પષ્ટ કહ્યું - હું મૃત્યુના ડરથી સત્યની શોધ છોડી શકીશ નહિ. હું મારા અંતરાત્મા અને ઈશ્વરના આદેશનું પાલન કરીશ. જો આપ એ શરતે મને છોડવા ઈચ્છતા હો કે ભવિષ્યમાં સત્યનો પ્રચાર ન કરું, તો મારે એ જ કહેવું છે કે સત્યને છોડવા કરતાં અને તેને પ્રકટ કરવાથી રોકાવા કરતાં મને શરીર ત્યાગવાનું વધુ પસંદ છે.

ક્રીટોએ તેમને જેલમાંથી ભાગી છૂટવા માટેની બધી વ્યવસ્થા કરી રાખી હતી. તેણે પોતાના ગુરુને ભાગી જવાની વિનંતી કરી, તો તેમણે ઈનકાર કરી દીધો કે મારે રાજ્યના કાનૂનની અવગણના કરીને એક પ્રજાજનને ઉચિત કર્તવ્યથી વિમુખ ન થવું જોઈએ. આ કિંમતે મને જીવિત રહેવાની કોઈ ઈચ્છા નથી. એમણે કહ્યું - જો સોક્રેટિસ જેલમાંથી ભાગી ગયો, તો એ સિદ્ધ થઈ જશે કે સોક્રેટિસ ખોટો છે.

મૃત્યુનો સમય નજીક આવી પહોંચ્યો, તો તેમણે પગમાં પડેલી બેડીઓથી દુખતી જગ્યાને થોડી પંપાળી અને આત્મા અનશ્વર હોવાની ચર્ચા શરૂ કરી દીધી. નિયત સમયે વિષનો પ્યાલો સામે આવ્યો, તો ખૂબ પ્રેમથી તેમણે વિષ પીધું અને રોતી શિષ્યમંડળીને ધીરજનો ઉપદેશ આપતાં કહ્યું- '' મેં જીવનભર આપને ધીરજ રાખવાનું અને વિવેક ન ખોવાનું સમજાવ્યું હતું. આપ એ શિક્ષણને મારી સામે જ ભૂલી જશો ? માણસે ધૈર્યવાન બનવું જોઈએ અને શાંતિની સાથે જ મૃત્યુને પણ આલિંગન આપવું જોઈએ.''

***પ્રત્યેક ઉન્નતિશીલ અને બુદ્ધિમાન મનુષ્યની મૂળભૂત વિશેષતાઓમાં એક વિશેષતા અવશ્ય જોવા મળશે – સમયનો સદુપયોગ. જેણે આ તથ્યને સમજીને કાર્ય રૂપે ઉતાર્યું, તેણે જ અહીં આવીને ઘણુંબધું પ્રાપ્ત કર્યું છે.***



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

(સ્વાસ્થ્ય)

# ઝોકું ખાઈ લો, સ્વસ્થ રહો

ઝોકું ખાઈ લેવાને સામાન્ય રીતે સમયની બરબાદી કે એક વ્યસન માનવામાં આવે છે. કયાંક - કયાંક તો એને શારીરિક કે માનસિક રોગનું પ્રતીક પણ માનવામાં આવે છે, પરંતુ એવું નથી. કામના વધુ પડતા દબાણને કારણે, પાળીવાળી કામગીરીને કારણે કે કોઈ અન્ય કારણવશ જો આપણી રાતની નીંદર અધૂરી રહી ગઈ હોય, તો તે આપણે ઝોકું લઈને દિવસના સમયે પૂરી કરી શકીએ છીએ. વૈજ્ઞાનિકોનું માનવું છે કે ઝોકું લઈને આપણે જીવનને વધુ સ્વસ્થ, સ્ફૂર્ત અને સફળ બનાવી શકીએ છીએ. તેની પોતાની ઉપયોગિતા સાથે તે વિજ્ઞાનસમ્મત પણ છે.

મસ્તિષ્કના તરંગો પર શોધ કરી રહેલા વૈજ્ઞાનિકોના મતાનુસાર માણસને આખા દિવસમાં બે વાર સૂવાની નૈસર્ગિક જરૂરિયાત છે. એક રાત્રિના સમયે ઘણા કલાક સુધીની લાંબી ઊંઘની આવશ્યક જરૂરત અને બીજી બપોરના વખતે થોડાક સમય માટે સૂવાની અલ્પ જરૂરત. આ કારણે રાતની સામાન્ય ઊંઘ લેવા છતાં પણ આપણે બપોરે ઊંઘ ભરાયેલી અનુભવીએ છીએ અને સુસ્ત થઈ જઈએ છીએ. આપણી કામ કરવાની ક્ષમતા ઘટી જાય છે. આ વખતે યંત્રમાપન, રેલવે વોર્નિંગ સિગ્નલ, હિસાબ કિતાબ જેવાં કાર્યોમાં સૌથી વધુ ચૂક જોવા મળે છે. ખાસ કરીને માર્ગ અકસ્માતો આ જ સમયે સૌથી વધારે થાય છે. એક અધ્યયન અનુસાર માર્ગ અકસ્માતોમાં શરાબ સિવાય ઝોકું આવી જવું એ બીજું મુખ્ય કારણ છે.

બપોરની નીંદરની ઓછી આવશ્યક જરૂરિયાતને આપણે ઝોકું ખાઈને પૂરી કરી શકીએ છીએ. આનાથી આપણો શારીરિક થાક તો દૂર થઈ જાય છે, સાથેસાથે માનસિક ક્ષમતામાં પણ વધારો થાય છે. ધ સર્કર કેઉર હોસ્પિટલ, મોંટ્રિયલના ઊંઘ વિશેષજ્ઞ રોજર ગોડવોડર અને જૈકસ મોન્ટ પ્લેઝિરના મતાનુસાર જે લોકો ઝોકું ખાઈ લે છે એમની માનસિક સતર્કતાનો સૂચક માનક 'રિએકશન ટાઈમ' વધારે જોવા મળે છે અને બપોરે લેવામાં આવેલાં પરીક્ષણોમાં ઝોકું ન લેનાર કરતાં તેઓ ભૂલો પણ એક તૃતીયાંશ જેટલી ઓછી કરે છે.

ઝોકું ખાવાની બાબત આપણા મુડમાં પણ આશાજનક સુધારો લાવે છે. એનાથી મળનારી તાજગી આપણા સંબંધોને વધુ મધુર અને સફળ બનાવે છે. સેંલ લાઉસના મનોવૈજ્ઞાનિક જોન ટી. ટોવ અને એમના સાથી સંશોધકોના મતાનુસાર ઝોકું ખાનાર, ઝોકું ન ખાનાર કરતાં વધારે યાદશકિત ધરાવે છે,સાથે જ વધુ પ્રસન્ન પણ દેખાય છે.

ઝોકું ખાવાને શારીરિક સ્વાસ્થ્ય સાથે પણ સીધો સંબંધ છે. યૂનાનમાં અડધા લોકો ઝોકું ખાય છે અડધા લોકો નથી ખાતા. ત્યાં કરવામાં આવેલ અધ્યયન અનુસાર જે વ્યકિત દરરોજ અડધો કલાક કે વધારે ઝોકું ખાઈ લે છે તેમનામાં કોરોનરી હૃદયરોગની સંભાવના ઓછી જોવા મળી. ભૂમધ્ય સમુદ્રતટના અને ઉષ્ણ કટિબંધના દેશોમાં લોકો બપોરના સમયે વિશ્રામ કરે છે, મોટા ભાગના લોકો આ સમયે ઝોકું ખાઈ લે છે. ઉત્તર યુરોપ અને ઉત્તર અમેરિકામાં ઝોકું લેવાને એક સ્વસ્થ પરંપરા માનવામાં આવતી નથી. સ્વાસ્થ્ય વિષયક આંકડા અનુસાર ભૂમધ્ય સમુદ્રતટના અને ઉષ્ણ કટિબંધના દેશોમાં કોરોનરી હૃદયરોગનું પ્રમાણ ઉત્તર યુરોપ અને ઉત્તર અમેરિકા કરતાં ઓછું જોવા મળે છે.

ઝોકું ખાનાર આળસુ, રોગી અને વૃદ્ધ હોય છે એ માન્યતા યોગ્ય નથી. અમેરિકામાં થયેલા એક પ્રયોગ અનુસાર ત્યાં ત્રણ ચતુર્થાંશ લોકો ઝોકું એટલા માટે લે છે કે તેઓ પાળીવાળી કામગીરી રાત્રે મોડે સુધી અધ્યયન કે



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

શિશુસંભાળને કારણે પૂરેપૂરી નીંદર લઈ શકતા નથી. બીજામાં, મોટા ભાગના લોકો શોખથી ઝોકું ખાય છે, પરંતુ એવું કોઈ પ્રમાણ મળતું નથી કે તેઓ ઝોકું ન લેનાર કરતાં કોઈપણ રીતે વધારે સુસ્ત કે અકર્મણ્ય હતા.

ઝોકું ખાવું એ અનિદ્રાના રોગનું એક મહત્ત્વપૂર્ણ નિદાન છે. મૈક્સ બૈંક ઈન્સ્ટિટયૂટ ફોર સાઈકિએટ્રી, મ્યૂનીચના યુવાન મનોવૈજ્ઞાનિક ડૉ. જર્ગન જુલીના મતાનુસાર ઝોકા દ્વારા લેવામાં આવેલો નીંદરનો હલકો ડોઝ આપણા અનિદ્રા રોગને સારો એવો ઠીક કરી શકે છે. ડૉ. જુલીએ ચાર કલાકના સમયાંતરે સવારે ૯, બપોરે ૧ અને સાંજે પાંચ વાગ્યાનો સમય ઝોકું લેવા માટે રાખ્યો છે. એમના મતાનુસાર આપણે પ્રાકૃતિક ઊંઘની ક્ષણો સાથે ચા-કોફી કે વ્યાયામ દ્વારા ઝૂઝવું ન જોઈએ. ખુરશી પર બેઠાંબેઠાં પીઠના સહારે એક નાનકડું ઝોકું ખાઈ લેવું બહેતર છે, પરંતુ ખૂબ નાનું ઝોકું વધારે સહાયક બનતું નથી. ૫-૧૦ મિનિટની કેટનેપ પર પ્રયોગ કરીને જોવામાં આવ્યું કે નીંદરથી વંચિત લોકોની સ્થિતિમાં એથી કોઈ સુધારો થતો નથી.

ઝોકું કયારે લેવું એ બાબતમાં વિશેષજ્ઞોનો મત જાણવો આવશ્યક છે. તેમના મતાનુસાર જયારે ઝોકું ખાવાની જરૂરિયાત સૌથી વધારે અનુભવાય ત્યારે ઝોકું ખાવું જોઈએ. પેન્સિલ્વેનિયા યુનિવર્સિટીના મનોચિકિત્સક માર્ટિન ઓર્નના મતાનુસાર રોગનિરોધક ઝોકું સતર્કતાના પુનઃસ્થાપનમાં વધુ સહાયક હોય છે. ખૂબ થાકવા પહેલાં લેવામાં આવેલું ઝોકું થાકને રોકી દે છે.

ઝોકું લેવાના કેટલાય લાભ સાથે કેટલીક હાનિ પણ છે, જેના પ્રત્યે ધ્યાન આપવું જરૂરી છે. મોટા ભાગના લોકો જાગ્યા પછી પણ એક નશામાં રહે છે. ઊંઘ વિશેષજ્ઞ તેને નિદ્રા જડત્વ કહે છે. આથી આપણે જો અચાનક ઊઠીને જટિલ મશીન કે યાંત્રિક ક્રિયાનું સંચાલન કરવાનું હોય તો તેની પહેલાં ઝોકું લેવાનું ખતરનાક સાબિત થઈ શકે છે. કારણ કે અર્ધચેતનામાં એ એક ગંભીર દુર્ઘટનાનું કારણ બની શકે છે. આથી કામના સમયે આપણે ઊંઘ ઘેરાતી હોવાનું અનુભવી રહ્યા હોઈએ, તો ઝોકું લઈ શકીએ છીએ, પરંતુ તે પછી ૧૦-૧૫ મિનિટ સુધી રાહ જોઈને 'નિદ્રા જડત્વ' પૂરું થયા પછી કામ શરૂ કરી શકીએ છીએ.

બીજું, ઝોકું ગાઢ નિદ્રાની આવશ્યકતાને પણ ઓછી કરી નાખે છે. આથી, અનિદ્રાના રોગથી પીડાતી વ્યકિત માટે ઝોકું, રાત્રે સૂવાની સમસ્યાને વધુ જટિલ કરી શકે છે.

આ રીતે ઝોકું લેવાની ત્રુટિઓને પણ ધ્યાનમાં રાખીને આપણે આપણી અનુકૂળતા મુજબ ઝોકું લઈને નીંદર અને થાકને પૂરાં કરી શકીએ છીએ અને શારીરિક સ્વાસ્થ્ય અને માનસિક સ્ફૂર્તિ સાથે જીવનને અધિક સફળતાપૂર્વક અને આનંદ સહિત જીવી શકીએ છીએ.

**પ્રાતઃકાળ થવામાં હતો. ભગવાન સૂર્ય સાત અશ્વોના રથ પર બેસીને પ્રાચી તરફથી આગળ વધતા આવી રહ્યા હતા ત્યારે એક નાનકડો આગિયો સામે આવ્યો અને મૂછો પર તાવ દેતો બોલ્યો – " એ સૂરજ ! ત્યાં જ અટકી જા. નહિતર તને નષ્ટ કરી દઈશ, "**

**સૂર્ય ભગવાનને પહેલાં તો હસવું આવ્યું. જયારે તેઓ ધીરે ધીરે આગળ વધવા લાગ્યા તો સૂર્યની તેજસ્વિતાથી આગિયો પાછું વળીને જોયા વગર ભાગ્યો, ખિલખિલાટ હસતાં આકાશ બોલ્યું. – " બકવાસ કરવો એ મૂર્ખોનું કામ છે. તેજસ્વી નિર્ભય થઈને આગળ વધે છે."**


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# લોભ આપણને અંધ બનાવે છે.

તેને આંખો ભલે ન હતી, પણ અવાજ ખૂબ સુરીલો હતો. લોકો તેનાં ગીતો મુગ્ધ થઈ સાંભળતા. તેણે પણ ઘણાં પદ, દોહા, ચોપાઈઓ, ભજન વગેરે મોઢે કર્યાં હતાં. જે વસ્તીમાં તે જતો ત્યાં તેની આસપાસ ભીડ જમા થઈ જતી. બધાં તેને માનથી બાબા કહીને બોલાવતા.

રોજ તેને માટે કોઈ ને કોઈ ઘેરથી જમવાનું આવી જતું. તે હંમેશાં ગામથી થોડે દૂર બગીચામાં બનેલા મંદિરમાં રહેતો હતો. બહારના યાત્રિકો પણ બગીચામાં આવતા, બાબાજીનાં દર્શન કરતા અને કંઈક પ્રસાદ, દક્ષિણા વગેરે આપી જતા.

ધીરે ધીરે બાબાની પાસે સારા એવા રૂપિયા ભેગા થવા લાગ્યા. હવે તે નવરાશના સમયમાં વારંવાર રૂપિયા ગણતો રહેતો. તેના મનમાં હવે લોભ પાંગરવા માંડયો હતો. તેને એમ જ થયા કરતું કે આ રૂપિયા હજી વધુ કેવી રીતે વધે ? તેણે રૂપિયામાંથી ગીનીઓ ખરીદી અને તેને એક થેલીમાં ભરીને પોતાની કમરે બાંધી લીધી. સૂતા-જાગતાં, ઊઠતાં-બેસતાં આખો વખત તેનું મન ગીનીઓમાં જ અટવાયેલું રહેતું, કયાંક કોઈ એ ચોરી ન જાય એ ચિંતામાં તેનો બધો આનંદ દૂર થઈ ગયો. અંધ બાબાની પાસે ગીનીઓ છે, એ વાત કેટલાક ઠગ લોકોની જાણમાં આવી. તેઓએ તરત બગીચામાં આવીને બાબાનાં દર્શન કર્યાં. પ્રણામ કરીને તેમને કહ્યું- અમે ખૂબ મોટા ઝવેરી છીએ અને તીર્થયાત્રાએ નીકળ્યા છીએ. આજનો દિવસ ધન્ય છે કે આપ જેવા સંત પુરુષના દર્શન થયા. આપ આજે અમારે ત્યાં પ્રસાદ સ્વીકારો. તેમણે ખૂબ પ્રેમથી બાબાને ભોજન કરાવ્યું અને દક્ષિણામાં એક સોનાનો સિક્કો આપ્યો. સોનાના સિક્કાનો રણકાર સાંભળતાં બાબાનું મન લલચાઈ ઊઠયું. અંધ હોવા છતાં તેઓ રણકારથી સિક્કાને ઓળખી જતા હતા- તેમનું મન હરખથી ફુલાઈ ગયું. તે ઠગ લોકો ત્રણ દિવસ ત્યાં રોકાયા અને ત્યાં રોજ બાબાને ઉત્તમ સ્વાદિષ્ટ ભોજન ઉપરાંત સોનાનો એક એક સિક્કો આપતા. ત્રીજે દિવસે ઠગ લોકોએ જવાની તૈયારી કરી અને બાબાને કહ્યું- મહાત્માજી ! આપના દર્શન કરી અમને બહુ આનંદ થયો એટલે અમે અહીં ત્રણ દિવસ રોકાઈ ગયા. હજુ અમારે ઘણા તીર્થસ્થાનો પર જવાનું છે. પણ અમને એક મુશ્કેલી છે.

બાબાએ પૂછયું-શું મુશ્કેલી છે ? તેમણે કહ્યું-મહારાજ અમોએ એવો નિર્ણય કર્યો છે કે રોજ કોઈ ને કોઈ સંત -મહાત્માને ભોજન કરાવીને અને તેને સુવર્ણ-મુદ્રા દક્ષિણામાં આપીને અન્નજળ લઈશું, પરંતુ રોજ યાત્રા કરતાં કરતાં સાચા સાધુ મળવા મુશ્કેલ છે. તેથી અમારે ઘણીવાર એક બે દિવસ ઉપવાસ કરવા પડે છે. જો આપ આ તીર્થયાત્રામાં અમારી સાથે આવો તો અમને રોજ તમારા દર્શનનો લાભ મળશે અને અમારો નિયમ પણ પૂર્ણ થશે.

આવો પ્રસ્તાવ સાંભળીને અંધ બાબા ખૂબ રાજી થયા. તેઓ મનમાં વિચારવા લાગ્યા કે મારા માટે આ બહુ સારો અવસર છે. રોજ ભોજન ઉપરાંત એક સુવર્ણમુદ્રા પણ દક્ષિણામાં મળશે અને તીર્થયાત્રા પણ થઈ જશે. તેમણે તરત હા પાડી અને કહ્યું, આવું પવિત્ર કાર્ય તો તમારા જેવા ભાગ્યશાળી લોકો જ કરી શકે. નહીં તો મારા જેવા સૂરદાસને કોણ તીર્થયાત્રા કરાવે.

બસ વાર શું હતી! તે ઠગ લોકો આની જ રાહ જોતા હતા. તેમણે રથ તૈયાર કરાવ્યો અને અંધ સાધુને બેસાડીને ત્યાંથી રવાના થયા. બે ત્રણ દિવસમાં તેમણે ઘણો લાંબો રસ્તો કાપી લીધો અને રોજ બાબાજીને ભોજન કરાવીને એક એક સિક્કો ભેટ આપતા રહ્યા. બાબાજી તેમની સેવા અને ભેટથી ખૂબ પ્રસન્ન હતા. તેમને ઠગ લોકો પર કોઈ શંકા ન હતી.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

એક દિવસ યાત્રા કરતાં ઘનઘોર જંગલ આવ્યું. ઠગ લોકોએ અવસર જોઈને કહ્યું- બાબાજી, આ ખૂબ ભયાનક જંગલ છે. પર્વતો અને ઘાટીઓમાં થઈને આ રસ્તો ખૂબ ગોળાકાર છે. અહીંથી એક સીધી કેડી ગામ જાય છે. ત્યાં આપણે આજ રાત સુધીમાં પહોંચવાનું છે. પણ આ કેડીમાંથી રથ નહીં જઈ શકે. રથ તો લાંબે રસ્તે ગામ જઈ શકશે. આપ પણ ઉબડ-ખાબડ રસ્તામાં રથ પર હેરાન થઈ જશો. આ કેડી એટલી સીધી છે કે આપ લાકડીને આધારે ચાલતાં એક કલાકમાં જ પહોંચી જશો. સાંજે આપણે બધા મળીશું નહીં તો આપને ખૂબ કષ્ટ થશે.

બાબાને આ વાત સમજાઈ ગઈ. તેઓ રથમાંથી ઊતરી ગયા. ઠગ લોકોએ કહ્યું, બાબાજી જોખમ વાળી કોઈ વસ્તું આપ સાથે ન રાખશો. જંગલનો રસ્તો છે. શી ખબર કોઈ ચોર ડાકુ મળી જાય. બાબાએ પોતાની કમરે બાંધેલી સિક્કાવાળી થેલી છોડીને રથમાં મૂકી દીધી. બાબાના મનમાં ઠગ લોકો પ્રત્યે પૂરો વિશ્વાસ બેસી ગયો હતો. ઠગ લોકોનું કામ થઈ ગયું. બધું ધન તેમના કબજામાં આવી ગયું. જતાં જતાં તેમણે ફરી બાબાને કહ્યું, સંભાળીને ચાલજો.

અંધબાબા લાકડીને આધારે એકલા ચાલી નીકળ્યા. થોડે દુર ગયા ત્યાં એક વ્યક્તિએ બાબાને દુરથી જોયા અને બૂમ મારી-બાબા! અહીં કયા જાવ છો! અહીં રસ્તો નથી. આગળ ખીણ છે. આપ પડી જશો. ઊભા રહો, આગળ ન જશો. બાબાએ વિચાર્યું - ચોક્કસ કોઈ ધુતારો છે. જે મને રસ્તો ભુલાવવા માંગે છે. તેમને ઠગ લોકોએ કહેલી વાત યાદ આવી. શી ખબર રસ્તે કોઈ ચોર-ડાકુ મળી જાય. તે રાહદારીએ જેમ જેમ બાબાને રોકવાનો પ્રયત્ન કર્યો, તેમ તેમ બાબા ઝડપથી ચાલવા માંડયા બાબાએ તેનું કંઈ ન સાંભળ્યું. પરિણામ એ આવ્યું કે બાબા એક ઊંડી ખાઈમાં જઈ પડયા. રાહદારીએ દોડીને તેને જેમ તેમ બહાર કાઢયા. બાબાના માથા પર ઊંડો ઘા હતો. રાહદારીની વાતથી તેમને આખી બાબત સમજાઈ ગઈ. તેઓ દુઃખ સાથે બોલ્યા - '' આંખોથી નહીં, માણસ લોભથી અંધ બને છે. લોભે મનનો પ્રકાશ દૂર કરી દીધો.'' તેમણે રાહદારીને કહ્યું ''ભાઈ ! તને જે મળે તેને મારી વાર્તા સંભળાવીને કહેજે કે કોઈ કોઈને ઠગતું નથી. માણસ પોતે જ પોતાના લોભથી ઠગાઈ જાય છે. લોભ મનુષ્યનું બધું જ એટલે સુધી કે પ્રાણ પણ હરી લે છે''. પોતાની વાત પુરી કરતાં અંધબાબાનું પ્રાણપંખેરું ઊડી ગયું. રાહદારી તેમની વાત વિશે વિચારતો આગળ વધ્યો.

*બ્રહ્માજીને ઈચ્છા થઈ કે સૃષ્ટિ રચું. પહેલાં એક કૂતરો બનાવીને તેને પૂછયું,– સંસારમાં તને કોઈ અભાવ તો નથી ને ! કૂતરાએ કહ્યું – ભગવાન ! મને તો બધે અભાવ જ અભાવ દેખાય છે. ન વસ્ત્ર, ન આહાર, ન ઘર અને ન ઉત્પાદનની ક્ષમતા. એક બળદ બનાવીને તેને પણ પૂછયું, તેણે પણ કહ્યું – આપે મને શું કામ બનાવ્યો ? ખાવા માટે સૂકું ઘાસ, હાથપગમાં કોઈ ફરક નહિ. બેડોળ શરીર આપ્યું. શિંગડાં આપી દીધાં. પછી બ્રહ્માજીએ સર્વાંગ સુંદર શરીરધારી મનુષ્યને બનાવ્યો. તેને પણ બ્રહ્માજીએ પૂછયું, વત્સ ! તને તારામાં કોઈ અપૂર્ણતા તો દેખાતી નથી ને ! થોડા સંકોચ સાથે નવનિર્મિત મનુષ્યએ પોતાના અનુભવના આધારે કહ્યું – ભગવાન ! મારા જીવનમાં કોઈ એવી ચીજ નથી બનાવી, જેને હું સમૃદ્ધિ કે પ્રગતિ કહીને સંતોષ પામી શકું. બ્રહ્માજી ગંભીર થઈને બોલ્યા વત્સ ! તને હૃદય આપ્યું, આત્મા આપ્યો, અપાર ક્ષમતાવાળું ઉત્કૃષ્ટ શરીર આપ્યું. હજી પણ તું અપૂર્ણ છે, તો તને કોઈ પૂર્ણ કરી શકશે નહિ.*


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

વાતાવરણની મહત્તા

# અલૌકિક ચેતનામાં રમેલું-વસેલું દિવ્ય તીર્થધામ

હવામાં ખૂબ ઠંડી ભળી ગઈ હતી. ભગવાન સૂર્યદેવ દ્વારા ઉદારતાપૂર્વક આપેલ મખમલી તડકાની ચાદર હોવા છતાં ઠંડીનો તીખો અનુભવ દેહ અને મનને વીંધી નાખતો હતો. જો કે ઠંડીના આ અનુભવ છતાં ૧૯૮૯ના ડિસેમ્બર મહિનાના શરૂઆતના આ દિવસો ઘણા જ સુખદ, આશ્ચર્યજનક અને આનંદપૂર્ણ હતા, કારણ કે આ દિવસોમાં આનંદનાં સઘન ઘન, પરમપૂજ્ય ગુરુદેવની ગોષ્ઠિઓમાં દરરોજ નિયમિત નિરંતર વરસી રહ્યા હતા. ગુરુદેવની આ ગોષ્ઠિઓ દરરોજ થતી હતી અને તેમાં સામેલ થનારના તન-મન-અંતઃકરણ આનંદની છોળોથી ભીનાં થઈ જતાં. આ જીવનનું એવું અનુભૂત સત્ય છે, જેની કથા અનુભૂતિના સ્તર પર જ કહી, સાંભળી, જાણી અને સમજી શકાય.

ગુરુદેવની ગોષ્ઠિઓમાં ઈન્દ્રધનુષી રંગોની છટા છવાયેલી રહેતી. ખૂબ અદ્‌ભુત હતું આ રંગોનું રંજન, સમંજન અને સામંજસ્યનું વૈવિધ્ય. ક્યારેક મુકત હાસ્ય, ક્યારેક મૃદુ-મધુર મુસ્કાન, ક્યારેક નીરવ ગાંભીર્યની ચુપકીદી, ક્યારેક અગ્નિસ્ફુલિંગો જેવી તેમનાં વચનોની દાહક ઉષ્મા, તો ક્યારેક કોઈ રહસ્યમય અલૌકિક લોકમાંથી અવતરિત થતી તેમની શબ્દચેતના. હકીકતમાં તેમની ગોષ્ઠિઓની આ કથાઓ એટલી અકથ્ય છે કે કથાઓના કેટલાક અંશો જ કહી અને સાંભળી શકાય, તે પણ અનુભૂતિ રસમાં પોતાનાં મન-પ્રાણોને ડુબાડીને. જે દિવસની અમૃત કથા અમે આપને સંભળાવીએ છીએ, તે દિવસ ઘણો જ સૌભાગ્યશાળી હતો. પરમપૂજ્ય ગુરુદેવ સાધનામય જીવનનાં કેટલાંક રહસ્યમય સૂત્ર સમજાવી રહ્યા હતા.

પોતાની વાતોના પ્રસંગમાં સાધનાનો આ નવો પ્રસંગ જોડતાં બોલ્યા, પહેલી વાત તો તમે લોકો એ જાણી લો કે સાધના કેટલાંક ધાર્મિક પુસ્તકો વાંચવાનું નામ નથી. એ કરવાનું નામ છે. પુસ્તકોમાં જાતજાતની મીઠાઈઓનાં લખેલ નામ અને તેનાં જાતભાતનાં ચિત્ર જોવા-વાંચવાથી કોઈ પણ મીઠાઈનો કશો જ સ્વાદ નથી મળતો. તેને માટે હલવાઈની દુકાને જવું પડે છે, ખિસ્સાના પૈસા ખરચવા પડે છે, ત્યારે મીઠાઈ મળે છે અને તે ખાઈને સ્વાદનો આનંદ મળે છે. એકદમ એવી જ વાત સાધના બાબતમાં છે. માત્ર ગાયત્રી મહાવિજ્ઞાન વાંચવાથી, અખંડ જ્યોતિનાં પાનાં ફેરવી લેવાથી કંઈ ખાસ વળવાનું નથી. ગાયત્રી મહાવિજ્ઞાનમાં જે લખ્યું છે, તે ભાવભરી શ્રદ્ધા અને દૃઢ સંકલ્પ સાથે લાંબા સમય સુધી કરી જુઓ, તમારી આખી જિંદગી બદલાઈ જશે. એમ કહેતાં તેઓ ધીરેથી બોલ્યા, ગાયત્રી મહાવિજ્ઞાનમાં એવો એક પણ અક્ષર નથી, જે મારી અનુભૂતિઓમાંથી પસાર થયો ન હોય. તેમાં લખેલ કોઈ વાત હોય, ચાહે ચોવીસ હજારના લઘુ અનુષ્ઠાન બાબતમાં હોય, તેમાં લખેલ બધાં અનુશાસનોને માનીને કરતા જાઓ આ અનુષ્ઠાન લાંબા સમય સુધી, પછી જુઓ કેવું પરિવર્તન આવે છે.

ગુરુદેવના આ શબ્દો સાંભળનારાના હૃદયને સીધા વીંધીને અસ્તિત્વનાં ઊંડાણમાં પ્રવેશીને તીવ્ર હલચલ મચાવી રહ્યા હતા. ત્યાં જ એક પ્રશ્નએ વાતોની દિશાને નવો વળાંક આપ્યો. પ્રશ્ન હતો કે સાધનામાં વાતાવરણનું ખૂબ મહત્ત્વ જણાવવામાં આવે છે ? આ સવાલ સાંભળીને ગુરુદેવ થોડા ગંભીર થઈ ગયા. વાતાવરણમાં થોડી મિનિટો એક રહસ્યમય ચુપકીદી છવાઈ ગઈ. પ્રખર આધ્યાત્મિક તેજથી પરિપૂર્ણ ગુરુદેવનાં નેત્રોનો પ્રકાશ ત્યાં ઉપસ્થિત લોકો પર સમાન રીતે વરસતો રહ્યો. બધાના મનમાં મૂંઝવણ હતી કે હવે તેઓ શું કહેશે ? હવે કયું રહસ્ય ખૂલશે ?

બધાનાં ચિંતનની આ કડીઓને તેમના શબ્દોએ એક આંતરિક ઝંકાર સાથે વિખેરી દીધી. તેઓ કહી રહ્યા હતા, બેટા, વાતાવરણનું મહત્ત્વ અસાધારણ અને અદ્‌ભુત છે, પરંતુ તે ગ્રહણ કરવા માટે, તેને ધારણ કરવા માટે યોગ્યતા જોઈએ. હવે જુઓ, સાધના માટે સૌથી સારું વાતાવરણ હિમાલયનું મનાય છે, પણ હિમાલય જનાર, ત્યાં રહેનાર બધાં તેનો લાભ ક્યાં મેળવી શકે છે ? હું


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

જયારે હિમાલય ગયો તો જોયું, બે સાધુ વેશધારી થોડી અમથી જમીન માટે ઝઘડો કરતા હતા. એટલે સુધી કે વાત મારામારી સુધી પહોંચી ગઈ. એક બાજુ હિમાલયમાં આવા લોભી-લાલચુ, દ્વેષ, દુર્ભાવથી ભરેલા લોકો, બીજી બાજુ ઉચ્ચ સાધના સંપન્ન ઋષિઓ અને મહાયોગીઓ પણ છે, જેમણે હિમાલયના વાતાવરણમાં પોતાની જાતને પૂરેપૂરી ડૂબાડી દીધી છે.

આમ કહેતાં તેમણે અદ્ભુત રહસ્ય ખોલી નાખ્યું. તેઓ બોલ્યા, બેટા, મેં તમને લોકોને સાધનાનું વાતાવરણ આપવા માટે શાંતિકુંજ બનાવ્યું છે. આ અદ્ભુત, સંસ્કારી સ્થાન છે. અહીં હિમાલયનું સ્થૂળ રૂપ તો નથી,પણ તમે લોકો સાધનાના ઊંડાણમાં ઊતરી શકો તો જોશો કે મેં અહીં હિમાલયની સમગ્ર ચેતના ઉતારી દીધી છે. અહીં સાધના કરનારને જલદી, અદ્ભુત અને ચમત્કારી પરિણામ મળે, તે માટે મેં અને માતાજીએ પોતાના જીવનભરની તપસ્યા કામે લગાડી છે. એટલું જ નહીં, હિમાલયમાં રહેતા ઋષિ-મુનિઓ અને મહાયોગીઓ પણ અહીં પોતાની છાયા રાખે છે. શાંતિકુંજ સમગ્ર ધરતી પર એવું વિરલ ધામ છે, જે વસ્યું છે તો આ ધરતી પર, પરંતુ તેની ચેતના પૂરેપૂરી અલૌકિક છે.

આ શબ્દો કહેતાં તેમનામાં એક વિચિત્ર ભાવ પરિવર્તન આવ્યું. એક પળ ત્યાં શાંતિ છવાઈ ગઈ. તેઓ થોડા ખિન્ન મનથી બોલ્યા, મેં થાળી પીરસીને રાખી દીધી છે, પણ તમે લોકો ખાઈ પણ શકતા નથી. અહીં રહેતા લોકોની મને દયા આવે છે. આવી તો ગયા છે, પણ સાધના કરવાની લગની નથી. ઘેરથી એમ કહીને આવ્યા હતા કે ગુરુજીનું કામ કરીશું અને સાધના કરીશું- મા-બાપને રડાવ્યાં, સગાંવહાલાંને દુઃખી કર્યાં પણ અહીં આવીને ઈનચાર્જ બનવાના ચક્કરમાં પડી ગયાં. જેઓ કુંવારા છે, તેઓ લગ્ન માટે વ્યાકુળ છે. જેમનાં લગ્ન થઈ ગયાં છે, તેમને બાળક જોઈએ છે. જેમને એક બાળક છે તેમને બે બાળકો જોઈએ છે. કાર્યકર્તા, સ્વયંસેવક બનવામાં ગૌરવ અનુભવતા નથી, ઈનચાર્જ બનવા માંગે છે. મેનેજર બનવા માટે વ્યાકુળ છે.

આ શબ્દોમાં ગુરુદેવની ઘેરી પીડા, સઘન કરુણા છલકાતી હતી. આ શબ્દોમાં પોતાનાં બાળકો માટે તેમની લાગણી અને દર્દ હતા. વિરામ લીધા વિના તેઓ કહી રહ્યા હતા, વાતાવરણનો લાભ લેવા માટે તેમાં પોતાના મનને ડુબાડી દેવું પડે છે. દુનિયાની ચિંતા છોડીને પોતાના ભાવ તેમાં ભીંજવવા પડે છે. વાતાવરણના પ્રવાહમાં પોતાના પ્રાણોને પ્રવાહિત કરવા પડે છે. એમ કરી, પછી કહો કે શાંતિકુંજનું વાતાવરણ ચમત્કારી છે કે નહીં. તમારી લોકોની પાસે કામ વધુ હોય, સતત અનુષ્ઠાન ન કરી શકો, તો ઓછામાં ઓછું ચોવીસ કલાક સૂતાં -જાગતાં એમ વિચારો કે શાંતિકુંજમાં ચારે બાજુ ગુરુજીનાં તપ-પ્રાણ ફેલાયેલાં છે અને આપણે તેને આપણાં રોમરોમથી, શ્વાસશ્વાસથી ગ્રહણ-ધારણ કરી રહ્યા છીએ. ગુરુજીની તપસ્યા અમારા આંતરિક જીવનને દિવ્ય અને બાહ્ય જીવનને નૈતિક અને નિર્મળ બનાવી રહી છે, આ ભાવમાં બે વર્ષ જીવી જુઓ, પછી જુઓ તેનો ચમત્કાર!

અરે બેટા, શાંતિકુંજ સાધારણ જગ્યા નથી. તે શિવની કાશી છે. જ્યાં માતાજી સ્વરૂપે સ્વયં માતા અન્નપૂર્ણા રહે છે. સ્વયં અમે રહીએ છીએ. અમારા બંનેના દેહ રહે કે ન રહે, પણ અમે બંને અહીં સદા-સર્વદા રહીશું. અમે બંને અમારા આ દિવ્ય ધામને ક્યારેય કોઈ પણ સંજોગોમાં છોડીશું નહીં. શાંતિકુંજ તો મહાકાળનો માળો છે. અહીં મહાકાળ સ્વયં રહે છે. સૃષ્ટિની અનંત દૈવી અને દિવ્ય શકિતઓ અહીં હંમેશાં ક્રિયાશીલ રહે છે. જે સાધના કરશે, તે જ આ રહસ્યને જાણી શકશે. અહીં નાની શી તપસાધના ભારે મોટાં પરિણામ આપશે. કરીને તો જુઓ, મનનું મંથન કરનારી ગુરુદેવની આ વાતોએ અંતઃકરણમાં હલચલ મચાવી દીધી. આટલાં વર્ષો પછી પણ એ હલચલનાં સ્પંદનો હજુ પણ અનુભવી શકાય છે. જો આવું જ કંઈ આપને પણ અનુભવી શકાતું હોય તો પરમપૂજ્ય ગુરુદેવની આજ્ઞાને શિરોધાર્ય કરીને સત્શિષ્યનાં કર્તવ્યોનું પાલન કરવામાં જોડાઈ જાઓ. મહાસિદ્ધના શિષ્યોએ સાધક તો થવું જ જોઈએ. એમાં જ આપણું ગૌરવ છે.

❋❋❋



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

**પરિચેતના**

# ઋષિઓની મૂર્તિઓમાં પ્રતિષ્ઠિત ગુરુચેતનાનો અંશ

ફાગણનો ઉલ્લાસ પ્રકૃતિના કણેકણમાં છલકાઈ રહ્યો હતો. રસાળ બોરની સુગંધ, નવી કૂંપળોની ચમક, કોયલનું મધુરગાન આ સર્વને મુખર અભિવ્યકિત આપી રહ્યાં હતાં. ઈ.સ. ૧૯૮૬ના વર્ષના આ દિવસો સર્વ રીતે અનોખા હતા. પ્રાકૃતિક ઉલ્લાસની આ છટા પૂર્ણ મહાકુંભ પર્વના આધ્યાત્મિક ઉલ્લાસના રંગોમાં બોળાઈને વધુ સંમોહક બની ગઈ હતી. આ દિવસોમાં હરિદ્વારમાં પૂર્ણ મહાકુંભમાં અમૃતકણોની જાણે વૃષ્ટિ થઈ રહી હતી. આધ્યાત્મિક કથા કીર્તન, સત્સંગનો મધુર નાદ ચોમેર સંભળાઈ રહ્યો હતો. ગંગાની ધારાઓ પર લક્કડિયો પુલ બની ગયો હોવાથી શ્રદ્ધાળુ જનોનું આવાગમન સ્વાભાવિક બની ગયું હતું. સપ્તઋષિ ક્ષેત્રમાં વ્યાપેલી યુગ-યુગીન ઋષિઓની તપોચેતના, અહીં પધારનારાઓના મસ્તિષ્કમાં અનાયાસ સ્પંદિત થતી હતી.

યુગઋષિ ગુરુદેવના પ્રભાવથી આ સ્પંદનો શાંતિકુંજમાં કંઈક અધિક માત્રામાં ઘનીભૂત બન્યાં હતાં. મહાકુંભનો સ્વાભાવિક ઉલ્લાસ પણ અહીં અપેક્ષા પ્રમાણે સેંકડો-હજારો ગણો હતો. તેનું મુખ્ય કારણ પરમપૂજ્ય ગુરુદેવની ચુંબકીય ઉપસ્થિતિ હતું. હજુ થોડાક દિવસો પહેલાં જ તેઓ વસંતપંચમીના દિવસે પોતાની સૂક્ષ્મીકરણ સાધનામાંથી બહાર આવ્યા હતા. ભકતો અને શિષ્યોના ઉત્કંઠિત આતુર પ્રાણ આ મહાપ્રાણને મળીને એક અનોખી આધ્યાત્મિક સંતૃપ્તિનો અનુભવ કરી રહ્યા હતા. સૂક્ષ્મીકરણ સાધનાનાં વર્ષોમાં મોટે ભાગે બધાને મળવાનું બંધ કર્યું હતું. વંદનીય માતાજી સિવાય એક બે અતિ નિકટના માણસો જ એવા હતા, જેઓ આ દિવસોમાં પણ તેઓને મળતા રહેતા. આનું કારણ તેમની અનેક મહત્ત્વપૂર્ણ અને અનિવાર્ય કાર્યોમાં સહ-ભાગીદારી હતી, અન્યથા સમદર્શી અને શિષ્યવત્સલ ગુરુદેવની ભાવનાઓ તો સૌ કોઈ પ્રત્યે સમાન જ હતી.

હવે જયારે તેમણે ફરીથી મળવાનું શરૂ કર્યું ત્યારે તેઓ બધાને ખૂબ ઉદારતાથી મળતા હતા. દેશના ખૂણે ખૂણેથી એટલે કે દેશના અને સુદુર દેશોના ભકતજનો પોતાના પરમ આરાધ્ય સદ્ગુરુનાં દર્શન કરવા માટે દોડી આવતા હતા. મહાકુંભની વ્યાપકતામાં સદ્ગુરુના પ્રેમનો અનોખો કુંભ સ્વતઃ આયોજિત થઈ ગયો હતો. તેમાં ભકતજન પોતાના સદ્ગુરુના પ્રેમામૃતથી અભિસિંચિત થવા માટે સદ્ગુરુના પ્રેમ-સરોવરમાં ડૂબકીઓ લગાવવા માટે દોડી આવતા હતા. શાંતિકુંજ બ્રહ્મવર્ચસ્‌ના નિવાસીઓનું તો પૂછવું જ શું ? તેમના સૌભાગ્યની તો દેવતાઓ અને સિદ્ધજનો પણ ઈર્ષ્યા કરી રહ્યા હતા. આવનાર શિષ્યો-ભકતો અને કાર્યકર્તાઓને ગુરુદેવ મળતા હતા. તેમને મિશનની ભાવિ યોજનાઓ સમજાવતા હતા. તેમની વચ્ચે પણ વાર્તાલાપ થતા રહેતા, જેઓ શાંતિકુંજમાં રહેતા હતા. જેમને કામ કરવાનો અનુભવ થોડોક વધારે હતો એવા વરિષ્ઠજનો સાથે ગુરુદેવ આ દિવસોમાં લગભગ રોજ મળતા.

તે દિવસે પણ આવી જ ગોષ્ઠિ ચાલી રહી હતી. શાંતિકુંજ અને બ્રહ્મવર્ચસ્‌ના મોટા ભાગના બધા વરિષ્ઠ કાર્યકર્તાઓ બેઠા હતા. આ જ દિવસોમાં શાંતિકુંજમાં ગાયત્રી માતાના મંદિરની પાસેના ક્ષેત્રમાં ઋષિઓની મૂર્તિઓની સ્થાપના કરાઈ રહી હતી. આ સ્થાપના લગભગ સંપન્ન થઈ ગઈ હતી, બસ માત્ર પ્રાણ પ્રતિષ્ઠાનું કાર્ય બાકી હતું. ઋષિઓની આ એ જ મૂર્તિઓ છે, જેમનાં દર્શન હવે લોકો શાંતિકુંજના ઋષિક્ષેત્રમાં કરે છે. પહેલાં અહીં આ મૂર્તિઓ નહોતી. જે લોકો વર્ષ ઈ.સ. ૧૯૮૬ પહેલાં શાંતિકુંજમાં આવતા રહ્યા છે, તેમને ખ્યાલ હશે કે આ સ્થાપનો પર પહેલા વિભિન્ન તીર્થોનાં ચિત્રો લગાવેલા હતાં. ઋષિઓની આ મૂર્તિઓ સન્ ૧૯૮૬ના કુંભપર્વમાં જ સ્થાપિત કરવામાં આવી હતી.

આ મૂર્તિઓ પોતપોતાનાં યોગ્ય સ્થાનો પર સ્થાપિત થઈ ચૂકી હતી. તેમાં માત્ર પ્રાણપ્રતિષ્ઠા



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

થવાની બાકી હતી. તે દિવસે પરમપૂજ્ય ગુરુદેવની ચર્ચાનું મુખ્ય બિન્દુ પણ આ જ હતું. પૂજ્ય ગુરુદેવ ઉપસ્થિત કાર્યકર્તાઓને સમજાવી રહ્યા હતા, બેટા, આપણું આ મિશન ઋષિઓનું મિશન છે. આપણે તો માત્ર તેમના પ્રતિનિધિઓ છીએ. ઋષિઓની દિવ્ય સત્તાઓ દેવાત્મા હિમાલયના ધ્રુવ કેન્દ્રમાં આજે પણ સૂક્ષ્મરૂપે નિવાસ કરે છે. સૃષ્ટિ-સંચાલનની સમસ્ત સૂક્ષ્મ વ્યવસ્થાનું દાયિત્વ તેમના પર જ છે. તેઓ જ પોતાની તપશકિતથી સૃષ્ટિમાં સામંજસ્ય બનાવી રહેલ છે. આપણું આ મિશન પણ તેમની જ તપોશકિતથી કાર્ય કરી રહેલ છે, અહીં જે પણ કંઈ કાર્યક્રમ, ગતિવિધિઓ અને યોજનાઓ બનાવવામાં આવે છે, તે બધાની પાછળ તેમની જ પ્રેરણા અને ઈચ્છાશકિત ક્રિયાશીલ છે.

ગુરુદેવની વાણીનો પ્રત્યેક શબ્દ જાણે કે નવું રહસ્ય અનાવૃત્ત કરી રહ્યો હતો. સાંભળનારાઓ ચકિત અને હતપ્રભ હતા. તેમને એમ લાગી રહ્યું હતું કે જાણે બન્ને જગત પૂજ્ય ગુરુદેવના રૂપમાં મૂર્તિમાન થઈને પોતાનો પરિચય કરાવી રહ્યું હતું. ગુરુદેવના રૂપમાં સ્થૂળ અને સૂક્ષ્મ જગતની વિધિ-વ્યવસ્થાનો અદ્‌ભુત પરિચય મળી રહ્યો હતો. બધા એ જાણી શકયા હતા કે સ્થૂળની જેમ સૂક્ષ્મની પણ એક વિધિ-વ્યવસ્થા છે. આ ક્રમમાં તેમણે કેટલીક અન્ય રહસ્યમય વાતો પણ જણાવી. પછીથી તેમણે પોતાની વાતોને વચ્ચે જ અચાનક પૂરી કરતાં કહ્યું, હવે તમે બધા જાઓ, મને મળવા માટે કેટલાક વિશિષ્ટ વી.આઈ.પી. આવવાના છે.

ત્યાં ઉપસ્થિત જનોમાંથી કેટલાકે વિચાર્યું કે હરિદ્વારમાં મહાકુંભ મેળો ચાલી રહ્યો છે. લગભગ દરરોજ રાજ્ય અને કેન્દ્રના મંત્રીઓ તથા વરિષ્ઠ અધિકારીઓ આવતા રહે છે. બની શકે કે તેઓમાંથી જ કોઈક આજે ગુરુજીને મળવા આવી રહ્યા હોય. અંતર્યામી ગુરુદેવને માટે બીજાઓના મનની વાત જાણી લેવી તે બહુ જ સરળ હતું. તેઓ પોતાનાં બાળકોના મનમાં ચાલી રહેલી અવઢવ પળમાત્રમાં પામી ગયા અને હસી પડયા. તેમના મુકત હાસ્યની નિર્મળ છટા ખૂબ જ મનોરમ્ય હતી. આ નિર્મળ હાસ્યને વિખેરતાં તેઓ બોલ્યા, અરે ભાઈ, તમે લોકો જેમને વી.આઈ.પી માનો છો તેઓ અમારે માટે કયારેય વી.આઈ. પી. ન હોઈ શકે અને અમારા વી.આઈ.પી. લખનૌ અથવા દિલ્હીથી નથી આવતા. તેઓ તો દિવ્ય લોકમાંથી અથવા પછી દેવાત્મા હિમાલયના આધ્યાત્મિક ધ્રુવ કેન્દ્રમાંથી આવે છે.

તે દિવસ વિભિન્ન આધ્યાત્મિક રહસ્યો પ્રગટ થવાનો દિવસ હતો. પળભરની ચુપકીદી પછી ગુરુદેવે કહ્યું, બેટા, તમને બધાને ખબર છે કે ઋષિઓની પ્રાણપ્રતિષ્ઠા થવાની છે, તો જે ઋષિઓની પ્રાણ-પ્રતિષ્ઠા થવાની છે તે ઋષિઓ સ્વયં સૂક્ષ્મશરીર દ્વારા આજે અમારી પાસે આવી રહ્યા છે. હજી હમણાં અમને અંતઃકરણમાં તેમનો સંદેશો પ્રાપ્ત થયો છે. તેમણે કહ્યું છે કે તેઓ સ્વયં અહીં આવીને સૌ પહેલાં મને મળશે, પછી પોતાના એક અંશની પ્રતિષ્ઠા, તમે જે મૂર્તિઓ સ્થાપિત કરી છે તેમાં સ્થાપિત કરશે.

ગુરુદેવની આ બધી વાતો ખૂબ જ અદ્‌ભુત હતી. તે સાંભળીને બધાને ભારે અચરજ સાથે આનંદ થયો. લગભગ બધા જ મનમાં એ વિચારી રહ્યા હતા કે ભલે અમે તે દિવ્ય મહર્ષિઓને જોવા ન પામીએ પણ તેઓ તો અમને જોશે જ. તેમના અનુગ્રહની કૃપાવૃષ્ટિ અમારા પર થતી હોય અને આ બધું થશે કેવળ પરમપૂજ્ય ગુરુદેવની કૃપાભરી ઉપસ્થિતિને લીધે જ. આમ વિચારતા બધા લોકો ગુરુદેવના ખંડમાંથી પાછા ફર્યા. તે દિવસે શું બન્યું તે કોઈએ પણ પ્રત્યક્ષરૂપે ન જોયું. હા, એટલું તો અવશ્ય જોવા મળ્યું કે તે દિવસે વંદનીય માતાજી સમય થતાં પહેલાં જ બપોરના સમયે ગુરુદેવના ખંડમાં પહોંચી ગયાં. ગુરુદેવ અને માતાજી બન્ને તે દિવસે કોઈને પણ મળ્યાં નહિ. રાત્રે પણ તેમના સેવક સહચરો તેમનાથી દૂર જ રહ્યા. સવારે માત્ર એટલી ખબર પડી કે ઋષિઓની મૂર્તિઓમાં પ્રાણપ્રતિષ્ઠા સંપન્ન થઈ ગઈ છે. કર્મકાંડની ઔપચારિક પ્રક્રિયાઓ તે પછીથી સંપન્ન થઈ. આજે આ સત્ય ચાહે ગમે તેટલું આશ્ચર્યકારક લાગે, પરંતુ એ પૂર્ણતઃ સત્ય છે કે જે ઋષિઓને આજે આપણે શાંતિકુંજમાં પ્રતિષ્ઠિત થયેલા જોઈએ છીએ, તેમની પ્રાણપ્રતિષ્ઠા સ્વયં એ જ મહર્ષિઓએ પોતાની ચેતનાના એક અંશને પ્રતિષ્ઠિત કરીને કરી છે. ઋષિઓની આ મૂર્તિઓ કેવળ મૂર્તિઓ જ નથી, પરંતુ તેમાં તો તે મહર્ષિઓની જીવંત પ્રાણ-ચેતના વિદ્યમાન છે. આ બધું પૂજ્ય ગુરુદેવની કૃપાનું જ ફળ છે. જેની અનુભૂતિ આજે પણ થઈ રહી છે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

તત્ત્વજ્ઞાન : ગુરુગીતા-૫

# ગુરુચરણ રજનું માહાત્મ્ય

ગુરુગીતાના મહામંત્રો સાધકોને ડગલે ને પગલે માર્ગદર્શન આપતા રહે છે. સાધનાની સુગમ, સરળ, સહજ વિધિઓ સુઝાડે છે. સાધકોને તે એ ગુહ્યતત્ત્વનો બોધ કરાવે છે કે તમે શા માટે આમ તેમ ભટકી રહ્યા છો, શા માટે નકામા પરેશાન થાવ છો ? પરમ કૃપાળુ સદ્‌ગુરુ હોય ત્યારે તમારે કોઈ પણ પ્રકારે ભટકવાની અથવા પરેશાન થવાની જરૂર નથી. સદ્‌ગુરુ પ્રત્યે ભાવભર્યું સમર્પણ બધા ભવરોગોની અકસીર દવા છે. સમસ્યાઓ - પછી ભલે તે ભૌતિક હોય કે આધ્યાત્મિક, લૌકિક હોય કે અલૌકિક, ગુરુચરણોમાં બધાનું સંપૂર્ણ સમાધાન સમાયેલું છે. આના પાછળની કડીમાં ગુરુચરણોના આ જ મહિમા પર ચર્ચા કરવામાં આવી હતી. ગુરુચરણોની કૃપાથી ગુરુભકત સાધકને સાધનાની પરમ પ્રાપ્તિ અનાયાસે જ સુલભ થયેલ છે. ગુરુચરણોની સેવાથી જીવ અયમાત્માબ્રહ્મના દુર્લભ બોધને સુગમતાપૂર્વક પામી લે છે.

ગુરુભકિતની આ ભાવકથાને આગળ ધપાવતાં દેવોના પણ પરમદેવ ભગવાન સદાશિવ આદિમાતા પાર્વતીને કહે છે-

ગુરુપાદામ્બુજં સ્મૃત્વા જલં શિરસિ ધારયેત્ ।<br>
સર્વતીર્થાવગહસ્ય સમ્પ્રાપ્નોતિ ફલં નરઃ ॥૧૨॥<br>
શોષકં પાપપંકસ્ય દીપનં જ્ઞાનતેજસામ્ ।<br>
ગુરુપાદોદકં સમ્યક્ સંસારાર્ણવતારકમ્ ॥૧૩॥<br>
અજ્ઞાનમૂલહરણં જન્મકર્મનિવારણમ્ ।<br>
જ્ઞાનવૈરાગ્ય સિદ્ધ્યર્થં ગુરુપાદોદકં પિવેત ॥ ૧૪ ॥

સદગુરુનાં ચરણોનું સ્મરણ કરતાં, જળને મસ્તક ઉપર રેડવાથી મનુષ્યને બધાં તીર્થોના સ્નાનનું ફળ પ્રાપ્ત થાય છે -૧૨

શ્રી ગુરુનાં ચરણોનું જળ પાપપંક (કાદવ)ને સૂકવી નાખનાર અને જ્ઞાન તેજના દીપકને પ્રકાશિત કરનાર છે.

ગુરુચરણોનાં જળના મહિમાથી મનુષ્ય સારી રીતે સંસાર સાગરને પાર કરી જાય છે. - ૧૩

ગુરુચરણોના જળનું આચમન કરવાથી અંતભૂમિમાં ઊંડાણથી જમા થયેલ અજ્ઞાનનું મહાવૃક્ષ જડમૂળમાંથી ઊખડી જાય છે. જન્મ-કર્મના બંધનનું નિવારણ થાય છે.- ૧૪

ભગવાન ભોળાનાથના મુખથી ઉચ્ચારિત આ મહામંત્રો ઊંડાણ અને ગહન ભાવોથી ભરેલા છે. તેમનું શ્રવણ અને પઠન સંભવિત છે. સામાન્ય જનોને કાંઈક અતિશયોક્તિ જેવું લાગે, પરંતુ જે સાધકો તેના પર મનન અને ચિંતન કરશે, તેમને આ મહામંત્રોથી સત્ય અને ઋતનાં પ્રકાશકિરણો ફૂટતાં હોવાનો અનુભવ થશે. આ અનુભૂતિની ક્ષણોમાં તેમને એવું લાગશે કે જે કાંઈ આ મંત્રોમાં છે, તે તો માત્ર સંકેત છે, તેનો યથાર્થ તો કયાંક બીજે, પરંતુ અધિક વિસ્તૃત અને વિરાટ છે.

આને સુસ્પષ્ટ રીતે સમજાવવા માટે આ પંક્તિઓમાં એક ગુરુભકત સાધકની અનુભૂતિ કથા પ્રસ્તુત છે. આ અનુભૂતિ-કથા સંપૂર્ણતયા સત્ય છે. આ સત્ય ઘટના શ્રી અરવિંદ આશ્રમ, પોંડિચેરીના શ્રેષ્ઠ સાધક ગંગાધરણ વિશેની છે. થોડાંક જ વર્ષો પહેલાં તેઓ પોતાનો પાર્થિવ દેહ ત્યજીને પોતાના સદ્‌ગુરુનાં ચરણોમાં વિલીન થયા. વાતચીત દરમિયાન તેમણે પોતાના સાધનામય જીવનનું રહસ્ય દર્શાવતાં કહ્યું હતું કે શ્રેષ્ઠ સુગમ, પરંતુ સર્વાધિક ફળદાયી અને પ્રભાવશાળી સાધના પોતાના સદ્‌ગુરુનાં ચરણોનું ચિંતન અને ધ્યાન છે.

તેમણે જણાવ્યું કે જયારે હું પોંડિચેરી આશ્રમ મહર્ષિ અરવિંદની પાસે આવ્યો ત્યારે મારી ઉંમર માત્ર ૧૭ વર્ષની હતી. હું ભણ્યો-ગણ્યો ખાસ હતો નહિ, તમિલ ભાષા સામાન્ય બોલી શકતો હતો. જે વખત તેઓ પોતાનો અનુભવ વર્ણવી રહ્યા હતા, તે સમયે તેમની ઉંમર ૮૭ વર્ષની હતી, ત્યારે પોતાના જીવન વિશે જણાવતાં તેમણે કહ્યું, મહર્ષિ અરવિંદને પહેલી વખત મળતાં તેમણે મને પૂછયું, તમે અહીં કેમ આવ્યા છો અને શું ઈચ્છો છો ? તેમના આ સવાલોના જવાબમાં મેં કહ્યું, પ્રભુ, મને ખબર નથી કે હું શા માટે આવ્યો છું. મને એ પણ ખબર નથી કે મારી



Disclaimer / Warning: All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

શી ચાહના છે. આમ તો હું ઘણો ગરીબ છું, પરંતુ હું એટલું તો અવશ્ય કહી શકું કે હું અહીં કેવળ રોટી ખાવા નથી આવ્યો.

આ સરળ ઉત્તરથી શ્રી અરવિંદ ખૂબ પ્રસન્ન થયા. તેમણે માતાજીને કહ્યું કે આ છોકરો પોતાના યોગ માટે તૈયાર છે. ત્યાર બાદ ગંગાધરણજીને આશ્રમનાં કામોમાં જોડી દીધા. નાળાં સાફ કરવાં, ગૌશાળાની સફાઈનું કામ કરવું- જેવાં સામાન્ય કામો તેમને કરવાં પડતાં હતાં. વીતી ગયેલી યાદોને ઢંઢોળતાં શ્રી ગંગાધરણજીએ જણાવ્યું કે મને સોંપવામાં આવેલાં કામો તો અતિ સાધારણ હતાં, પરંતુ હું શ્રી અરવિંદનાં ચરણોનું ચિંતન કરતાં ભક્તિપૂર્વક તે કામો કરતો હતો. કામ પ્રત્યે મારો એ જ ભાવ હતો કે હું આશ્રમનાં સાધારણ કામો નહીં, પરંતુ પોતાના સદ્‌ગુરુની વ્યક્તિગત સેવા કરી રહ્યો છું. દિવસો, મહિનાઓ અને વર્ષો વીતતાં ગયાં. એક દિવસ જન્મદિનના અવસર પર માતાજીને મળવાનું બન્યું. પ્રેમપૂર્વક આશીર્વાદ આપતાં માતાજીએ પૂછયું બોલ, તને જન્મદિનના અવસરે શું જોઈએ ? ઉત્તરમાં મેં વિનમ્રતાપૂર્વક કહ્યું, મા, આપ જો કાંઈક આપવા ઈચ્છતો હો, તો મને આપ આપની અને શ્રી અરવિંદની ચરણરજ અને આપના બન્નેનું ચરણજળ આપો. આ ભક્તિપૂર્ણ આગ્રહનો માતાજીએ સ્વીકાર કરી લીધો. પછી તો દરેક વર્ષે જન્મદિનના અવસરે આ ક્રમ સચવાઈ રહ્યો. પાછળથી ચરણરજને સામાન્ય ધૂળમાં મેળવીને અને ચરણજળને ગંગાજળમાં મેળવીને રાખી મૂકવાની મને આદત પડી ગઈ. વીતતાં વર્ષોની સાથે શ્રી અરવિંદે દેહ ત્યજી દીધો. માતાજી પણ રહ્યાં નહિ, પરંતુ આ રીતે કોઈ પ્રકારે મારી પાસે તેમની ચરણરજ અને ચરણજળ સચવાઈ રહ્યાં.

ગંગાધરણજીએ જણાવ્યું કે મારી પોતાની પૂજાના બાજઠ પર હું આ બન્ને દુર્લભ વસ્તુઓને રાખતો હતો. તેમની જ પાસે પૂજાની વેદી પર શ્રી અરવિંદના બન્ને મહાગ્રંથ ‘ લાઈફ ડિવાઈન’ અને ‘ સાવિત્રી ’ પણ સજાવીને રાખ્યા હતા. શ્રી અરવિંદ અને શ્રી માતાજીના મહાનિર્વાણ પછી આ દિવ્ય વસ્તુઓની પૂજા મારા જીવનનો આધાર બની રહી. હું ભણેલો ગણેલો ન હોવાના કારણે હું બીજું કરી પણ શું શકું તેમ હતો ? ‘ લાઈફ ડિવાઈન ’ અને ‘ સાવિત્રી’ને સમજી શકવાની મારામાં બુદ્ધિ પણ કયાં હતી ? સદ્‌ગુરુ ચરણરજ અને સદ્‌ગુરુ ચરણજળની સાથે તેમની પૂજા-અર્ચના મારો નિત્યક્રમ હતો. તે સાથે આશ્રમનાં કામોને પણ ગુરુભક્તિ સમજીને કર્યા કરતો હતો.

એક દિવસ પોતાના સદ્‌ગુરુ વિશે વિચાર કરતાં કરતાં શ્રી ગંગાધરણજીનું હૃદય ભરાઈ આવ્યું. તે વિચારવા લાગ્યા કે તેઓ ૧૭ વર્ષના હતા ત્યારે અહીં આવ્યા હતા અને હવે ૮૦ વર્ષ ઉપરની ઉંમર થવા આવી છે, પરંતુ હજુ સુધી કાંઈ વિશેષ અનુભૂતિ થઈ નથી. આ પ્રમાણે વિચારીને તેઓ પૂજા સ્થળ પર ગુરુની ચરણરજ અને ચરણોની પૂજા કરતાં કરતાં પ્રાર્થના કરવા લાગ્યા - ‘ હે અંતર્યામી ગુરુદેવ, હે જગન્માતા, હું તો આપનો અજ્ઞાની બાળક માત્ર છું, હું વાંચવા-લખવાનું પણ પદ્ધતિસર જાણતો નથી. આપે જે આપનું દિવ્યજ્ઞાન આલેખ્યું છે, તે હું વાંચી પણ નથી શકતો. હે સર્વસમર્થ પ્રભુ, મને તો બસ આપની કૃપા પર ભરોસો છે’. તેમની આ ભાવસભર પ્રાર્થના અવિરત ચાલતી રહી. આંખોમાંથી અશ્રુધારા વહેતી રહી. ખબર નથી કેટલો સમય આ ક્રમ ચાલતો રહ્યો. જયારે સ્વયં અરવિંદ અને માતાજી પોતાના અતિમાનસ શરીરથી તેમની પાસે આવી ગયાં, ત્યારે તેમને ભાન આવ્યું. અતિમાનસિક પ્રકાશથી તેમનું અણુએ અણુ ભરાઈ ગયું. શ્રી અરવિંદે કૃપા કરીને તેમને અતિમાનસિક જગતની દિવ્ય અનુભૂતિઓ પ્રદાન કરી. પોતાનાં આ સંસ્મરણોનો ઉપસંહાર કરતાં ગંગાધરણે કહ્યું, મને તો બધું જ ગુરુચરણોની રજ અને ચરણજળે આપી દીધું. આ સત્યકથા અમારા અને આપના સૌના જીવનની પણ સત્યકથા બની શકે તેમ છે. સદ્‌ગુરુનાં ચરણોનો મહિમા જ કંઈક આવો અનોખો છે. આ તત્ત્વનો વધુ વિસ્તાર ‘ ગુરુગીતા ’ના હવે પછીના અંકમાં.....



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# યોગ ફળે છે સમ્યક્ જ્ઞાનથી

યોગસૂત્રકાર મહર્ષિ પતંજલિ અને મહાયોગી પરમપૂજ્ય ગુરુદેવ પોતાની અજોડ અનુભવ સંપત્તિ સોંપવા માટે આપણી સૌની વચ્ચે પધાર્યા. જે યોગ સાધક અને યોગના વિદ્યાર્થીઓ તેને ગ્રહણ કરી શકયા છે તેમને પોતાનાં અંતઃકરણોમાં પ્રકાશ ધારાઓના અવતરણની અનુભૂતિ થઈ હશે. આ મહાસિદ્ધોની અનુભૂતિકથા તેમને યૌગિક અનુભૂતિઓ અને યૌગિક વિભૂતિઓનું વરદાન પ્રદાન કરશે. આવશ્યકતા આ યોગકથાના પઠનની સાથે મનન અને ચિંતનની છે. તત્ત્વચિંતનના ઊંડાણયુકત અભ્યાસની આવશ્યકતા છે. પાછલી કડીમાં બધા સાધકોને મનની પાંચ વૃત્તિઓનો સામાન્ય પરિચય આપવામાં આવ્યો હતો. એ જણાવવામાં આવ્યું હતું કે આ પાંચ વૃત્તિઓ મનની પાંચ શકિતઓ અને વિભૂતિઓ છે. તેમના સમ્યક્ પ્રયોગથી યોગ સાધક ઘણી બધી આશ્ચર્યજનક ઉપલબ્ધિ હસ્તગત કરવામાં સક્ષમ બની શકે છે.

હવે પછી આગળના સૂત્રમાં પતંજલિ આ પંચવૃત્તિઓમાં પહેલી વૃત્તિના પ્રમાણ વિશે સ્પષ્ટતાપૂર્વક સમજાવે છે. તેઓ કહે છે પ્રત્યક્ષાનુમાનાગામાઃ પ્રમાણાનિ (૩-૭). અર્થાત સમ્યક્ જ્ઞાન અથવા પ્રમાણવૃત્તિના ત્રણ સ્રોતો છે- પ્રત્યક્ષ બોધ, અનુમાન અને યોગસિદ્ધ આત્મીય પુરુષોનાં વચન. આ ત્રણ વિધિઓ એ જ છે, જેમના દ્વારા યોગસાધકને ઠીક ઠીક પ્રમાણમાં જ્ઞાન પ્રાપ્ત થઈ શકે છે. તેમાં પહેલી વિધિ પ્રત્યક્ષ બોધની છે. એ સમ્યક્ જ્ઞાનનો પ્રથમ સ્રોત છે. તેનો અર્થ થાય છે સામ-સામેનો સાક્ષાત્કાર. જ્ઞાતા અને જ્ઞેયની વચ્ચે કાંઈ માધ્યમની જરૂરત રહેતી નથી. સત્યને સમજાવવા માટે કોઈ દુભાષિયાની આવશ્યકતા રહેતી નથી.

વાત બિલકુલ સ્પષ્ટ છે, સરળ અને સીધી છે, તો પણ તેમાં અનેક અવરોધો છે. તેને સમજવામાં મોટે ભાગે યોગસૂત્રના ભાષ્યકારો, વાર્તિકકારોએ આ સીધી, સરળ અને સ્પષ્ટ વાતની ખૂબ જ ખોટી વ્યાખ્યા કરી છે. તેમણે પ્રત્યક્ષ બોધને ઈન્દ્રિયબોધની સાંકડી સીમાઓમાં સમેટી લીધો છે. ઉદાહરણ તરીકે કેટલાય આચાર્યોનું એવું કહેવું છે કે પ્રત્યક્ષ તે જ છે, જે આંખોની સામે છે, પરંતુ તે બરાબર સામ સામે કયાં થયું ? તેમની વચ્ચે આંખો તો છે જ. આ જ રીતે કાંઈ સાંભળવામાં આવે છે ત્યારે કાન માધ્યમ બને છે અને આ આંખો અથવા કાન ખોટું પણ જાણી શકે છે. ઈન્દ્રિય બોધ- સત્ય બોધ જ હોય એ કંઈ જરૂરી નથી. ઈન્દ્રિયોમાં જરા સરખો પણ દોષ આવી ગયો તો બધી જ ખબર ખોટી મળે છે. કંઈકને બદલે બીજું જ કાંઈ જોવા-સાંભળવામાં આવે છે.

તો પછી પ્રત્યક્ષ જ્ઞાન-બોધ શું છે ? આ સવાલના ઉત્તરમાં પરમપૂજ્ય ગુરુદેવનું ચિંતનસૂત્ર કહે છે, ચેતના પ્રત્યક્ષ ! એટલે કે આપણી ચેતના કોઈ ઈન્દ્રિય માધ્યમ વિના બધું જ સ્પષ્ટ આમને-સામને જુએ. ઊંડા ધ્યાન અને સમાધિની ભાવદશામાં જ સાધકને આ સ્થિતિ પ્રાપ્ત થાય છે. ત્યારે જોવા માટે, જાણવા માટે કોઈપણ માધ્યમની જરૂરત રહેતી નથી. કોઈ ઈન્દ્રિયની જરૂરત તો બિલકુલ રહેતી નથી. મહાત્મા બુદ્ધ, મહર્ષિ રમણ, શ્રી અરવિંદ અને પરમપૂજ્ય ગુરુદેવ જેવા મહાયોગીઓ આ રીતે જ સત્તા અને સત્યની પ્રત્યક્ષ અનુભૂતિ કરે છે, તેમાં ઈન્દ્રિયોગી કોઈ પ્રકારે કશી ભાગીદારી હોતી નથી. જ્ઞાતા અને જ્ઞેય એકદમ આમને - સામને હોય છે. તેમની વચ્ચે બીજું કાંઈ હોતું નથી. કેવળ પ્રત્યક્ષતા જ સત્ય અનુભવ બનીને પ્રગટ થાય છે.

પરમપૂજ્ય ગુરુદેવ કહેતા હતા કે પ્રત્યક્ષને ચેતના પ્રત્યક્ષ માનવાથી જ મહર્ષિ પતંજલિ જેવા મહાયોગીનો ભાવ પ્રગટ થશે. જો આપણે પ્રત્યક્ષને કેવળ ઈન્દ્રિય પ્રત્યક્ષની મર્યાદામાં સાંકડું બનાવી દઈએ તો આપણે તેને ચાર્વાક જેવા નાસ્તિક અને



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

જડવાદી દાર્શનિકોની શ્રેણીમાં ઊભું કરી દઈશું, કેમ કે ચાર્વાક દર્શનના પ્રવર્તક બૃહસ્પતિનો પ્રમુખ મત એ જ છે કે જે કંઈ ઈન્દ્રિયો અનુભવ કરે છે, જે નજરોની સામે છે, એ જ પ્રમાણ છે. ચાર્વાકને ભારતીય ભૌતિકવાદનો સ્રોત માનવામાં આવે છે. આ દર્શનમાં બુદ્ધિચાતુર્ય તો છે, પરંતુ ચેતનાનું જ્ઞાન નથી. ચાર્વાક નિતાંત બુદ્ધિવાદી છે, જયારે મહર્ષિ પતંજલિ સમ્યક્ બોધ પ્રાપ્ત કરેલ મહાયોગી છે. તેમના ભાવને સારી રીતે સમજવા માટે કોઈ મહાયોગીનો બોધ જ સહાયક બની શકે તેમ છે. પરમપૂજ્ય ગુરુદેવ આપણને આ જ સહાય કરે છે.

તેઓ કહે છે કે ઊંડા ધ્યાન અથવા સમાધિમાં આપણી અંતર્ચેતના જે જ્ઞાનની અનુભૂતિ કરે છે, તે જ સત્ય છે. તેને જ પ્રમાણ માની શકાય. ઈન્દ્રિયોથી આપણને જે જાણકારી મળે છે, તે મોટે ભાગે અડધી-પડધી-અધૂરી અને દોષયુકત હોય છે. આ જ કારણે ઈન્દ્રિયો આપણને ભટકાવે અને ભ્રમિત કરે છે. કામ, ક્રોધ, લોભમોહની અવસ્થાઓ ઈન્દ્રિયોને જયારે ત્યારે આચ્છાદિત કરે છે અને પરિણામે વ્યકિતને કંઈકનું કંઈક સમજાય છે. કયારેક કયારેક આ જ દશા નશીલી વ્યકિતની પણ થાય છે. આ સંબંધે ગુરુદેવ કહે છે, પોતાની પાસેના એક ગામમાં એક ઠાકોર બચ્ચી સિંહ નામે રહેતા હતા. તેમને અફીણ ખાવાની આદત હતી. અફીણ ખાધા પછી નશામાં તેઓ ઘણી વાહિયાત હરકતો કર્યા કરતા. એક વખત સાંજે તેમણે વધુ પડતું અફીણ ખાધું. નશાનું ઘેન ચડતાં તેઓ કહેવા લાગ્યા, જુઓ, હવે મારી પાસે ઊડવાની તાકાત આવી ગઈ છે. હવે હું ઊડી શકું છું.એવું કહેતાં તે પોતાના મકાનની છત પરથી હાથ ફેલાવીને ઊડવાની મુદ્રામાં નીચે કૂદી પડયા. માથા પર ઊંડો ઘા પડવાથી તેમનું મૃત્યુ થયું. તેઓ બિચારા જાણી પણ ન શકયા કે નશાની અસરમાં તે પોતાની ઈન્દ્રિયો દ્વારા થાપ ખાઈ ગયા.

ઈન્દ્રિયો ભરોસાપાત્ર છે જ નહિ. નશો કર્યા વિના જ તે આપણને ભટકાવે છે અને ભ્રમિત કરે છે. જે બાલ્યકાળે સમજી શકાયું તે કિશોરાવસ્થામાં નિરર્થક જણાય છે. કિશોરાવસ્થાની વાતો પ્રૌઢાવસ્થામાં નકામી બની રહે છે. આ જ ઘટનાક્રમ ચાલતો રહે છે. આ દરમિયાન સવાલ થાય છે કે પ્રત્યક્ષ બોધ આખરે છે શું ? તો આનો જવાબ એ છે કે જે ઈન્દ્રિયો વિના પણ જાણી શકાય તે પ્રત્યક્ષ બોધ છે, એટલા માટે પહેલું સમ્યક્ જ્ઞાન કેવળ પોતાની આંતરિક સત્તાનું જ હોઈ શકે છે. કેમ કે તેના માટે કોઈ પણ ઈન્દ્રિયની સહાયની જરૂરત નથી. કોઈ પણ ઊંડાણયુકત ધ્યાન અથવા સમાધિમાં ઊતરીને તેને પામી શકાય છે.

પ્રમાણવૃત્તિ અથવા સમ્યક્ જ્ઞાનનો બીજો સ્રોત અનુમાન છે. આ તેઓને માટે છે, જેઓ હજી પ્રત્યક્ષ બોધને લાયક નથી બન્યા. જેમની સ્થિતિ હજી ધ્યાન અને સમાધિના ઊંડાણમાં પ્રવેશ કરવાની નથી. જેઓ સમ્યક્ જ્ઞાન પ્રાપ્ત કરવા ઈચ્છે છે, તેમને માટે અનુમાન એક શકયતા છે. આ અનુમાન શું છે? પરમપૂજ્ય ગુરુદેવના શબ્દોમાં તે વિવેકયુકત તર્ક છે. તર્ક પરત્વે ગુરુદેવનું કહેવું એમ હતું કે તર્ક બેધારી તલવાર જેવો છે. તેના ઉપયોગ માટે સઘન વિવેકની જરૂર છે. વિવેકના અભાવે આ સત્ય જાણકારીની પ્રાપ્તિમાં સહાયક બનવાને બદલે અસત્ય જ્ઞાનનું પોષક પણ હોઈ શકે છે. ઉદાહરણ તરીકે તર્કનો પ્રયોગ ચાવકિ અને માર્કસે પણ કર્યો અને આચાર્ય શંકર અને મહર્ષિ અરવિંદે પણ કર્યો, પરંતુ એકમાં વિવેકનો અભાવ છે તો બીજામાં વિવેકનો પ્રભાવ છે. આ સ્થિતિમાં તેમના દર્શન અને દાર્શનિકતાનું પૂરેપૂરું માળખું બદલાઈ ગયું છે.પતંજલિનું એમ કહેવું છે કે સમ્યક્ જ્ઞાન માટે આપણને સમ્યક્ તર્ક કરતાં આવડતું જોઈએ. ઉદાહરણ તરીકે જો આપણે આ વિરાટ સૃષ્ટિને જોઈએ, ધ્યાનથી નિહાળીએ અને તર્કનો સમ્યક્ પ્રયોગ કરીએ, તો ઈશ્વરના અસ્તિત્વનું અનુમાન થાય છે. એ ઠીક છે કે ઈશ્વરની સત્તા ઈન્દ્રિય પ્રત્યક્ષ નથી. ઈશ્વરનાં દર્શન થતાં નથી, તે નજરે પડતો નથી, પરંતુ જો સમ્યક્ તર્કનો પ્રયોગ કરીએ, એ વિચારીએ કે વિશ્વ બ્રહ્માંડની વ્યવસ્થા કેટલી સુસંગત છે, કેટલી ઉદ્દેશપૂર્ણ છે, તો એ નિર્ણય પર જરૂર પહોંચીશું કે ઈશ્વરના રૂપમાં તેની સંચાલક સત્તાનું પણ અસ્તિત્વ હશે. આ રીતે સમ્યક્ તર્કથી ઈશ્વરીય સત્તાનું ખૂબ જ સ્પષ્ટ અનુમાન થઈ શકે છે. પછીથી યોગ સાધના દ્વારા તેની પ્રત્યક્ષ અનુભૂતિ



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પણ પ્રાપ્ત કરી શકાય છે.

હવે આવે છે સમ્યક્ જ્ઞાનનો ત્રીજો સ્રોત આગમ. આ સૌથી વધારે સૌંદર્યપૂર્ણ છે. આગમને સમ્યક્ જ્ઞાનના સ્રોત રૂપે સ્વીકારવું તે મહર્ષિ પતંજલિની પોતીકી વિશિષ્ટતા છે. આ આગમ શું છે ? તો મહર્ષિ કહે છે કે આગમ મહાયોગીઓનાં વચન છે. આ ઋષિઓની અનુભૂતિની અભિવ્યક્તિ આપનાર શબ્દ છે. આ વાતને થોડા શબ્દોમાં અને સ્પષ્ટ રીતે કહીએ, તો આગમ તે મહાન વિભૂતિઓનાં વચન છે, જે જાણી ચૂકયા છે, જે લક્ષ્ય સુધી પહોંચી ચૂકયા છે, જે કૈવલ્ય જ્ઞાનને પ્રાપ્ત કરી ચૂકયા છે, જેઓ ઈશ્વરીય સત્યનો સાક્ષાત્કાર કરી ચૂકયા છે, તેમના શબ્દો પણ સમ્યક્ જ્ઞાનનો સ્ત્રોત છે.

પરંપરામાં આગમને વેદ કહેવામાં આવે છે. તે બરાબર પણ છે, કેમ કે વેદ સત્ય દ્રષ્ટા ઋષિઓનાં વચનો છે, પરંતુ રૂઢિઓથી ગ્રસ્ત મૂઢ માણસો વેદના વિરાટ સ્વરૂપને કેવળ કેટલાક મંત્રોના સમુચ્ચય સુધી જ સમેટી દે છે. આ યોગ્ય નથી. આગમ સત્ય દ્રષ્ટા ઋષિઓનાં વચનો છે. ભલે સંસ્કૃતમાં કહેવામાં આવ્યું હોય અથવા કોઈ અન્ય ભાષામાં-વ્યાપક અર્થોમાં આગમમાં કબીરની સાખી, મીરાના પદો, શ્રી રામકૃષ્ણનાં વચનામૃતો, મહર્ષિ રમણનાં વચનો, યોગીરાજ અરવિંદનો દિવ્ય જીવન સંદેશ અને સ્વયં પરમપૂજ્ય ગુરુદેવના સ્વરો બધું જ સમાવિષ્ટ થઈ જાય છે. આ સત્ય દ્રષ્ટા ઋષિઓ અને સંતોનાં વચનો પર શ્રદ્ધા, સમ્યક્ જ્ઞાનનો સ્રોત છે. યોગના પથ પર ચાલનારા સાધકો માટે સમ્યક્ જ્ઞાનનો આ ત્રીજો સ્રોત સૌથી વધુ મહત્ત્વપૂર્ણ અને વ્યાવહારિક છે. યોગ સાધના કરનારાઓ માટે એમ પણ કહી શકાય કે પોતાના સદ્ગુરુનાં વચનો પર પરિપૂર્ણ શ્રદ્ધા-સમ્યક્ જ્ઞાનનો સ્રોત છે. સદ્ગુરુનાં વચનો કંઈક કદીક ભારે અટપટાં હોય છે, પરંતુ તે પ્રેમાપ્લાવિત હોય છે. તેમને બરાબર ન સમજવા છતાં પણ જો કોઈ સાધક તેમના પર સંપૂર્ણ શ્રદ્ધાપૂર્વક આચરણ કરવા લાગે છે, તો તેને સ્વતઃ પોતાની મેળે જ સમ્યક્ જ્ઞાન પ્રાપ્ત થઈ જાય છે.

સદ્ગુરુનાં વચનોની બાબતમાં તર્કનું કોઈ સ્થાન નથી, કેમ કે આ ચેતના જે તળથી કહેવામાં આવેલ છે, ત્યાં તર્ક કે બુદ્ધિ પહોંચી શકતાં નથી. જો આ બાબતમાં તર્ક કરવામાં આવે તો તે બધું જ ગુમાવી દઈશું, જે આપણને સદ્ગુરુ આપવા ઈચ્છે છે કેમ કે તેઓ કેવળ એટલું જ નથી જાણતા કે તેમણે આપણને શિષ્યોને શું આપવાનું છે ? પરંતુ તેઓ એ પણ જાણે છે કે આપણા માટે શું આપવાનું યોગ્ય છે. તે બધું કંઈ રીતે આપવું, તેના માટે કેવળ અને કેવળ ભક્તિપૂર્ણ શ્રદ્ધા જ એક માત્ર ઉપાય છે. મહર્ષિ પતંજલિ કહે-છે કે સદ્ગુરુ જે કહે, જે રીતે કહે, તેને પરિપૂર્ણ શ્રદ્ધા સાથે કરતાં સમ્યક્ જ્ઞાન સુનિશ્ચિત છે, એમાં કોઈ સંદેહ નથી. પ્રમાણવૃત્તિના આ ત્રણે સ્રોતો આપણી અંતર્યાત્રામાં સહાયક છે. તેના આગલા સૂત્રમાં મહર્ષિએ વિપર્યય વૃત્તિની ચર્ચા કરી છે, જે અંતર્યાત્રામાં મુખ્ય અવરોધ છે. આની વિસ્તૃત વ્યાખ્યા ' અખંડજયોતિ 'ના હવે પછીના અંકમાં.....

ભારતની સ્વતંત્રતા આપવા માટે ઈંગ્લેન્ડથી એક પ્રતિનિધિમંડળ આવ્યું, ત્યારે ગાંધીજીને અહિંસાથી જીતતા જોઈને, મંડળના ઘણા બધા વિદેશી પત્રકારો આવ્યા અને ગાંધીજીને મળવા પહોંચ્યા.

એક પત્રકારે પૂછયું કે જો આપને એક દિવસના ડિક્ટેટર બનાવી દેવામાં આવે, તો આપ કયો કાર્યક્રમ અપનાવશો? તેમણે કહ્યું, 'સૌપ્રથમ તો મારા માટે એવા નિરંકુશ બનવાનું શક્ય જ નથી, જો બની પણ ગયો, તો તે સામર્થ્યને ગંદા વસવાટોની સાફસૂફીમાં અને પછાત લોકોને ઊંચા ઊઠાવવામાં, સ્વાવલંબી બનાવવામાં હું કામે લગાડીશ.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

વ્યક્તિત્વ વિકાસ ✤ પરમપૂજ્ય ગુરુદેવની અમૃતવાણી ✤

# ધ્યાન શા માટે કરીએ ? કેવી રીતે કરીએ ?-૨

મિત્રો, પહેલાં મેં તમને આત્મશોધનની ક્રિયા બતાવી હતી. હવે ગાયત્રીની પંચમુખી સાધનાનું બીજું ચરણ જણાવું છું. જેનું નામ છે. ' દેવપૂજન'. દેવ-પૂજન કોને કહેવાય ? બેટા, આના વિશે તો હું જણાવતો રહું છું કે ગાયત્રી માતાનો એક ફોટો રાખી લેવો. હા, મેં તે રાખી લીધો છે અને બેટા, ધૂપ, દીપ, નૈવેદ્ય, અક્ષત ચડાવતા રહેવું, ચંદન લગાવતા રહેવું. હા ગુરુજી, તે તો હું લગાવું છું જ. તેમાં શું છે ? તે તો મેં એક નાનકડી ડબ્બીમાં રાખી દીધો છે અને એક ડબ્બીમાં ધૂપસળી પણ રાખી દીધી છે. હા બેટા, તે તેં ઘણું સારું કર્યું. મહારાજજી, મેં સેન્ટ પણ રાખ્યું છે. તે તો વધુ સારું કર્યું. બેટા, નૈવેદ્ય કેટલા પૈસાનું લાવ્યો હતો ? ગુરુજી, પચ્ચીસ પૈસાનું લાવ્યો હતો. તેનાથી બે મહિના કામ ચાલી જાય છે. ઈલાયચીના બે દાણા રાખી દઉં છું. બેટા, તારા નૈવેદ્યનું કામ તો ખૂબ સરસ છે. તે તો બહુ દિવસો સુધી ચાલતું હશે ? હા મહારાજજી, આ બધું કરવા ઉપરાંત તેમાં કોઈ ઊણપ રહી ગઈ હોય તો મને જણાવો.

### મનને ઉપાસનામાં લગાવો

હા બેટા, તારી ઉપાસનામાં એક ઊણપ છે. તું તે બધી ક્રિયાઓ કરવાની સાથોસાથ ઉપાસનામાં મનને કેમ નથી જોડતો ? જ્યારે પણ તું કોઈ ક્રિયા કરે, તો તેમાં પોતાના મનને લગાવતો જા. આ વસ્તુઓની સાથે જે શિક્ષણ આપવામાં આવ્યું છે, તેને હૃદયંગમ કરવાથી ઉપાસનાનું પ્રતિફળ મળી રહે છે-શું શિક્ષણ આપવામાં આવ્યું છે ? પંચોપચારમાં પાંચ ચીજ-વસ્તુઓ આવે છે. જ્યારે તેમાંથી એક ચીજ ચઢાવીએ, ત્યારે આપણી વિચારણાને, વિચારોને તે વસ્તુઓની સાથે તે જ પ્રકારે જોડ્યા કરીએ, જેના શિક્ષણને તેનો આધાર બનાવવામાં આવ્યો છે. શો આધાર બનાવવામાં આવ્યો છે ? સૌથી પહેલાં આપણે જે દેવતાનું પૂજન કરીએ છીએ, જળ ચડાવીએ છીએ અને મંત્રોચ્ચાર કરીએ છીએ- પાદ્યં સમર્પયામિ। અર્ઘ્યં સમર્પયામિ, આચમનં સમર્પયામિ । આ ત્રણ ચીજો છે. ત્રણ ચમચી જળથી આ પ્રક્રિયા પૂરી થાય છે. બેટા, તું આ ત્રણ ચમચીથી કરાવે છે, કે ત્રણ બાલદીથી ? મહારાજ, હું ત્રણ ચમચીથી કરાવું છું અને કહું છું સ્નાનં સમર્પયામિ । સારું એ જણાવ, ત્રણ ચમચીથી તું કેવી રીતે નહાઈ લઈશ ? આ ચમચીઓથી તું નાહી લે અથવા તારાં બાળકોને નવડાવ. જ્યારે તારું બાળક નાહી લેશે, ત્યારે હું જાણીશ કે તું ભગવાનને નવડાવી શકે છે. ના મહારાજજી, હું તો આ બધું એમ જ કરું છું. આચમનં સમર્પયામિ । સારું બેટા, તો એ જણાવ કે જ્યારે તું કોગળા કરે છે ત્યારે કેટલું પાણી વાપરે છે ? મહારાજજી, એક લોટો તો વપરાય જ છે, હાથ-મોં ધોવામાં અને કોગળા કરવામાં. ભલે, તો હવે તું જ જણાવ કે એક ચમચી જળથી ભગવાનના હોઠ પણ ભીના થતા નથી, તો પછી તેનાથી આચમન તું કઈ રીતે કરાવતો હોઈશ ? ભગવાનની મશ્કરી કરે છે, મજાક કરે છે અને કહે છે કે એક ચમચી જળથી ભગવાનને સ્નાન કરાવું છું. બેટા, ભગવાનનું પૂજન આ રીતે થતું નથી.

મહારાજ, આપે જ તો બતાવ્યું હતું. બેટા, મેં તો ઘણી બધી વાતો જણાવી હતી, તે તો યાદ ન રાખી, કેવળ તેં ક્રિયા જ યાદ રાખી. એ યાદ નથી કે જળ ચઢાવતી વખતે કેવી વૃત્તિ રાખવી જોઈએ. તે સમયે એ વૃત્તિ રાખવી જોઈએ કે આપણે આપણી પોતાની જાતનું સમર્પણ કરીએ. દેવતા પાસે કશું માગશો નહિ, પરંતુ એ ભાવ વ્યકત કરજો કે અમે આપને સમર્પણ કરીશું. આપને અમે આપીશું. જે આપે છે તે જ દેવતા કહેવાય છે. દેવતાઓએ ભગવાનને આપ્યું છે અને આપે પણ દેવતાની કૃપા પ્રાપ્ત કરવા માટે આપવાની વૃત્તિ શીખવી પડશે. જ્યાં સુધી તમારામાં આપવાની વૃત્તિ આવશે નહિ, ત્યાં સુધી કોઈ પણ દેવતા આપના ઉપર કૃપા નહીં કરી શકે.

### આપવાનો ભાવ સદાય મનમાં રહે

મિત્રો, આપવાની વૃત્તિનો અર્થ એ છે કે આપણે જે જળ ચડાવીએ છીએ, તેની પાછળ ભગવાનને એ આશ્વાસન આપીએ છીએ કે અમારા પરસેવાનાં ટીપાં, અમારા શ્રમનાં ટીપાં, અમારી મહેનત, અમારો વખત અને અમારો સમય આપનાં કામો માટે લગાવ્યા કરીશું. જળ ચડાવતી વખતે આપણે વારંવાર વિચાર કરીએ છીએ કે આપણો શ્રમ અર્થાત્ પરસેવાનાં ટીપાં અર્થાત્ મહેનત. મહેનત એટલે કે પરસેવાનાં ટીપાં, જે જળનું પ્રતીક છે, આપણી મહેનતનું પ્રતીક છે, આપણા શ્રમનું પ્રતીક છે, આપણા સમયનો ભાગ છે, તે આ સમાજ માટે, દેશ માટે, સંસ્કૃતિ માટે, ધર્મ માટે, અર્થાત્ ભગવાન માટે લગાવ્યા કરીશું. ભગવાન કોઈ વ્યકિત નથી, તે આપ ધ્યાનમાં રાખશો. ભગવાન માટે આપણે


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

આપીએ છીએ. પણ કયાં છે ભગવાન ? સાહેબ, તે તો મંદિરમાં બેઠો છે. ના, બેટા, જે મંદિરમાં બેઠેલા છે તે નો કોઈ રમકડું છે. તો પછી ભગવાન છે કયાં ? મનુષ્યની શ્રેષ્ઠતાના રૂપમાં, ઊંચા સમાજના રૂપમાં ભગવાન છે. ભગવાને જયારે અર્જુનને, યશોદા માતાને પોતાનું વિરાટ સ્વરૂપ બતાવ્યું, ત્યારે સમગ્ર સમાજના રૂપમાં દેખાડયું હતું. સમાજ જ ભગવાનનું રૂપ છે. સમાજની સેવા માટે, લોકહિત માટે, લોકમંગલ માટે તું જે પરસેવો વહાવે છે, શ્રમદાન કરે છે, વાસ્તવમાં તો આ જળનો અભિષેક કરવો તે તેનું જ પ્રતીક છે.

## ધ્યાન માટે ભગવાનને સ્વજન બનાવો

ભગવાન નિરાકાર છે. નિરાકાર ભગવાન શ્રેષ્ઠ વિચારણાના રૂપમાં, આદર્શોના રૂપમાં, સિદ્ધાંતોના રૂપમાં છે. ભગવાન કોઈ વ્યકિત નથી. મહારાજ, અમે તો તેને વ્યકિત બનાવી રાખ્યો છે. બેટા, આપણે તેને ધ્યાન માટે તેવો બનાવી નાખ્યો છે. ધ્યાન કરવા માટે કોઈ ને કોઈ ચીજ પર મનને એકાગ્ર કરવું પડે છે. એટલા માટે ધ્યાનમાં એકાગ્રતા માટે આપણે કોઈ ને કોઈ ચહેરો બનાવી લઈએ છીએ અને કેવળ ચહેરો જ નથી બનાવતા, પરંતુ તેની સાથે કોઈને કોઈ સંબંધ બાંધી લઈએ છીએ, જયારે ભગવાન કોઈનો સંબંધી નથી. વીજળી કોઈની સ્વજન નથી. ના મહારાજ, ભગવાન અમારા સગા-સંબંધી છે. બેટા, ભગવાનને આપણે આપણા સ્વજન બનાવવા પડે છે, જેથી મનુષ્યનું ધ્યાન તેમનામાં લાગેલું રહે. ધ્યાનની તીવ્રતા માટે, મનની ચંચળતાને દૂર કરવા માટે, મનની વૃત્તિને ધ્યાનમાં લગાવી રાખવા માટે આપણે તેમના કોઈ ને કોઈ રૂપની કલ્પના કરીએ છીએ, કલ્પના કર્યા પછી તેનામાં આપણા મનને પરોવીએ છીએ. આ મનને એકાગ્રચિત્ત બનાવવાની રીત છે.

મિત્રો, હકીકતમાં ભગવાન એક જ છે. જો દુનિયામાં આટલા બધા પ્રકારના દેવી-દેવતા હોત તો અંદરોઅંદર મારફાડ ફેલાઈ જાત, લડાઈ-ઝઘડા થાત, મુકદ્દમાબાજી શરૂ થઈ જાત, પછી ફોજદારી ઊભી થાત. આ સંતોષી માતા, તે કાલી માતા વગેરે. કાલીમાતા કહેત કે અમારા સારા શિષ્યને સંતોષી માતા ઝડપીને લઈ ગયાં. ભલે તો હું તેના વાળ ખેંચીશ. સંતોષી માતાનો ચેલો જો ગઈકાલ સુધી શુક્રવારને દિવસે ખાટું અને મીઠું ખાતો ન હતો, તે હવે રાત્રે ચંડીની પૂજા કરવા લાગ્યો, તો સંતોષી માતા ગાલ ફુલાવીને બેસી ગયાં. સંતોષી માતાનો ચેલો ચંડીને ત્યાં અને ચંડી માતાનો ચેલો સંતોષી માતાને ત્યાં ચાલ્યો ગયો, આવું થાય તો તેઓ અંદરોઅંદર લડી મરે. જેવી રીતે સ્ત્રીઓની વચ્ચે લડાઈ-ઝઘડા થાય છે, શિષ્યોમાં લડાઈ થાય છે, બધા વચ્ચે લડાઈ થાય છે, તે જ રીતે દેવી-દેવતાઓમાં લડાઈ થાત અને બધાનું કચુંબર થઈ જાત તો મહારાજજી, આ બધું શેનું ચક્કર છે ? બેટા, આ કોઈ ચક્કર નથી. દુનિયામાં ભગવાન એક જ છે, તો પછી અનેક પ્રકારના દેવી-દેવતાઓ શું છે? બેટા, તે તો બધી કલ્પનાઓ છે. કલ્પના ન હોત તો આટલો બધો ફરક કેવી રીતે હોત ? જો દુનિયામાં હજારો ભગવાન હશે, તો મુશ્કેલી આવી પડશે. ભગવાન એક છે, અનેક નથી. પછી દુનિયામાં જાત જાતના ચહેરાવાળા ભગવાનો કયાંથી આવ્યા ? બેટા, મુસલમાનોએ પોતાનો ભગવાન દાઢીવાળો બનાવી દીધો, આપણે આપણો ભગવાન મોરમુગટવાળો બનાવી દીધો છે. અમુક લોકોએ પોતાનો ભગવાન અમુક પ્રકારનો બનાવી દીધો છે - આ બધી તો કલ્પનાઓ છે.

તો મહારાજજી, અસલી ભગવાન કોણ છે ? બેટા, ઉચ્ચ અને શ્રેષ્ઠ વિચારણાના સમુચ્ચયને, ઉત્કૃષ્ટતાના સમુચ્ચયને, સદ્‌ગુણોના સમુચ્ચયને ભગવાન કહે છે. બેટા, ભગવાન જયારે પણ આવે છે, ત્યારે શ્રેષ્ઠ વિચારો રૂપે આવે છે. આદર્શ ઉત્કૃષ્ટતા રૂપે આવે છે, ઉત્કૃષ્ટ ચિંતન રૂપે આવે છે. ચહેરારૂપે આવતો નથી. મહારાજજી,

*એક મહાત્મા પાસે ત્રણ મિત્ર ગુરુદીક્ષા લેવા પહોંચ્યા, ત્રણેયે ખૂબ નમ્ર ભાવે પ્રણામ કરીને પોતાની જિજ્ઞાસા પ્રકટ કરી. મહાત્માએ શિષ્ય બનાવતાં પહેલાં પાત્રતાની પરીક્ષા કરવાના ઈરાદાથી પૂછયું – કહો, કાન અને આંખ વચ્ચે કેટલું અંતર છે ? એકે ઉત્તર આપ્યો ભગવાન્ ! કેવળ પાંચ આંગળીનું. મહાત્માએ તેને એક બાજુ ઊભો રાખીને બીજાને પૂછયું. બીજાએ જવાબ આપ્યો મહારાજ ! આંખ જુએ છે અને કાન સાંભળે છે. એટલા માટે કોઈ બાબતની પ્રામાણિકતા માટે આંખનું ખૂબ વધારે મહત્ત્વ છે. મહાત્માએ તેને પણ એક બાજુ ઊભો રાખીને ત્રીજાને પૂછયું. ત્રીજાએ કહ્યું – ભગવાન ! કાનનું મહત્ત્વ આંખથી વધારે છે. આંખ કેવળ લૌકિક અને દશ્યમાન જગતને જ જોઈ શકે છે, પરંતુ કાનને પારલૌકિક અને પારમાર્થિક વિષયનું પાન કરવાનું સૌભાગ્ય મળે છે. મહાત્માએ ત્રીજાને પોતાની પાસે રોકી દીધો અને પહેલા બેને કર્મ અને ઉપાસનાનો ઉપદેશ આપીને પોતાની વિચારશકિત વધારવા માટે વિદાય કરી દીધા કારણ કે તેમની વિચારવાની સીમા બ્રહ્મતત્ત્વમાં પરિધમાં હજી પ્રવેશ કરવા યોગ્ય સૂક્ષ્મ બની ન હતી.*


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

અમે રાત્રે હનુમાનજીને જોયા. જોયા હોય તો તે સારી વાત છે. બેટા, ભગવાન કૃપા કરે, તને દરરોજ તે દર્શન આપે. મહારાજજી, અમને તો કાલે લક્ષ્મીજી દેખાઈ પડયાં. બેટા, લક્ષ્મીજીએ દર્શન આપ્યાં તો તને કાંઈ રૂપિયા - પૈસા પણ આપી ગયાં કે નહિ ? ના મહારાજ, આપી તો કશુંય નથી ગયાં. બેટા, તેં તો સપનું જ જોયું છે, અન્યથા જો લક્ષ્મીજી તારે ઘેર પધાર્યા હોત, તો તે ખાલી હાથે કેમ ચાલ્યાં ગયાં. - કશુંક તો આપી ગયાં હોત. ના સાહેબ, કશુંય આપ્યું તો નથી, એમ જ મોં દેખાડીને ભાગી ગયાં. ના બેટા, આ બધી તારી પોતાની જંજાળો છે, હું આ બધા પર વિશ્વાસ રાખતો નથી.

### આદર્શોનો સમુચ્ચય ભગવાન

શ્રેષ્ઠતા પ્રત્યે, આદર્શો પ્રત્યે, જેમને હું ભગવાન કહું છું, તે શ્રેષ્ઠતાનું, આદર્શોનું જેમણે પાલન કર્યું છે, તે ભગવાનના ભકત કહેવાય અને ભગવાનના અનુગ્રહના અધિકારી બનતા રહ્યા. દેવપૂજનની સાથે જે લોકો જોડાયેલા છે તેમના શ્રેષ્ઠતાના વિચારો છે તે જ આપણા વિચારો હોવા જોઈએ. કે આપણે આપણો શ્રમ, આપણો પરસેવો સારા ઉદ્દેશો માટે, શ્રેષ્ઠ કામો માટે નિરંતર ખર્ચ્યા કરીશું. આપ જેટલો લાંબો સમય ભગવાન જળ ચડાવ્યા કરો, આચમન લીધા કરો, પાણી ચડાવ્યા કરો, તેટલો સમય આપના વિચારોને આ રીતે દોહરાવતા રહો કે અમે અમારો શ્રમ અને પરસેવો લોકહિત માટે સમર્પિત કરીશું. જ્યારે ભગવાનને અક્ષત ચડાવો, 'અક્ષતં સમર્પયામિ'- ત્યારે કયો વિચાર કરવો જોઈએ ? મહારાજ, અક્ષતથી શો ફાયદો ? બેટા, અક્ષતથી આપના વિચારથી એ ફાયદો છે કે ગણેશજીને કોઈ ખાવાનું આપી જાય છે, કોઈ નથી આપતું. તો જે ચારપાંચ ચોખાના દાણા (અક્ષત) તું તેમના પર ફેંકી દે છે તો તે ગણેશજી ખાઈ જાય છે-તેમના ઉંદરો ખાઈ જાય છે. ના મહારાજજી, ચાર-પાંચ ચોખાના દાણાથી શું વળે ? બેટા, કશું જ નથી થતું.

મહારાજ, તો પછી આપણે ચોખા શા માટે ચડાવીએ છીએ ? આપણે ચોખા એટલા માટે ચડાવીએ છીએ કે આપણે આપણી જાતને શિક્ષિત બનાવીએ કે અરે ભૂલકણા, તને બધું મેળવીને પણ બધું જ યાદ છે. પોતાની નોકરી અને પ્રમોશન યાદ છે, પોતાના દીકરાને વકીલ બનાવવાનું પણ તને યાદ છે, પરંતુ એ યાદ નથી

એકવાર રાજાએ પોતાના મંત્રીને પૂછયું. " શું ગૃહસ્થ જીવનમાં રહીને પણ ઈશ્વરને પ્રાપ્ત કરી શકાય છે ? મંત્રીએ જવાબ આપ્યો-હા શ્રીમાન ! એવું થઈ શકે છે રાજાઓ પૂછયું - એ કેવી રીતે શકય છે ? મંત્રીએ જવાબ આપ્યો કે તેનો યોગ્ય ઉત્તર એક મહાત્માજી આપી શકે છે. જે ગોદાવરી નદી પાસે એક ગાઢ વનમાં રહે છે. રાજા પોતાના પ્રશ્નનો ઉત્તર મેળવવા માટે બીજે દિવસે મંત્રીને સાથે લઈને તે મહાત્માને મળવા ચાલી નીકળ્યો. થોડે દૂર જઈને મંત્રી કહ્યું- મહારાજ! એવો નિયમ છે કે જે. તે મહાત્માને મળવા જાય છે. તે રસ્તામાં ચાલતાં કીડી-મંકોડાને બચાવીને ચાલે છે. જો એક પણ કીડી પગથી કચડાઈ ગઈ. તો મહાત્માજી શાપ આપે છે. રાજાએ મંત્રીની વાત સ્વીકારી લીધી અને ખૂબ ધ્યાનપૂર્વક આગળથી જમીન જોઈ જોઈને પગ મૂકવા માંડયા. આવી રીતે ચાલતાં તેઓ મહાત્માજીની પાસે જઈ પહોંચ્યા. મહાત્માએ બંનેનો સત્કાર કરીને બેસાડયા અને રાજાએ પૂછયું- આપે રસ્તામાં શું શું જોયું. મને કહો રાજાએ કહ્યું. ભગવાન ! હું તો આપના શાપના ડરથી રસ્તાના કીડી-મંકોડાને જોતો આવ્યો છું. એટલે મારું બીજી તરફ ધ્યાન ગયું જ નહીં. રસ્તાનાં દશ્યો બાબતે મને ખબર નથી. મહાત્માએ હસતાં હસતાં કહ્યું - રાજન ! તમારા પ્રશ્નનો આ જ ઉત્તર છે. મારા શાપથી ડરતાં જેવી રીતે તમે આવ્યા. તેવી રીતે ઈશ્વરના દંડથી ડરવું જોઈએ. જેવી રીતે કીડીથી બચતા આવ્યા તેવી જ રીતે દુષ્કર્મોથી બચવું જોઈએ. રસ્તામાં અનેક દશ્યો ન જોતાં જે સાવધાનીથી તમે મારી પાસે આવ્યા છે. તેવી જ રીતે જીવનક્રમ ચલાવો. તો ગૃહસ્થ જીવનમાં રહેતાં ઈશ્વરને પ્રાપ્ત કરી શકો છો. રાજા સાચો ઉત્તર મેળવીને સંતોષપૂર્વક પાછા ફર્યા.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

કે આટલા કરોડો રૂપિયાના મૂલ્યનું આ જે જીવન ભગવાને આપ્યું છે તેને પણ કંઈક કરજ ચૂકવવાનું છે. તેનું પણ કંઈક વ્યાજ આપવાનું છે. તેમની પણ કંઈક સેવા કરવાની છે. તેટલા માટે આપણે ચોખા લઈને રોજ અક્ષત ચડાવીએ છીએ અને એમ કહીએ છીએ કે પોતાની કમાણીનો એક અંશ-ભાગ આપને નિષ્ઠાપૂર્વક (અક્ષતની જેમ તૂટયા વિના) નિયમિતપણે આપતા રહીશું. આપ અમારી જિંદગીના ભાગીદાર છો. આપ અમારા શેર હોલ્ડર છો. આ અમારી જિંદગીની દુકાન છે. તેમાં એકલા મનુષ્યનો જ હિસ્સો નથી, તેમાં ભગવાનનો પણ કંઈક હિસ્સો છે. તેમાં ભગવાનની પણ કંઈક મૂડી રોકાયેલી છે. તેમાં ભગવાને પણ કંઈક રકમ રોકેલી છે. ભગવાનનાં મશીનો આ ફેકટરીમાં કાર્યરત છે. આમાં બધું જ કાંઈ આપનું નથી. આપની પોતાની તો અક્કલ જ છે, પરંતુ બેટા, બધે બધાં મશીનો તો ભાડાનાં છે તને ખબર નથી કે જે તું જોઈ રહ્યો છે, જેની અક્કલ તું ગ્રહણ કરી રહ્યો છે, જે કોમ્પ્યુટર તારા મગજમાં બેસાડવામાં આવ્યું છે તે તારું નથી. તે તો બીજા જ કાંઈકનું છે. તેનો પણ કોઈક હિસ્સો છે. શું બધો જ માલ તું એકલો હજમ કરી જઈશ કે તેને પણ કંઈક આપીશ ? તો શું મહારાજજી, તેને પણ કંઈક આપવું પડશે ? હા બેટા, કેમકે તેમાં બધું ધન તેમનું જ રોકેલું છે. તું તો ફકત તેની ફેકટરીમાં કામ જ કરે છે.તું તો કામ કરનાર મુનીમ છે. માલમત્તા તો બધી તેની જ છે.

## ભગવાનને માટે ફાળવો તમારો એક અંશ

એટલા માટે મિત્રો, જે અક્ષત-ચોખા આપણે ભગવાનને ચડાવીએ છીએ, તેની પાછળ એ શિક્ષણ છુપાયેલું છે કે આપણા મનમાં આ વૃત્તિનો કે ભાવનાનો ઉદય થવો જોઈએ કે આપણી કમાણીનો એક અંશ વ્યાજના રૂપમાં, કરજ ચૂકવવાના રૂપમાં આપણા શેરહોલ્ડરનો પાર્ટનરનો હિસ્સો- આપણા હિસ્સામાંથી આપણે નિરંતર આપવો પડશે, તે આપણે અવિરત આપતા રહીશું. ભગવાનને અમે અમારા સ્વજન માનીએ છીએ. તમે ભગવાનને પોતાના સ્વજન શું માનશો, પોતાનો પુત્ર જ માની લો. સાહેબ, મારા ચાર પુત્રો છે, તો પાંચમો પુત્ર અમે ભગવાનને જ માની લઈએ. ના મહારાજ, ભગવાન તો અમારા ગુરુ છે. ના બેટા, ગુરુ ન માનીશ, પુત્ર જ માની લે. હવે તારે શું કરવું પડે ? ચાર પુત્રોને ખવડાવવા-પિવડાવવાનું છે. હા ગુરુજી, તેમને ખવડાવું-પિવડાવું છું, કપડાં પહેરાવું છું. તો બેટા, પાંચમા પુત્રને પણ પહેરાવ પાંચમો પુત્ર કોણ છે ? - તે છે ભગવાન. સારું બેટા, એક પુત્ર પાછળ કેટલું ખર્ચ આવે છે ? મહારાજ, કોઈના અભ્યાસ પાછળ અઢીસો રૂપિયા મહિને ખર્ચ કરું છું; કોઈની પાછળ સવાસો રૂપિયા ખર્ચ કરું છું, કોઈની પાછળ પોણા બસો રૂપિયા ખર્ચ કરું છું, કોઈની પાછળ ચાલીસ રૂપિયા ખર્ચ કરું છું. બેટા, વધુ એક પુત્રને પણ સમાવી લે. ના મહારાજ, ભગવાનને તો હું ધૂપબત્તી-અગરબત્તી ખવડાવીશ- તો બીજા પુત્રોને શું ખવરાવીશ ? પુત્રને જલેબી ખવરાવીશ. અચ્છા, તો પુત્રને પણ ધૂપસળી ખવરાવ ? ના સાહેબ. પોતાના પુત્રોને જલેબી અને ભગવાનને ધૂપબત્તી ખવરાવશે કેવો બદમાશ !

મિત્રો, શું કરવું પડે ? આપણે વાસ્તવિકતાની

### ઈશ્વર ક્યાં છે ?

ઈશ્વરને શોધવા માટે, એને મેળવવા માટે આપણે વિવિધ પ્રયત્નો કરીએ છીએ, છતાં એને મેળવી શકતા નથી. કહે છે કે તે સર્વત્ર છે, સર્વવ્યાપી છે, છતાં તે આપણને કેમ દેખાતો નથી ? એને પ્રાપ્ત કરવામાં આખું જીવન પૂરું થઈ જાય છે, છતાં તે મળતો નથી. અંતે નિરાશ થઈને કહીએ છીએ કે ઈશ્વર છે જ નહિ.

ભાઈ, ઈશ્વર છે, પરંતુ એને શોધવામાં તમે ભૂલ કરી રહ્યા છો. તમે એને ધનવૈભવથી મેળવી શકતા નથી. જો એને મેળવવો હોય તો પ્રેમ કરતાં શીખો. પ્રાણીમાત્રને પ્રેમ કરો, જડચેતનને પ્રેમ કરો, તમારા આત્માને પ્રેમ કરો. એને મેળવવા માટે જંગલમાં જવાની, ધૂણી ધખાવવાની કે ધનવૈભવ વેડફવાની કોઈ જરૂર નથી. તે જ્યારે સર્વત્ર છે તો તમારી અંદર પણ હશે. 'તે તમારા શરીરમાં આત્મારૂપે રહેલો છે. શું તમે કદી તમારા આત્માના અવાજ તરફ ધ્યાન આપ્યું છે ? ના. એ જ કારણે તમે એને શોધવા છતાં મેળવી શકતા નથી. વિચાર કરો કે જ્યારે તમે બોલો છો, ચાલો છો, કામ કરો છો, વિચારો છો અથવા તમને શુભકાર્ય કરવાની પ્રેરણા થાય છે તો તે પ્રેરણા ક્યાંથી થાય છે અને કોણ કરે છે ? જ્યારે તમે કોઈને દુઃખ પહોંચાડવાનો વિચાર કરો છો અને તમને અંદરથી કોઈ રોકે છે કે એવું ના કરીશ, તે કોણ છે ? તે આપણી અંદર બેઠેલો ઈશ્વર જ છે. તેથી ઈશ્વરને આપણી અંદર જ શોધવો જોઈએ. ત્યાંથી જ તે પ્રાપ્ત થશે.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ભૂમિકા પર ઊતરવું પડશે. આપણે યથાર્થતા પર આવવું પડશે. આપણે એમ માનીને ચાલવું પડશે કે ભગવાન આપણા કોઈ સ્વજન છે. ભગવાને આપણા જીવનમાં જેટલી વધારે સગવડ અને સંપત્તિ આપી છે, તેને માટે આપણે કશુંક કરવું જોઈએ. આપણા અક્ષત, આપણા ચોખા, આપણો શ્રમ, આપણી કમાણી, આપણી આવક, આપણું ઉપાર્જન, જેમાં રૂપિયા-પૈસા પણ સમાયેલા છે, બુદ્ધિ પણ સમાયેલી છે, ભાવ પણ સમાયેલો છે, તે સમાજના કલ્યાણ માટે, દેશ માટે, ધર્મ અને સંસ્કૃતિ માટે, ખર્ચાવી જોઈએ. હવે આપ ભગવાનને અક્ષત ચડાવો તો સાથોસાથ આ વિચાર, આ ભાવ પણ કરતા રહેશો. મહારાજ, એવું કોઈ ધ્યાન બતાવો કે જેનાથી મન એક જગ્યાએ એકાગ્ર ચિત્ત બની રહે. મન કયાંય ભાગે નહિ. બેટા, આવું એકાગ્ર મન, જેવું તું ઈચ્છે છે તે કેવી રીતે બની શકે ? તેં હજી મનોવિજ્ઞાન વાંચ્યું નથી. તેં ન્યૂરોલોજી વાંચી નથી. એટલા માટે જ તું બોલતો રહે છે કે મન એક બિંદુ પર એકાગ્ર થઈ જાય. બેટા, મન એક બિંદુ પર હોઈ શકે જ નહિ. અમે જે સાકાર ઉપાસના બતાવીએ છીએ, ગાયત્રી માતાની ઉપાસના બતાવીએ છીએ, તેમાં ગાયત્રી માતાના એક હાથમાં કમંડળ, બીજા એક હાથમાં પુસ્તક, એક હંસ અને એક મોરમુગટ છે. આ બધી કઈ ચીજ ? મહારાજ, આ શું ચક્કર છે ? બેટા, એ ચક્કર છે-મનને સીમાબદ્ધ કરવા માટે આપણે આટલા મોટા વિસ્તારમાં ઘુમાવવું પડશે. કયારેક કમળ જો, કયારેક હંસને જો, કયારેક મુગટ જો, કયારેક તેમના હોઠ જો, કયારેક સાડી જો, કયારેક તેમના પ્રતિ દૃષ્ટિ માંડ. આટલા જ વિસ્તારમાં મન ભમશે, તો જે મન કયારેય પણ કલાકો સુધી ધ્યાનમાં રોકાતું ન હતું તે આટલા જ વિસ્તારમાં અહીં-તહીં ભાગતું રહેશે. મન એક સીમામાં ભાગતું રહેશે, એક સીમામાં ઘૂમતું રહેશે.

## આ રીતે આવશે તન્મયતા - એકાગ્રતા

મિત્રો, ધ્યાનમાં મનને એક સીમા સુધી ઘુમાવવામાં આવે છે. એક મિનિટ માટે પણ જો મનુષ્યનું મન એકાગ્ર બની રહે, તો મનુષ્ય સમાધિમાં ચાલ્યો જાય છે. વારંવાર મનને એકાગ્ર કરવાની વાત કરે છે, કે અમારા મનને એકાગ્ર કરી દો. મનુષ્ય સમજતો નથી કે હું શું કહી રહ્યો છું- જો મન એક બિંદુ પર એક મિનિટ માટે પણ એકાગ્ર થઈ જાય, તો તે સમાધિમાં ચાલ્યું જશે, બેહોશ થઈ જશે, એટલા માટે હું કહું છું કે એકાગ્રતાનો અર્થ છે - એક ધારા, એક દિશા. સવારે જયારે અમે આપને ધ્યાન કરાવીએ છીએ એક ધારા આપીને, એક દિશા ચીંધીને કરાવીએ છીએ. મનને એકાગ્ર બનાવવાનો દાવો નથી કરતા, પરંતુ એક દિશા ચીંધીએ છીએ. વૈજ્ઞાનિકોની એક દિશા હોય છે, એક ધારા હોય છે- પ્રયોગ પરીક્ષણ કરીને તે સિદ્ધ કરી આપે છે કે આમાંથી તે કેમિકલો મળી જશે તો તે સંભવી શકે છે. આ મળી જશે તો અમુક થઈ જશે. આખે આખી શેતરંજ બિછાવેલી છે કે પાસેથી ઉંદર ગયો છે તો તેની ખબર નથી કેમ કે તેને પોતાના કામની ઉતાવળ છે. તે તેની સાથે એકાકાર થઈ ગયો છે, એકાગ્ર થઈ ગયો છે.

મહારાજ, હમણાં હમણાં તો તમે કહી રહ્યા હતા કે તે હજારો પ્રકારના વિચારો કરે છે. હા બેટા, હા, તે હજારો પ્રકારના વિચારો કરે છે. તેને હું એકાગ્રતા કહું છું. તેની ઈચ્છા એક છે, દિશા એક છે. તે પોતાના ઉદ્દેશ સાથે એકરૂપ થઈ ગયેલ છે, બસ આટલી એકાગ્રતા હોઈ શકે છે. આમાં અંતર ફકત એટલું જ છે કે આપ જે વિચાર કરો છો, તે અસંભવ વિચારો કરો છો. મન કયાંય ભાગવા જ ન પામે, એક વિશેષ અવસ્થામાં લાગેલું રહે, એમ બની શકે. બેટા, જયારે હું લેખ લખું છું ત્યારે એકાગ્ર થઈ જાઉં છું. લોકમાન્ય તિલકના પગનું ઓપરેશન થવાનું હતું, ડોકટરોએ તેમને કહ્યું કે આપને બેહોશ કરવા પડશે. તે જમાનામાં બેભાન બનાવવાની રીત બહુ ખરાબ હતી. એક વખત કલોરોફોર્મ સુંઘાડી દીધું, તો મહિના સુધી ઊલટીઓ થતી, માથામાં ચક્કર આવતાં. બહુ જ ફરિયાદો રહેતી.તેમણે કહ્યું કે તો પછી મહિના સુધી મારું કામ અટકી જશે. આપ એવું કરો કે બેહોશ બનાવ્યા વિના જ ઓપરેશન કરી નાખો. હું ચીસ નહિ પાડું.

ડોકટરે કહ્યું, આપ ચીસો પાડશો. તેમણે કહ્યું, બિલકુલ નહિ, લાવો હું મારું ગીતાનું પુસ્તક વાંચવાનું શરૂ કરું. તે વાંચવામાં હું એટલો મગ્ન-તન્મય થઈ જઈશ કે એટલા સમયમાં આપ મને કાપીને ફેંકી દેજો. સારી વાત છે. તિલકે ગીતાનું પુસ્તક મંગાવ્યું. તેમણે પોતાનો પગ લંબાવ્યો અને વાંચવામાં તન્મય થઈ ગયાં. ધ્યાનથી સાંભળજો. તેઓ પુસ્તકમાંથી વાંચવા લાગ્યા -

"સ્થિતપ્રજ્ઞસ્ય કા ભાષા સમાધિસ્થ કેશવ ।

સ્થિતધીઃ કિં પ્રભાષેત કિમાસીત વ્રજેત કિમ ।।" અને તેઓ સમાધિમાં ચાલ્યા ગયા. ડોકટરે ઝડપથી પગનું ઓપરેશન કરીને રોગગ્રસ્ત ભાગને કાપીને ફેંકી દીધો. તેમણે પૂછયું, ઓપરેશન થયું કે નહિ ? અરે, થઈ ગયું. બહુ જલદી ઓપરેશન કરી નાખ્યું.

## એક વિષય પર ઊંડું ચિંતન હો

બેટા, આ કેવી વાત થઈ ? ધ્યાનનો ખેલ છે. ધ્યાનની વાત એવી છે કે એક વિષય પર, એક ધારા પર, એક સબ્જેકટ પર માણસ એટલા ઊંડાણપૂર્વક ચિંતન કરે



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

કે બાકી વાતોને, બધાને ભૂલી જાય. કેવળ ધ્યાનની બાબત જ શેષ રહી જાય. જયારે અમે લેખ લખીએ છીએ ત્યારે એટલા એકાગ્ર બની જઈએ છીએ કે અમને ખબર જ નથી પડતી કે કોણ બેઠું છે અને કોણ જતું રહ્યું. કોણ આવ્યું અને કોણે શું કર્યું એ વિશે કંઈ ખબર જ નથી રહેતી. બસ, અમે તો અમારા કામમાં મંડયા રહીએ છીએ. તે સમયે અમારા મનની દશા એક હોય છે અને એટલા પ્રકારના વિચારો આવે છે, એટલા રેફરન્સ-સંદર્ભો આવે છે કે અમુક વિદ્વાને આ કહ્યું, તેમણે તે કહ્યું અમારા હાથ લખતા રહે છે અને અમારા મગજની ફિલ્મ એટલી ઝડપથી દોડતી રહે છે કે સિનેમાની ફિલ્મ (તેની પાસે) એક ખૂણામાં પડી રહે. હજારો પુસ્તકો અમારા મગજમાં મિનિટોમાં અને સેંકડોમાં ફરી વળે છે. આ રીતે અમારા મગજની ચાલ તેજ હોય છે. જો આપ લોકો કયારેય અમારા દિમાગની ચાલ જોઈ લો, તો કહેશો કે મહારાજ, આવી ઝડપી ચાલ તો અમે કયારેય જોઈ નથી. બેટા, તોફાનની ચાલ અને અમારા મગજની ચાલ એક હોય છે- જે એકાગ્ર હોય છે.

મહારાજ, જયારે અમે એકાગ્ર હોઈએ છીએ ત્યારે સ્થિર નથી હોતા, બેટા, એકાગ્ર બનવું અલગ વાત છે. અને સ્થિર હોવું તે અલગ બાબત છે. તું સમજતો નથી અને બૂમો પાડતો રહે છે કે અમારા મનને સ્થિર બનાવી દો. કેવી રીતે સ્થિર બનાવીએ ? તું ખાઈ જા અફીણની ગોળી, પછી સ્થિર કરી દઈશું. તરંગમાં ડૂબેલો રહીશ અને કહીશ કે મહાદેવજી દેખાય છે. આવી રીતે કોઈ સ્થિર હોતું નથી. મીરાંબાઈ હંમેશાં કહ્યા કરતાં - ' ઘાયલની ગતિ ઘાયલ જાણે, જો કોઈ ઘાયલ હોય'. હરપળ તે વ્યાકુળ રહેતાં હતાં. રામકૃષ્ણ પરમહંસ ઉછળતા-વ્યગ્ર રહેતા હતા. ચૈતન્ય મહાપ્રભુ જયારે ચિંતન કરતા, ત્યારે ઉછળી ઉછળી બેહોશ થઈ જતા અને કીર્તન કરતા હતા. તેઓ એકાગ્રચિત્ત થઈ જતા હતા. કેવી રીતે એકાગ્ર થવાય ? એક વિષય પર, એક ધારા પર માણસનું મન લાગ્યું રહે, ત્યારે તે એકાગ્ર થઈ જાય છે, પરંતુ એક જ પ્રકારના વિચારો પર બહુ મોડે સુધી- બહુ વાર સુધી માણસનું મન સ્થિર રહી શકતું નથી, એટલા માટે અમે સવારે પણ આપની પાસે ધ્યાન કરાવીએ છીએ. ટુકડે ટુકડે ધ્યાન કરાવીએ છીએ. અલગ અલગ પ્રકારની વિવિધતાથી ધ્યાન કરાવીએ છીએ, જેથી આપને એક વિચાર ઉપર, એક ક્રિયાપદ્ધતિ ઉપર ધ્યાન લગાવવાની અને શીખવાની તક મળે. આપે આ પ્રમાણે જ કરવું જોઈએ.

મિત્રો, જયારે ઉપાસનાનો સમય આવે, ત્યારે આપ આપની ઉપાસનાના સમયે જે ક્રિયા-કૃત્યો કરતા હો, તો તેની પાછળ જે શિક્ષણ આપવામાં આવ્યું છે તેની સાથે આપ આપની જાતને જોડો. જયારે આપ દેવતાને ફૂલો ચડાવો ત્યારે આ ચક્કરમાં ન પડતા કે સાહેબ, આ ચમેલીનું ફુલ છે કે ગલગોટાનું છે કે ગુલાબનું ફુલ છે કે મોગરાનું ફુલ છે. મહાદેવજી આકડાનું ફુલ ખાતા નથી કે ગણેશજી ચમેલીનું ફુલ ખાતા નથી કે વિષ્ણુ ભગવાન ગુલાબનું ફુલ ખાતા નથી. આ બધી બેકાર વાતો છોડો અને વિચારો કે માણસનું જીવન ફુલ જેવું હોવું જોઈએ. ફુલ જેવું કોમળ જીવન હશે, તો ભગવાનનાં ચરણોમાં પણ સ્થાન મળી શકે છે, ગળામાં પણ સ્થાન મળી શકે છે, મસ્તક પર પણ તેઓ સ્થાન આપી શકે છે. દરેક જગ્યાએ સ્થાન મળી શકે છે. શરત માત્ર એટલી જ છે કે આપણે પોતે ફુલ જેવા જીવનના હોઈએ. હસતું જીવન, કોમળ અને ફુલ જેવું મુલાયમ જીવન, સુંગધી જીવન બનાવવાની આપણે કોશિશ કરીએ.

## દરેક વસ્તુના અર્પણની સાથે ગુણોનું ચિંતન

આ વિચારોની સાથે જયારે આપ ભગવાનને ફુલ ચઢાવ્યા કરો, એ જ વિચાર કરશો કે અમે અમારું જીવન ફુલ જેવું બનાવીશું. અમારું જીવન ફુલ જેવું બનવું જોઈએ. ફુલ જેવું જીવન બનાવવું તે ઉદ્દેશ હોવો જોઈએ. ફુલ ચડાવતા રહીએ અને બેકાર વાતો વિચારતા રહીએ કે ગુલદસ્તો બનાવું કે હાર બનાવું - આ કરું કે તે કરું. આ બેકાર વાતોમાં પોતાનો સમય માણસ બરબાદ કરતો રહે છે અને એ નથી વિચારતો કે આપણે આપણું જીવન ફુલ જેવું બનાવવાનું છે.

મિત્રો, આપણે જયારે દીવો પ્રગટાવીએ છીએ, તે સમયે આપણો વિચાર હોવો જોઈએ કે ભગવાનને દીપક દેખાડવાની જરૂર નથી. ભગવાનની પાસે તો બે દીપકો જલતા જ રહે છે. દિવસે સૂરજ જલતો રહે છે અને રાત્રે ચન્દ્રમા. તેથી આપ ભગવાન માટે દીપક નહિ પ્રગટાવો તો ભગવાનને કાંઈ વાંધો નથી. મહારાજજી, પછી તો અમે વારંવાર દીપક પ્રગટાવવામાં પૈસાનું ખર્ચ શા માટે કરીએ ?

શા માટે વારંવાર દીપક પ્રગટાવીએ ? બેટા, તેનું પણ એક કારણ છે. એક એવો બેવકૂફ માણસ છે, જે આંખે અંધ છે, જેને કશું જ દેખાતું નથી. તેની સામે દીપક ધરો તો કંઈક તો જોઈ શકે. કોણ છે એ બેવકુફ અને અંધ માણસ ? તે છે તું અને અમે જેને અંધ ગણી શકાય, જેમને કંઈ ખબર જ નથી, કંઈ દેખાતું જ નથી કે કંઈ સૂઝતું જ નથી. જેને નથી પોતાનું મરણ દેખાતું, નથી પોતાનું જીવન. તેને તો માત્ર એક જ ચીજ દેખાય છે-



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

વિલાસિતા, એક જ ચીજ દેખાય છે તૃષ્ણા, એક જ ચીજ દેખાય છે - વાસના, એક જ ચીજ દેખાય છે - ભોગ, એક જ ચીજ દેખાય છે લોભ. તે માત્ર એક જ ચીજ જુએ છે બીજું કાંઈ નહિ. તેની આંખો ખરાબ છે. તેને મોતિયાની ફરિયાદ છે. તેથી અંધારામાં ભટકનારને રોશનીની જરૂર છે.

## દીપ પ્રગટાવવાનો અર્થ રોશનીભર્યું જીવન

મિત્રો, એટલા માટે આપણે ભગવાનની સામે દીપક પ્રગટાવીએ છીએ, જેથી ભગવાનને બહાને આપણે આપણી પોતાની જાતને જોઈ શકીએ કે આપણી પોતાની જિંદગીનું સ્વરૂપ દીપક જેવું હોવું જોઈએ. રોશની, રોશની એટલે જીવન. રોશની કેવી, જેવી દીપકની, વીજળીની. મહારાજ, દીપકની, વીજળીની બત્તી તો હું રોજ પ્રગટાવતો રહું છું. ના બેટા, તે સાથે અમને કોઈ નિસ્બત નથી, રોશનીથી અમારો મતલબ છે ''તમસોમા જ્યોતિર્ગમય'' તેનો અર્થ- અમને અંધકારમાંથી પ્રકાશ ભણી લઈ જાવ. એનો અર્થ એ નથી કે ટોર્ચ આવી ગઈ છે તો તેને ઝબકાવતા ચાલો અને આવીને અમને અંધારામાંથી લઈ જાવ. અમારું તાત્પર્ય આ ચમકતી રોશની સાથે નથી, પરંતુ રોશની દ્વારા અમારું તાત્પર્ય છે જ્ઞાન. દીપક આપણે પ્રગટાવીએ છીએ તો તેનો મતલબ છે કે આપણું મસ્તક જ્ઞાનથી ભરેલું હોય, વિચારથી ભરેલું હોય, પ્રજ્ઞા બુદ્ધિથી ભરેલું હોય, રોશનીથી ભરેલું હોય. જો આપણું મસ્તિષ્ક આ બધાથી ભરેલું હોય તો આપણે શા માટે કામ કરવું જોઈએ ? બેટા, ત્યારે આપણે પ્રજ્વલિત થવાની વાત વિચારીએ, પ્રજ્વલિત થવાની વાત શીખીએ. બીજાઓના ફાયદાની વાત શીખીએ, કુરબાન થવાની વાત શીખીએ, સમન્વય કરવાની વાત શીખીએ, શરણાગતિની વાત શીખીએ, વિસર્જનની વાત શીખીએ, વિલયની વાત શીખીએ. ના સાહેબ, અમે તો લેવાની વાત જ શીખીશું. ના બેટા, લેનારાઓની આ કંપની નથી. આ તો આપનારાઓની કંપની છે. બેટા, તું કઈ કંપનીમાં દાખલ થયો છે ? અરે મહારાજ, હું તો ભજન કરનારાઓમાં આવી ગયો. શાથી તેમાં આવી ગયો ? મહારાજ, તેમાં એટલા માટે આવી ગયો કે ભજન કરનારાઓને ખૂબ મોટો નફો થાય છે. અરે બેટા, તને કોઈકે ખોટી રીતે ભડકાવ્યો છે. ભજન કરનારાઓને તેમાં નફો નથી થતો અને જો થાય છે તો તેમને એવો શાપ લાગેલો છે કે તેઓ પોતે નફો ખાઈ શકતા નથી, કેવળ બીજાઓને ખવડાવી શકે છે. જાદુગરને એકવાર મેં પૂછ્યું, ભાઈ, એક વાત જણાવો કે હમણાં હમણાં તમે આમ્રવૃક્ષ પરથી ફળ તોડયાં અને ડબામાંથી મીઠાઈ કાઢી અને બધાને ખવરાવી. શું તે સાચી મીઠાઈ છે ? હા સાહેબ, સાચી મીઠાઈ છે. ત્યારે તો તમે રોજે રોજ મીઠાઈ બનાવતા હશો અને તમારા બાળકોને ખવરાવતા હશો. ના સાહેબ, અમે તે ખાઈ શકતા નથી. બીજા કોઈને ખવડાવી શકીએ છીએ. કેમ ? તમે પણ ખાવ. ના સાહેબ, અમે પોતે નથી ખાઈ શકતા, બીજાઓને ખવરાવી શકીએ છીએ.

## ભગવત્કૃપા સાથે જોડાયેલ એક શાપ

મિત્રો, ભગવાનની દયામાં, કૃપામાં એક શાપ લાગેલો છે કે જો આપ તેને ખાવાની કોશિશ કરશો તો તે આપની પાસે રહેશે નહિ. આપ તે ખવરાવી શકો છો, પોતે ખાઈ શકતા નથી. સંત ખાઈ નથી શકતા. સંતોએ જ્યારે ખાવાનું શરૂ કરી દીધું ત્યારે સંતનું સંતપણું તે જ દિવસે પૂરું થઈ ગયું. ભગવાન અમને આપો, ભગવાન અમને આપો. બેટા, ભગવાન આપે તો છે, પરંતુ તેની કૃપા પારા જેવી છે. પારાને આપ જોઈ લો અને બીજાને બતાવી દો, પરંતુ ખાશો નહિ. ભગવાનની કૃપાને પણ ખાશો નહીં. સંતો ખાતા નથી, ઋષિ કદી ખાતા નથી, તપસ્વી કદી ખાતા નથી. જો ભગવાનની કૃપાને આપ પોતે ખાવી શરૂ કરશો, તો પછી આપની આપવાની તાકાત ખતમ થઈ જશે. ખાઈ લો, પછી જુઓ, આપ કોઈને કશુંય આપી શકશો નહિ. કોઈને પણ સહાય કરી શકશો નહિ. આપ એમ ઈચ્છતા હશો કે ખાધા પછી અમે અધ્યાત્મ દ્વારા કોઈકને ફાયદો કરાવીએ, તો તે આપ કરી શકતા નથી. પૈસા લઈને અનુષ્ઠાન આરંભ કરો, ઠીક છે, આપનું ગુજરાન ચાલશે, તેનો પ્રભાવ પડવો હશો તો પડશે, પરંતુ આપની વાણીની અંદર જે શકિત છે, તે શકિત નહીં રહે. પછી આપ કોઈકનું ભલું કરવાનું ઈચ્છશો, તો તે કરી શકશો નહિ.

મિત્રો, ભગવાનની કૃપા ખાઈ શકાતી નથી. આ બાબતમાં હું લોકોને જણાવતો રહું છું કે તમારે ભગવાનની કૃપાથી જો ફાયદો લેવો હોય, તો તેને બદલે તમે નોકરી કરો ધંધો કરો એ વધુ સારું રહેશે. ના સાહેબ, તેમાં ફાયદો થોડો જ મળે છે, તો બેટા, ચોરી કર. ચોરી કરીશ તો ત્રણ મહિનાની સજા થઈ જશે, પરંતુ ભગવાનની કૃપાથી તારો પિંડ તો બેટા છૂટશે. બેટા, ભગવાનની કૃપાથી જે લીધેલું છે અથવા પ્રાપ્ત થયું છે, તે બધું જ પરમાર્થ માટે હોય છે. લોકહિત માટે હોય છે. યાદ રાખો, ભગવાનની કૃપાથી સુખ નહીં, શકિત મળે છે. હર એક વ્યકિતને શકિત મળી છે, સુખ કોઈને મળ્યું નથી. જો શકિતની જરૂરત હોય, તો ભગવાનની કૃપાના



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

**સારાપણું જુઓ તો તેની વૃદ્ધિ થશે**

**જેવું આપણે જોઈએ, સાંભળીએ કે આચરણ કરીએ છીએ એવું જ આપણા અંતર્જગતનું નિર્માણ થાય છે. બાહ્યજગતમાં આપણે જે વસ્તુઓ જોઈએ છીએ એનો આપણી અભિરુચિ પ્રમાણે પ્રભાવ પડે છે. સારી જણાતી દરેક પ્રતિક્રિયાથી આપણા મનમાં એક યોગ્ય માર્ગ બને છે. એમ કરતા રહેવાથી તે માનસિક માર્ગ દૃઢ બને છે. છેવટે તે એક ટેવ બનીને એવો પાકો થઈ જાય છે કે મનુષ્ય એનો દાસ બની જાય છે.**

**જે મનુષ્ય સારું જોવાની ટેવ પાડે છે એના અંતર્જગતનું નિર્માણ શીલ, ગુણ તથા દૈવી તત્ત્વોથી થાય છે. એમાં ઈર્ષ્યા, દ્વેષ કે સ્વાર્થની દુર્ગંધ હોતી નથી. બધે સારું જ જોવાની ટેવના લીધે તે પોતે સદ્‌ગુણોનો ભંડાર બની જાય છે.**

**સારું જોવાની ટેવ એક પારસમણિ છે. જેનામાં આ સદ્‌ગુણ હોય છે તે મનુષ્ય પોતાના ચરિત્રના પ્રભાવથી દુરાચારીને પણ સદાચારી બનાવી દે છે. એની અંદરથી એક એવો વિદ્યુતપ્રવાહ પ્રસરે છે કે જેનાથી સર્વત્ર સત્યનો આલોક ફેલાય છે. નૈતિકતા અને માધુર્ય જ્યાં ભેગાં મળે છે ત્યાં આત્મિક સૌંદર્યનાં દર્શન થાય છે. સારાપણું જોવાની ટેવ સૌંદર્ય તથા શીલ બંનેનો સમન્વય કરે છે. જો જગતના લોકો નીરક્ષીર વિવેક અપનાવે અને પોતાની દુષ્પ્રવૃત્તિઓનો ત્યાગ કરે તો સતયુગ આવી શકે છે.**

ચક્કરમાં ફસાઈ જા અને જો તેને સુખની જરૂર હોય તો ભગવાનથી દૂર રહે. હા, ભગવાનથી દૂર રહેનારાઓમાં જેટલાં પણ સાધનો દેખાય છે, તે જોતાં હર સંસારી મનુષ્ય, તે દૃષ્ટિએ ગરીબ દેખાય છે, કંગાળ દેખાય છે.

<u>ખાતાં નહીં, ખવડાવતાં શીખો</u>

મહારાજજી, શું ભગવાનની કૃપા મેળવનારા કંગાળ નથી હોતા ? હા બેટા, ભગવાન જેના પર કૃપા કરે છે, તેને કંગાળ તો નથી કરતા, પરંતુ એ વાત જરૂર છે કે ભગવાનની કૃપા મેળવનાર એટલા ઉદાર બની જાય છે કે તેઓ ખાઈ શકતા નથી, ખવડાવી શકે છે. તેઓ પોતે ખાતા નથી, ખવડાવતા રહે છે. ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરને મહિને પાંચસો રૂપિયા નોકરીમાં મળતા હતા. જ્યારે તેમના હાથમાં પાંચસો રૂપિયા આવતા, તો તેમની પોતાની જિંદગીનાં એ દૃશ્યો નજર સામે આવીને ઊભાં રહેતાં, જ્યારે તેમને વીજળીના અભાવે, રોશનીના અભાવે, સડકના કિનારો ઊભા રહીને ભણવું પડતું હતું- સડકના કિનારે ઊભેલા વીજળીના થાંભલા પર જે બત્તી જલે છે, તેની નીચે ઊભા રહીને પુસ્તકો વાંચવાં પડતાં હતાં. બધા વિદ્યાર્થીઓ સડકના કિનારા પર ઊભા રહેતા આંખોની આગળ ઊભા રહી જતા. તેમને હવે પાંચસો રૂપિયા પગાર મળે છે. જ્યારે તેઓ અભ્યાસ કરતા હતા, ત્યારે તેમની પાસે મહિને ચાર આના હાથમાં રહેતા, જેમાંથી કેરોસીન ખરીદીને તેની બત્તીના પ્રકાશનો પ્રબંધ પણ પૂરો પડતો ન હતો. આજે તેમની આંખો સામે આ પ્રકારનાં હજારો બાળકો આવીને ઊભાં રહેતા અને કહેતા કે અમને મદદ કરો.

ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરે નિર્ણય કરી લીધો હતો કે મહિનાના પચાસ રૂપિયામાં હું મારું ગુજરાન ચલાવીશ અને મહિનાના સાડાચારસો રૂપિયા એ લોકો માટે સુરક્ષિત જાળવી રાખીશ જેમને ફીની જરૂર છે, જેમને પુસ્તકોની જરૂર છે, જેમને બીજી ચીજવસ્તુઓની જરૂર છે. તેઓ પોતે હજારો હાડમારીઓ વેઠતા રહ્યા, પરંતુ પોતાનું ગુજરાત પચાસ રૂપિયામાં જ કરતા રહ્યા. મહારાજજી, તો તો પછી તેઓ ગરીબ જ રહ્યા, અમીર ન બની શકયા. હા બેટા, તેઓ અમીર ન બની શકયા, સંત કદી અમીર નથી હોતા. ભગવાનના ભકતના ભાગે અમીરી આવી નથી. તે પોતે બીજાને અમીર બનાવી શકે છે, પરંતુ પોતે અમીર બની શકતો નથી. ગાંધીજીએ હજારોને બાદશાહ બનાવ્યા, પરંતુ પોતે બાદશાહ ન બની શકયા. સમર્થ ગુરુ રામદાસે શિવાજીને તો બાદશાહ (છત્રપતિ) બનાવ્યા, પરંતુ પોતે બાદશાહ ન બની શકયા. ચાણકયએ ચન્દ્રગુપ્ત મૌર્યને બાદશાહ બનાવ્યો, પરંતુ પોતે બાદશાહ ન બની શકયો. સંત, બાદશાહ નથી બની શકતા. એટલા માટે જો સંત બનવું હોય, ભગવાનની કૃપા, ભગવાનની દયા પ્રાપ્ત કરવી હોય તો તેને વહેંચતાં શીખો. બીજાઓને ખવરાવતાં શીખો. પોતે ન ખાવ..... (ક્રમશઃ)



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# સો ટકા છૂટનો લાભ લો, દૈવી અનુદાનોના અધિકારી બનો

અમારા પરિજનોને એક ખુશખબર મળ્યા હશે, જો ન મળ્યા હોય તો અમે તે આપીએ. શ્રી વેદમાતા ગાયત્રી ટ્રસ્ટ શાંતિકુંજ, હરિદ્વારને આપવામાં આવતાં અનુદાનો પર સો ટકા આવક વેરામાં મુક્તિ મળી ગઈ છે. આ મુક્તિ કલમ - ૧૩ અંતર્ગત મિશન દ્વારા સ્થાપિત દેવ સંસ્કૃતિ વિશ્વવિદ્યાલયનાં કાર્યોનો વિસ્તાર, શિક્ષણ, સ્વાસ્થ્ય, સ્વાવલંબનનાં ક્ષેત્રોમાં કરવામાં આવતાં કાર્યો નિમિત્તે મળી છે. મોટાં મોટાં કાર્યો કરવાં હોય, તો આ કક્ષાનું પ્રમાણીકરણ સંસ્થાને મળે એ અનિવાર્ય હતું અને તે ભારત સરકારના એક વટહુકમ દ્વારા ૨૭ જુલાઈ, ૨૦૦૨ના રોજ બહાર પાડવામાં આવ્યું છે. બધા પરિજનો જાણે છે કે ગાયત્રી પરિવારે ક્યારેય કોઈપણ કામ માટે સરકાર પાસેથી કોઈ પ્રકારનું અનુદાન લીધું નથી. પરમપૂજ્ય ગુરુદેવ કહેતા કે સરકાર જનતા પાસેથી મેળવે છે અને જ્યારે કોઈને આપે છે ત્યારે જનતાના હિત અને કલ્યાણ માટે મળેલ ભંડોળમાંથી આપે છે. તેથી સ્વૈચ્છિક સંસ્થાઓએ સરકાર પાસેથી નહિ, સીધું જનતા પાસેથી જ અનુદાન લેવું જોઈએ.

પરમપૂજ્ય ગુરુદેવના આ નિર્દેશોને ધ્યાનમાં રાખીને જ અમે ખૂબ વિનમ્રતા સાથે રાજ્ય અને કેન્દ્ર સરકાર પાસેથી કોઈ પણ અનુદાન ન લેવાની શરતે વિશ્વ વિદ્યાલય ઊભું કરવાનો સંકલ્પ કર્યો. આગળ જતાં પણ ક્યારેય સરકાર સમક્ષ અમે હાથ નહિ ફેલાવીએ એવું અમે ગુરુસત્તાને નિશ્ચિત આશ્વાસન આપીએ છીએ.

બ્રહ્મવર્ચસ્ શોધ સંસ્થાનનાં કીમતી મશીનો અને ભવન જ્યારે ઊભાં કરવામાં આવ્યાં, ત્યારે વિજ્ઞાન અને ટેકનિકલ વિભાગથી શોધ અને વિકાસ સંસ્થાન (આર એન્ડ ડી ઈન્સ્ટીટયુશન)ની માન્યતા મળવાની વાત આવી હતી. તેનો ઘણો લાભ મળી રહેત, પરંતુ નુકસાન એ હતું કે તેમાં અનુદાન લેવાનું અનિવાર્ય હતું. પૂજ્યવર ગુરુદેવે કહ્યું કે અમને આવી માન્યતા જનતા આપશે અને તેની માન્યતા સર્વોપરી ગણાવી જોઈએ. આમ જ થયું અને આટલું મોટું તંત્ર ઊભું થઈ ગયું. હવે તેનાથી પણ સો ગણી વધુ જવાબદારી આવી પડી છે. આયુર્વેદ અને વૈકલ્પિક ચિકિત્સા પદ્ધતિઓ (CAM) પર જ શોધ- સંશોધન તંત્ર ઊભું થવાનું છે, સ્વાવલંબનના ઉદ્દેશથી જે નવા પ્રોજેક્ટો બનવાના છે, તેના શિક્ષણ અને પ્રશિક્ષણના હેતુસર લગભગ બસો કરોડ રૂપિયાની મૂડીની આવશ્યકતા આગામી દિવસોમાં આવી પડશે. તેનું નિર્માણકાર્ય ચાલુ છે અને લગભગ ૨૦ કરોડની મૂડીથી નિર્માણ પામીને વિશ્વવિદ્યાલય ચાલુ થઈ ગયું છે. 'ઈન્ડોલોજી' (ભારતીય પ્રાચ્ય વિદ્યાઓ) પુનર્જીવિત કરવાનું એક સમગ્ર તંત્ર ઊભું કરવાનું હજી બાકી છે.

'ટીપે ટીપે સરોવર ભરાય '- એ કથન સાચું છે, પરંતુ તેમાં સમય લાગે તેમ છે. અમારે તો આ કાર્ય આગામી ત્રણથી છ વર્ષમાં પૂરું કરી દેવું છે, કેમકે તે કાર્ય હાથ પર લઈ લીધું છે. હવે જો તે કામ થંભી જશે તો મૂળ સંકલ્પમાં અવરોધ ઊભો થશે એટલા માટે આ પરિપત્રના માધ્યમથી પરિજનો-પાઠકો દ્વારા શ્રીમંતો, ઉદ્યોગપતિઓ-સંસ્કૃતિમાં અભિરુચિ ધરાવનાર ગર્ભશ્રીમંતોને જણાવવામાં આવે છે કે તેઓ આવકવેરા મુક્તિનો લાભ લે અને ઉદારતાપૂર્વક દાન આપે. જે ભગવાનના ખેતરમાં બી વાવે છે, તે તેની ફસલ એટલી જ કાપે છે - આ પ્રકૃતિનો એક સિદ્ધાંત છે.

પરિજનોની જાણકારી માટે અમે કેટલીક સૂચનાઓ આપી રહ્યા છીએ, જેથી દાન-સંગ્રહમાં તેમને મુશ્કેલી ન પડે.

૧. શક્ય હોય ત્યાં સુધી દાતા પાસેથી રકમનો ડ્રાફ્ટ જ લેવો. ચેકનો પણ સ્વીકાર કરી શકાય, પરંતુ ચેક પાસ થયા પછી જ ૩૫ ફોર્મ નંબરનું પ્રમાણપત્ર આપી શકાશે. જો રોકડ રકમમાં દાન આપે તો પ્રત્યેક દાન મળ્યાની રસીદ અલગ અલગ ડ્રાફ્ટ બનાવીને મોકલો.

૨. ડ્રાફ્ટ અથવા ચેક ' શ્રી વેદમાતા ગાયત્રી ટ્રસ્ટ (પ્રોજેક્ટ)' ના નામનો હરિદ્વારમાં મળે તે રીતનો હોવો જોઈએ. દાતાની પૂર્ણ વિગતો વિગતપત્રક પર અલગ સ્પષ્ટ રીતે લખીને મોકલો.

૩. ક્ષેત્રમાંથી દાન એકત્રિત કરવા માટે દાતાની એક ' પ્રોવીઝીનલ' રસીદ આપી શકાય, પરંતુ આવકવેરા મુક્તિ પ્રમાણપત્ર તે રકમ કેન્દ્રમાં જમા થયેથી આપી શકાશે.

૪. જે પરિજન ડિમાન્ડ ડ્રાફ્ટ બનાવવા, રજિસ્ટ્રેશન વગેરેનો ખર્ચ કરવા અસમર્થ હોય, તેઓ શાંતિકુંજમાં રસીદ બુક અને રકમ જમા કરાવીને વાઉચર્સ આપીને ખર્ચ લઈ શકે છે.

૫. વ્યાવસાયિક સંસ્થાઓ, કંપનીઓ, ભાગીદાર ફર્મો, પ્રોપ્રાયટર્સને પણ આ મુક્તિ મળવાપાત્ર છે. વ્યાવસાયિક ખર્ચનો એક હિસ્સો દાન બની જાય છે અને મુક્તિનું પ્રમાણપત્ર પણ મળી જાય છે. કોઈ પણ ટ્રસ્ટ અથવા સમિતિ પણ દાન આપી શકે છે.

૬. વેતનમાંથી મળતી આવકવાળા પરિજનો કલમ ૮૦ G ની જેમ તમામ લાભો તેનાથી બમણા આ કલમથી મેળવી શકે છે. દાતા પોતાનો પેન (PAN) નંબર અવશ્ય લખે. બિનનિવાસી ભારતીય (NRI) પણ ભારતમાં થનારી આવક આ કલમનો લાભ મેળવી શકે છે.

આશા છે કે પરિજન - પાઠક આ સમાચાર બધા લોકો સુધી પહોંચાડશે અને ભામાશાહની ભૂમિકા નિભાવીને સાંસ્કૃતિક નવોન્મેષના આ કાર્યમાં યોગદાનના નિમિત્ત બનવા માટે અનેક લોકોને સંમત કરશે અને પોતે પણ અગ્રગામી બનશે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# કર્મયોગની પરમ સિદ્ધિ : અંતઃશુદ્ધિ

(' કર્મસંન્યાસયોગ ' નામના ગીતાના પાંચમા અધ્યાયની પાંચમી કડી)

યુગગીતાની પાછલી કડીમાં પાઠકોએ વાંચ્યું છે કે યોગેશ્વર એક ચિકિત્સક શિક્ષકની જેમ પોતાના પ્રિય શિષ્ય અર્જુનનો બહુ જ કુશળતાપૂર્વક ઉપચાર કરે છે. તેઓ કહી રહ્યા છે કે કર્મયોગ ન કરનાર માટે તો સંન્યાસ દુઃખનું કારણ જ બની રહે છે. તેઓ અહંભાવ વિના, કોઈ પણ પ્રકારની કામના વિના, જીવન જીવવાની કલાનું અર્જુનને શિક્ષણ આપે છે અને પોતાના ઉદ્‌બોધનમાં સાતમા શ્લોકના માધ્યમથી તેને સાચા યોગીના લક્ષણો પણ જણાવી દે છે. આ ત્રણ લક્ષણો છે - પ્રત્યેક શ્વાસે યોગમય જીવન જીવતાં, પોતાની બુદ્ધિ અને અંતઃકરણને શુદ્ધ કરતાં જવું, (યોગયુકતોવિશુદ્ધાત્મા) પોતાના મનને - ઈન્દ્રિયોને પોતાના વશમાં કરવાં (વિજિતાત્મા જિતેન્દ્રિયઃ) તથા તમામ જીવોમાં તે જ પરમાત્મા સમાયેલ છે-એવી સતત અનુભૂતિ કરવી (સર્વમતાત્મમૂતાત્મા) એવું જીવન જીવનારના કર્મ બંધનોનું કારણ બનતા નથી એવો શ્રીકૃષ્ણનો સ્પષ્ટ મત છે. (કુર્વન્નપિ ન લિપ્યતે) આગળ યોગેશ્વર કહે છે કે આવી આત્મજ્ઞ વ્યકિત પાંચ જ્ઞાનેન્દ્રિયો - કર્મેન્દ્રિયો દ્વારા વિભિન્ન કર્મ કરતાં પણ એમ જ માને છે કે તે નિર્લિપ્ત છે અને ઈન્દ્રિયોનો બધો વ્યાપાર સ્વતઃ ચાલી રહ્યો છે. દ્રષ્ટા સ્તરના દિવ્યકર્મીની માન્યતા એ બની રહે છે કે હું કશું કરતો નથી (નૈવ કિંચિત્ કરોમીતિ યુકતો મન્યેત તત્ત્વવિત- આઠમો શ્લોક). તો પછી તે કર્તાભાવથી મુકત થઈ જાય છે. તે જાગરૂકતાની આ અવસ્થામાં એમ જુએ છે અને અનુભવ કરે છે કે ઈન્દ્રિયો જ વિષયોમાં વિચરણ કરે છે. (ઈન્દ્રિયાણીન્દ્રિયાર્થેષુ વર્તન્ત ઈતિ ધારયતે-નવમો શ્લોક). આ સાધનાની ઉચ્ચતમ સ્થિતિ છે. હવે આગળ દસમા શ્લોકથી આ મહિનાનો સ્વાધ્યાય શરૂ કરીએ છીએ.

### કર્મ બ્રહ્મને અર્પિત હો

બ્રહ્મણ્યાધાય કર્માણિ સંગંત્યક્ત્વા કરોતિ યઃ ।
લિપ્યતે ન સ પાપેન પદ્મપત્રમિવામ્ભસા ॥ ૫-૧૦

જે પુરુષ બધાં કર્મોને પરમાત્માને અર્પણ કરીને અને આસકિતને ત્યજીને કર્મ કરે છે તે જળમાં કમળપત્રની જેમ પાપથી લિપ્ત થતો નથી

અહંકારના ભાવથી મુકત વ્યકિત જયારે પોતાની આસકિતને પણ ત્યજી દે છે, ત્યારે તે એવી ઉચ્ચતમ સ્થિતિમાં પહોંચી જાય છે કે તે જે કોઈ કર્મ કરે છે, જાણે પરમાત્મા સ્વયં તે કરી રહ્યા છે એવું પ્રતીત થાય છે. આવી વ્યકિત દિવ્યકર્મી હોય છે અને બ્રહ્મમાં કર્મફળને સોંપીને અને કર્તૃત્વાભિમાનને છોડીને બધાં કર્મો કરે છે. શ્રી રામકૃષ્ણ પરમહંસ નરેન્દ્રને ઉદ્દેશીને કહે છે, " બ્રહ્મ કેવું છે તે તું જાણે છે ? જેમ કે દુર્ગંધ-સુગંધ વાયુની સાથે આવી રહી છે, પરંતુ વાયુ નિર્લિપ્ત છે. એવી રીતે બ્રહ્મ પણ નિર્લિપ્ત છે. સારું- ખરાબ જીવને માટે છે, સત-અસત જીવને માટે છે, બ્રહ્મને તેની સાથે કોઈ સંબંધ નથી. દીપકની સામે કોઈ ભાગવત વાંચે છે, કોઈ જુગાર રમે છે, પરંતુ દીપક નિર્લિપ્ત છે. દુઃખ, પાપ, અશાંતિ - બધું જ જીવને માટે છે, બ્રહ્મ તો નિર્લિપ્ત છે. આ નિર્લિપ્ત આનંદસ્વરૂપ બ્રહ્મની સાથે પોતાની જાતને અભિન્ન માનવી એ જ યથાર્થ જ્ઞાન અથવા મોક્ષની પ્રાપ્તિ છે. "

આગળ તેઓ કહે છે, " પરંતુ આ બ્રહ્મમાં સમર્પણ-એ બહુ જ અઘરું કામ છે. ' અહમ્'ને પરમાત્મામાં વિલીન કરી દેવો અર્થાત 'હું કરું છું' એવી બુદ્ધિને ત્યજીને કર્મ કરવું. અજ્ઞાની મનુષ્ય ' હું કરું છું' એવું સમજીને પોતાના કર્મને ' અહમ્'ની ઉપર સ્થાપિત કરે છે અને પરોક્ષ જ્ઞાની " અહં અભિયાન છોડીને ફળસહિત કર્મને બ્રહ્મમાં સ્થાપિત અથવા અર્પિત કરે છે."

(શ્રીમદ્‌ભગવદગીતા-સ્વામી અપૂર્વાનન્દજી - રામકૃષ્ણ શિવાનંદ આશ્રમ, બારાસાત, પશ્ચિમ બંગાળ).

### અહંભાવથી પર અક્ષર પુરુષ

જયારે મનુષ્ય ત્રિગુણાતીત બનશે ત્યારે જ બ્રહ્મમાં સમર્પણ કરી શકશે. ગુણોએ તેને પોતાનો ગુલામ બનાવી રાખ્યો છે. કયારેક તમોગુણ જડતામાં આપણને પછાડે છે, તો કયારેક આપણને રજોગુણની આંધી ઉડાવી જાય છે અને કયારેક સત્ત્વગુણનો આંશિક પ્રકાશ તેને બાંધીને રાખી દે છે. મનુષ્યને આ કારણે જ સુખ-દુઃખ, હર્ષ-શોક, કામ-ક્રોધ, આસકિત - જુગુપ્સા તેને પોતાના વશમાં કરી લે છે, તેને જરા પણ સ્વતંત્રતા નથી. શ્રી અરવિંદ કહે છે કે, મુકત બનવા માટે મનુષ્યએ પ્રકૃતિના કર્મોથી પાછા હટીને અક્ષર પુરુષની સ્થિતિમાં



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

આવી જવું પડશે. ત્યારે જ તે ત્રિગુણાતીત બનશે. ત્રિગુણાતીત અર્થાત્ સ્વાર્થપૂર્ણ અહંભાવથી પર થઈ દવું. આવી વ્યકિત સમાજનો એક યોગનિષ્ઠ કર્તવ્યપરાયણ સેવક હોય છે તથા જીવનમાં સંપાદિત તેની બધી જ ક્રિયાઓ ઉત્સાહ અને દિવ્ય પ્રયોજન સાથે હોય છે. કર્મોમાં કુશળતા અને સૌંદર્યનાં દર્શન થાય છે.

અહંકારરહિત દષ્ટિકોણ જ આપણી અંદર બેઠેલા સચ્ચિદાનંદરૂપી પરમાત્માને, શ્રેષ્ઠતમ તત્ત્વને ખુલ્લું કરે છે. આપણે આપણી અપૂર્ણતાઓથી ઉપર ઊઠીને જીવનમાં બધાં કાર્યોને અતિ સુંદર રીતે સંપાદિત કરવા લાગીએ છીએ. આવી વ્યકિત જયારે આસકિતનો ત્યાગ કરીને (સંગત્યકત્વા) બ્રહ્માર્પણપૂર્વક (બ્રહ્મણ્યાધાય) પોતાનાં કર્મો કરે છે (કર્મણિ કરોતિ યઃ) તો તે એવો દિવ્યકર્મી વ્યકિત બની જાય છે, કે જેણે કર્તાભાવ - અહંકારનું સમર્પણ કરી દીધું હોય. પછીથી તે કર્મ કરતાં પણ નવી વાસનાઓથી બંધાતો નથી અને પાપથી લેપાતો નથી. (લિપ્યતે ન સ પાપેન) અને આવી સ્થિતિમાં જળમાં રહેનાર કમળપત્રની જેમ જગતમાં પોતાની સ્થિતિ બનાવી રાખે છે. (પદ્મપત્ર મિવામ્ભસા).

કાવ્યની દષ્ટિએ અતિ સુંદર, વિલક્ષણ કક્ષાના આ શ્લોકમાં જે ઉપમા આપવામાં આવી છે, તે આપણને ગીતાજીના દર્શનનો વાસ્તવિક રસાસ્વાદ કરાવે છે. આપણે જળમાં કમળની જેમ રહીએ. કમળને પંકજ કહેવામાં આવે છે. પંક અર્થાત કીચડમાં જન્મેલ કમળ તે નથી કીચડથી લેપાતું, નથી જળથી. તે તો બસ કમળ જ હોય છે, જેની તુલના વિષ્ણુ ભગવાનનાં નેત્રો સાથે કરવામાં આવી છે, જે શિવલિંગ પર ચડાવવામાં આવે છે. ગીતાનું અધ્યાત્મ આપણને શિક્ષણ આપે છે કે આપણે ઉચ્ચસ્તરીય ચૈતન્યમાં વ્યાપેલ સત્તા પ્રત્યે પોતાના અહંકારને સમર્પિત કરીએ અને આસકિતને છોડીને કર્તવ્ય-કર્મોનું સંપાદન કરીએ. નિર્લિપ્ત ભાવથી આપણે જો કર્મ કરીશું, તો નવી વાસનાઓથી બંધાઈશું નહિ કે પાપ આપણને બંધનોમાં બાંધશે નહિ (લિપ્યતે ન સ પાપેન). લૌકિક દુનિયા જે પુત્રેષણા, વિત્તેષણા, લોકેષણાથી ભરેલી છે, તેમાં પણ આપણે તેમાં લિપ્ત ન થઈને કમળના પાંદડાંની જેમ રહીશું.

પરંતુ શું આ શકય છે ? અહંકારરહિત ભાવમાં પછી વ્યકિત કર્મ કેવી રીતે કરી શકશે ? ઉત્પન્ન થયેલી નવી વાસનાઓ કયાંક તેના વ્યકિતત્વને જકડી તો નહીં લે ને ? શું આ કર્મોથી પોતાનાં બંધનોને મુકત કરી શકે છે ? શ્રીકૃષ્ણ કહે છે કે હા, એ શકય છે અને તેને માટે અગિયારમા શ્લોકમાં તેઓ સંકેત આપે છે-

કાયેન મનસા બુદ્ધ્યા કેવલૈરિન્દ્રિયૈરપિ ।
યોગિનઃ કર્મ કુર્વન્તિ સંગ ત્યકત્વાત્મશુદ્ધયે ॥

કર્મયોગી (દિવ્યકર્મી - યોગિનઃ) આસકિતનો ત્યાગ કરીને કેવળ ઈન્દ્રિય, મન, બુદ્ધિ અને શરીરથી પણ અંતઃકરણની શુદ્ધિ માટે કર્મ કરે છે. ૫-૧૦

યજ્ઞીય ભાવથી કરવામાં આવતાં કર્મો પૂર્ણ સમર્પણ ભાવપૂર્વક સંપન્ન થાય છે. આવા દિવ્યકર્મીઓ પોતાની જાતને કર્મ અને તેના ફળ દ્વારા લિપ્ત ન થવા દઈને (તેનાથી આસકત ન થઈને, પ્રભાવિત ન થઈને સંગ ત્યકત્વા) પોતાનાં મન, બુદ્ધિ, જ્ઞાનેન્દ્રિયો અને કર્મેન્દ્રિયોથી માત્ર પ્રભુને અર્પિત થઈને કર્મ કરે છે. (કાયેન મનસા બુદ્ધ્યા કેવલૈ રિન્દ્રિયૈરપિ). તેઓ સમાજની, સંસારની સેવા કરવાના હેતુથી જીવે છે અને આ દિવ્યકર્મ તેઓ પોતાની અંતરશુદ્ધિ માટે કરે છે. (યોગિનઃ કર્મ કુર્વન્તિ સંગ ત્યકત્વાત્મશુદ્ધયે). કેટલો સ્પષ્ટ નિર્દેશ છે! તેની વધારે વ્યાખ્યા આપવાની જરૂરત પણ નથી.

## સંગ ત્યકત્વા

આસકિતથી મુકિત-નિવૃત્તિની વાત 'સંગ ત્યકત્વા'ના માધ્યમથી વારંવાર ગીતામાં કહેવાઈ છે. અહીં દસમા અને અગિયારમા શ્લોકમાં તે વાત લગાતાર આવી છે. અહંકાર અને અહંકેન્દ્રી કામનાઓ બન્ને મળીને આસકિતને પરિભાષિત કરે છે. આની અંદર બેઠેલા દાનવ સામે ઝઝૂમીને તેનાથી મુકિત મેળવી લેવી તે દિવ્યકર્મીનું એક બહુ જ મહત્ત્વપૂર્ણ કર્મ હોય છે. તેના માટે તે અલગ રીતે કોઈ ઉપાસના કે કર્મ કરતો નથી. તે એ કર્મ સહજ રૂપે કરતાં કરતાં પોતાની વર્તમાન વાસનાઓનો ક્ષય કરી નાખે છે. સંસારમાં સંવ્યાપ્ત પરમાત્મ સત્તાની સેવા કરતાં કરતાં તે મન, બુદ્ધિ, ઈન્દ્રિયોને શાંત અને સ્થિર કરી લે છે અને તે ભાવાવસ્થામાં પહોંચી જાય છે, જયાં તે ધ્યાનસ્થ થઈ જાય છે, તેના હૃદયની શુદ્ધિ થઈ જાય છે અને આ શુદ્ધ અંતઃકરણની સાથે તેને અનંત શાન્તિની ઉપલબ્ધિ થાય છે. હૃદયશુદ્ધિ (હૃદયની શુદ્ધિ) સૌથી મોટી ઉપલબ્ધિ છે, જે નિષ્કામ કર્મ કરતાં કરતાં એક દિવ્યકર્મી લોકસેવકને પ્રાપ્ત થાય છે.

## તિલકનું જીવન

જેઓ આસકિતનો ત્યાગ કરીને જનહિત અર્થે પોતાનાં કર્મો કરતા રહે છે એવા કર્મયોગીઓ જનસામાન્યને પોતાના આચરણથી શિક્ષણ પણ આપે



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

છે અને આદર્શમય જીવન જીવે છે. લોકમાન્ય તિલક 'કેસરી' અને 'મરાઠા' સમાચાર પત્રોનું સંપાદન કરતા હતા. બન્ને સમાચાર પત્રોની સમગ્ર રાષ્ટ્ર પ્રતીક્ષા કરતું, કેમ કે તેમાં પ્રત્યેક માણસ માટે સંદેશ છુપાયેલો રહેતો હતો. આઝાદીના આંદોલનને આગળ ધપાવવામાં આ બન્નેય સમાચાર પત્રોની ભૂમિકા બહુ મોટી હતી. બીજા દિવસોની જેમ તેઓ પોતાના સમાચાર પત્રનું સંપાદન કરીને તેને આખરી રૂપ આપી રહ્યા હતા, કે ખબર આવી, આપના પુત્રનું અવસાન થયું છે, પત્ની પરેશાન છે. તરત આવી પહોંચો. આસકિતથી પૂર્ણતઃ મુકત તિલકે સંદેશાવાહકને કહ્યું કે બેટા, મારા પુત્રનું મૃત્યુ તે મારું વ્યકિતગત દુઃખ છે, પરંતુ કેસરીની પ્રતીક્ષા તો સમગ્ર દેશને છે. આ મારો લોકધર્મ છે. તમે સ્મશાન યાત્રાની વ્યવસ્થા કરો, હું સંપાદન કાર્ય પતાવીને હમણાં આવું છું. જો આ કાર્ય અટકી જશે તો અખબાર પ્રગટ થઈ શકશે નહિ અને લાખો વ્યકિતઓ નિરાશ થશે. આ વ્યકિતઓની આશાએ અમારા ચિંતનને જીવંત રાખ્યું છે, એટલા માટે હું આ કાર્ય છોડી શકું નહિ. સંપાદનકાર્યમાં તિલક એવા લીન બની ગયા કે સમય વધુ વીતી ગયો - જયારે તેઓ પહોંચ્યા ત્યારે તેમના પુત્રને અગ્નિદાહ અપાઈ ગયો હતો. મૃત પુત્રનાં તેઓ દર્શન પણ ન કરી શકયા. આવા માણસને કોઈ નિષ્ઠુર પણ માને, પરંતુ પોતાની વ્યકિતગત વેદના સહન કરીને પણ જેઓ લોકશિક્ષણના હેતુથી કર્મમાં રહે તે જ સાચો કર્મયોગી છે. અહીં આવા જ કર્મયોગી તરફ સંકેત કરવામાં આવ્યો છે, જેઓ પોતાની વેદનાને વ્યકિતગત ન માનીને રાષ્ટ્રધર્મમાં રત રહ્યા. અગિયારમો શ્લોક જે કર્મયોગી તરફ સંકેત કરે છે, તેનો સર્વોચ્ચ આદર્શ બાળગંગાધર તિલક છે.

## પરમપૂજ્ય ગુરુદેવ પંડિત શ્રીરામ શર્માજી

પરમપૂજ્ય ગુરુદેવનાં માતુશ્રીનું અવસાન થયું. ઈ.સ. ૧૯૭૧નાં શરૂઆતના મહિનાઓની આ ઘટના છે. ત્રણ-ચાર મહિનાઓમાં જ તેમને પોતાના જાહેર કરેલા પ્રવાસ માટે હિમાલય જવાનું હતું. તેઓ પોતે વિલાસપુરના પ્રવાસે હતા. તે દિવસોમાં તેમના ખૂબ સઘન પ્રવાસો રાષ્ટ્રના ખૂણે ખૂણે યોજાઈ રહ્યા હતા. ટેલિફોન કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો, તાર પણ મોકલ્યો અને ત્યાં સુધી એક વરિષ્ઠ પ્રતિનિધિને કેન્દ્રમાંથી મોકલવામાં આવ્યા, જેથી તેઓ તરત જ પાછા ફરી શકે. પૂજ્યવરના માતાને બધા પ્રેમથી 'તાઈ' કહેતા. તેમણે કહ્યું કે હું પહોંચીશ ત્યાં સુધી અમારા લાખો કાર્યકર્તાઓ કાર્યક્રમ ન યોજાઈ શકવાને કારણે પ્રતીક્ષા કરતા રહેશે, નિરાશ થશે. અગ્નિ તેમના આગમનની પ્રતીક્ષા કર્યા બાદ મૂકવામાં આવ્યો. બાકીના લોકોએ અને પરિવારના માણસોએ આ કામ સંપન્ન કર્યું. ગુરુદેવ પોતાનો પ્રવાસ પૂર્ણ કરીને દસ-બાર દિવસો પછી પાછા ફર્યા. પાછા ફર્યા બાદ તેમણે શેષ ઉત્તરક્રિયાનું કાર્ય સંપન્ન કર્યું. વંદનીય માતાજીએ પોતાના અંતરની વેદના તેમના સુધી પહોંચાડવાનો પ્રયાસ કર્યો કે લોકવ્યવહારની દૃષ્ટિએ તેમણે આવી જવું જોઈતું હતું. ગુરુવરનું એમ કહેવું હતું કે લોકસંગ્રહ માટે, લોકશિક્ષણ માટે જ લોકસેવક જીવે છે. મારા ન આવવાથી કાંઈ ફરક પણ નથી પડયો અને ક્ષેત્રના કાર્યકર્તાઓને નિરાશા પણ નથી થઈ. કોઈક આ બાબતને નિષ્ઠુરતા કહી શકે, માતા પ્રત્યે અસમ્માન પણ ગણી શકે, પરંતુ આ દિવ્યકર્મી, લોકસેવકના કર્મયોગની પરાકાષ્ઠા છે, જેને અગિયારમા શ્લોકમાં યોગેશ્વર શ્રીકૃષ્ણે સંગ ત્યકત્વા કહીને પરિભાષિત કરી છે. આવી વ્યકિતઓ સ્થિતપ્રજ્ઞ કક્ષાના મહામાનવો હોય છે અને જળમાં રહેલા કમળપત્રની જેમ નિર્લિપ્ત જીવન જીવે છે.

## યોગીરાજ શ્રી અરવિંદ

શ્રી અરવિંદ રૂપિયા સાતસો પચાસની નોકરી છોડીને માત્ર માસિક પંચોતેર રૂપિયાના પગારે નેશનલ કોલેજના મુખ્ય આચાર્ય બન્યા. તે જમાનાના વડોદરાના મહારાજાના સચિવ કક્ષાના પદ પરનું માસિક સાતસો પચાસ રૂપિયાનું વેતન, આજના હિસાબે માસિક એક-દોઢ લાખ રૂપિયા થાય, પરંતુ તેમણે લોકહિત માટે ઓછા વેતનમાં નેશનલ કોલેજમાં પ્રશિક્ષણ કાર્ય કરવાનું અનિવાર્ય માન્યું. આની સાથોસાથ તેઓ વંદેમાતરમ્‌નું સંપાદન કાર્ય પણ સંભાળતા હતા, ઘોષબાબુના નાનકડા ઓરડામાં બેસીને તેઓ સંપાદનકાર્ય કરતા. આ જ દિવસો દરમિયાન તેમનાં લગ્ન થયાં હતાં. લગ્ન પછી પત્નીના ક્ષેમકુશળ પૂછીને તેઓ પોતાના ઓરડામાં આવીને લખવા બેસી ગયા. ઓછામાં ઓછું તે રાત તો પોતાની પત્ની સાથે બેસીને વિતાવી શકયા હોત. આ જ વ્યાવહારિકતા હતી. ઘોષબાબૂનાં પત્ની તેમની દેખભાળ રાખતાં હતાં, કેમકે તેમને પોતાના વિશે ઝાઝી દરકાર રહેતી જ નહિ. તેઓ મકાન માલિક હતાં, ઉંમરમાં પણ મોટાં હતાં. તેમણે બે માળાઓ બનાવી અને કહ્યું કે "આપ આપની કલમ મને આપો. આજની રાત આપ ચૂપચાપ જઈ પત્ની પાસે રહો. આપને માટે જ મેં બે માળાઓ બનાવી છે. એક માળા આપ પહેરી લો અને


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

કરવું હોય તે કામ કરજો''.

શ્રી અરવિંદ પોતાની પત્ની મૃણાલિનીદેવીની પાસે ચાલ્યા ગયા. રાત્રે અઢી વાગે ઘોષ બાબૂનાં પત્નીની ઊંઘ ઊડી, તો તેણે જોયું કે શ્રી અરવિંદના ઓરડાની બત્તી ચાલુ છે અને તેઓ અંદર બેઠા બેઠા યથાવત્ લખી રહ્યા છે. શ્રીમતી ઘોષ બારણાને બહારથી તાળું મારીને પણ આવ્યાં હતાં, પરંતુ તેઓ તો સંભવતઃ ગયા જ નહોતા. તેણે પૂછ્યું, ત્યારે શ્રી અરવિંદ બોલ્યા, મેં આપની બધી જ વાતો માની લીધી, પત્નીને માળા પહેરાવી, તેની સાથે વાતો કરી. જયારે બધી વાતો પૂરી થઈ તો તે પણ ચુપ. હું પણ ચુપ મેં તેને પૂછ્યું કે હું સંપાદનકાર્ય કરું ? ત્યારે તે બાબતનો સ્વીકાર કરીને તે ઊંઘી ગઈ. હું પાછો ફર્યો. મેં જોયું કે બહાર તાળું મારેલું છે. ક્રાન્તિકારી ઉગ્રવાદી હોવાને લીધે મને છલાંગ મારતાં તો આવડે છે. હું અંદર આવી ગયો. મેં જોયું કે આપે મારા ઓરડાને તાળું મારેલું હતું. મેં બારી જોઈ, તે અડધી ખુલ્લી હતી, મેં એક ધક્કો માર્યો તો તે ખુલી ગઈ. આપની ઊંઘ બગાડયા વિના હું અંદર આવી ગયો અને મારું કાર્ય કરવા લાગ્યો. આપની વાત પણ માની લીધી અને આપને જગાડયાં પણ નહીં. સમગ્ર દેશ વંદેમાતરમ્‌ની પ્રતીક્ષા કરી રહયો છે. જો હું ન લખત, તો કાલે ' વંદેમાતરમ્ ' પ્રકાશિત ન થઈ શક્યું હોત. મારી પત્ની તો એક દિવસ રાહ જોઈ શકશે, આ પ્રસંગ શ્રી નીરોદવરણ (જેઓ આજે પણ શ્રી અરવિંદ આશ્રમમાં છે) દ્વારા લખાયેલ મૃણાલિની દેવી નામના પુસ્તકમાંથી લેવામાં આવ્યો છે. વ્યકિતગત કાર્ય ગમે તેટલું મોટું કેમ ન હોય, પોતાનું લગ્ન અથવા તેની મધુરજની પણ કેમ ન હોય, આ બધું એક તરફ અને દેશહિત એક તરફ. આ કર્મયોગીની રાગથી, આસકિતથી નિવૃત્તિ છે અને લોકશિક્ષણ માટે, કર્મ પ્રત્યે સમર્પણની પરાકાષ્ઠા છે. પરમપૂજ્ય ગુરુદેવ ઘણું ખરું ચર્ચામાં તિલક અને શ્રી અરવિંદના આ પ્રસંગોનું વર્ણન કરીને કહેતા હતા કે આસકિતથી આ પ્રકારની નિવૃત્તિ કર્યા વિના ઉચ્ચસ્તરીય લોકસેવક બનવાનું સંભવિત નથી.

## લોકસેવકની સિદ્ધિનો મર્મ

અગિયારમા શ્લોકની ધરી છે - ' યોગિનઃ કર્મ કુર્વન્તિ સંગત્યકત્વા.' દિવ્ય કર્મયોગી આસકિતનો ત્યાગ કરીને સતત કામ કરતા રહે છે. આ કર્મ તેમના વ્યકિતત્વથી ઝરતી પરમાત્મસત્તાની ચેતના દ્વારા સહજ જ થતાં રહે છે. તેઓ નથી કોઈ કર્મથી આસકત થતા, નથી તેના ફળથી. આપણને તેનાથી શું મળશે, તેની ચિંતા તેમને હોતી નથી, પરંતુ સાહજિક રીતે જ આ કર્મો કરતાં કરતાં એક ફળશ્રુતિ, ઉપલબ્ધિ, દૈવી અનુદાન તેમને પ્રાપ્ત થઈ જાય છે - તે છે ઈન્દ્રિય, મન, બુદ્ધિ અને શરીર દ્વારા કરાયેલા આ કર્મોથી મળનારી અંતઃકરણની શુદ્ધિ (આત્મશુદ્ધય). આ સૌથી ઉત્કૃષ્ટ ઉપલબ્ધિ છે અને આ કર્મયોગની સિદ્ધિ છે. તે પ્રાપ્ત થતાં જ આપણને પરમશાંતિ મળે છે. પરમાત્મ સત્તા સાથે તન્મયતા મળે છે અને આપણે ધ્યાનની પરાકાષ્ઠા પર પહોંચી જઈએ છીએ.

ઢગલાબંધ સાધનાઓ, દુનિયાભરના પ્રપંચો રચીને પણ જે પ્રાપ્ત થઈ શકતું નથી, તે પોતાનાં મન, બુદ્ધિ, જ્ઞાનેન્દ્રિયો, કર્મેન્દ્રિયોથી પ્રભુને અર્પિત થઈને કર્મ કરવાથી મળી જાય છે. સંસારરૂપી પરમાત્માના આ બગીચાને સમુન્નત, સુંદર, વ્યવસ્થિત બનાવવો એ જ આપણું કર્તવ્ય છે. આપણે આપણી જાતનું તો વિચારીએ, પરંતુ તેમાં આસકત ન બનીએ, તેને માટે પરેશાન ન થઈએ. જે પ્રભુની સેવા કરે છે, દરિદ્રનારાયણની સેવા કરે છે, પ્રભુ તેમનું ધ્યાન રાખે છે. પરમપૂજ્ય ગુરુદેવ કહેતા હતા,'' પરમાર્થમાં જ સાચો સ્વાર્થ છે. '' લોકહિતની વેદીમાં આપણે થોડાંક પુષ્પો આપણાં કાર્યો દ્વારા સમર્પિત કરી શકીએ, તેનાથી મોટું પુણ્ય બીજું કાંઈ નથી, તેનાથી મોટો સ્વાર્થ બીજો કોઈ નથી. સંકીર્ણ સ્વાર્થપરાયણતાની તુલનામાં લોકહિત માટે જીવન જીવતાં રહીને કર્મો કરવાનું, કોઈ પણ પ્રકારની આસકિત વિના નિર્લેપ ભાવથી જીવવાનું જો આપણને આવડી જાય, તો આપણે રિદ્ધિ-સિદ્ધિઓના રાજમાર્ગ પર ચાલી શકીએ. પરંતુ કોણ જાણે કેમ, જે બીજાઓ માટે જીવવામાં મળે છે, અનાસક્ત મુક્ત જીવન જીવવાથી મળે છે, તે અંદરની શાંતિની સરખામણીમાં આપણને અશાંતિમાં, તનાવોમાં, ઉદ્વેગોમાં જીવવાનું જ પસંદ છે! એટલા માટે તો આપણાં કર્મો પણ તે જ પ્રકારનાં હોય છે અને બંધનોમાં ફસાઈને જીવવું એ જ આપણી ફરીથી નિયતિ બની જાય છે. આ અંદરની શાંતિ, કર્મયોગની પરમસિદ્ધિની ચર્ચા, આગળના શ્લોકની સાથે આવતા અંકમાં......

(ક્રમશઃ)



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ચેતનાની શિખરયાત્રા-૧૧

# અંકુર ફૂટવા લાગ્યાં-૨

## શિશુને પ્રણામ

યમુના પાર કરવા માટે નૌકા ચાલતી હતી. શ્રીરામ તે સંતનું ઠેકાણું પૂછતા-તપાસ કરતા કરતા કિનારે પહોંચ્યા. નાવ દ્વારા નદી પાર કરી અને સંતના મુકામ સુધી પહોંચ્યા. બપોરના સમય હતો. સંત માંચી પર બેઠા હતા. નીચે ચાર-પાંચ માણસો ઊભા હતા. તેમણે બસો મીટર દૂરથી જ શ્રીરામને જોઈ લીધા અને સ્નેહપૂર્વક આવકાર્યા-'આવો, ઋષિકુમાર, તમારી જ પ્રતીક્ષા કરતો હતો.' બાબાજીનો આવકાર સાંભળીને શ્રીરામે પાછળ ફરીને જોયું. તેમને લાગ્યું કે તેઓ કોઈ બીજાને બોલાવી રહ્યા છે. ફરીથી એ જ આવકાર- 'બાળક શ્રીરામ, હું તમને જ કહી રહ્યો છું.' પોતાનું નામ સાંભળીને શ્રીરામનો સંશય દૂર થઈ ગયો. આગળ વધવામાં અત્યાર સુધી જે ખચકાટ હતો તે હવે દૂર થઈ ગયો. તેઓ સ્વાભાવિક ગતિથી પગલાં માંડતા સીધા માંચી પાસે પહોંચ્યા અને બાબાને પ્રણામ કર્યાં.

તેમણે બંને હાથ ઉઠાવીને કહ્યું, 'બાળક તમને પણ પ્રણામ.' આ સાંભળીને ત્યાં ઊભેલા બીજા લોકો ચોંકીને જોઈ રહ્યા. ત્યાં પધારનાર શ્રદ્ધાળુઓને બાબા પ્રણામનો ઉત્તર 'આશીર્વાદ, બચ્ચા' અથવા 'બચ્ચા સુખી રહો' એમ બોલીને આપતા હતા. જ્યારે અહીં બાર-તેર વર્ષના કિશોરને પ્રણામનો ઉત્તર પ્રણામથી આપતા હતા.

બાબાજીએ થોડાક સમય બાદ જે કહ્યું તેનાથી લોકોનું વિસ્મય કંઈક ઓછું થયું. બાબાએ કહ્યું, ''તમારા આવવાના ખબર મને મળી ગયા હતા. દૈવી આત્માઓ દ્વારા જ આભાસ થયો કે તમે આવી રહ્યા છો, મને બહુ આનંદ થયો.''

શ્રીરામ ચૂપચાપ સાંભળતા રહ્યા. ''ગાયત્રી મંત્રનો પાઠ કરો બચ્ચા'' એમ કહીને બાબા પોતે ગાયત્રી મંત્ર બોલવા લાગ્યા. તેઓ વૈષ્ણવ સંત હતા અને બધા શ્રદ્ધાળુઓ પાસે દ્વાદશ અક્ષરમંત્ર 'ૐ નમઃ ભગવતે વાસુદેવાય' મંત્રનું ઉચ્ચારણ કરાવતા હતા. બાબાએ ગાયત્રી મંત્રનો પાઠ કર્યા પછી કહ્યું, 'બાળક, તું સાવિત્રી સિદ્ધ છો. તારે મોટાં મોટાં કામો કરવાના છે. હિમાલયનો આત્મા છે, ત્યાં તો મોટા મોટા યોગી મુનિઓ વસે છે. તેઓ ત્યાંની ગુફાઓમાં વાસ કરે છે. ખબર નથી, તેઓ કેટલા શતકોથી ત્યાં રહીને તપ કરી રહ્યા છે. તેમના આશીર્વાદ તને મળ્યા છે. એ બધા આત્માઓ તને ખૂબ સહયોગ આપશે.' બાબાજી આગળ ઘણું બધું કહેતા રહ્યા. તેમના પ્રવચનમાં હિમાલયનું રહસ્ય અને સિદ્ધ લોકની સાંકેતિક માહિતી હતી. બાબાનું ભાષાજ્ઞાન નબળું હતું. તેઓ સાધુ લોકોની હિન્દી બોલતા હતા. શબ્દો અનુસારના અર્થોથી તેમનું મંતવ્ય સમજવા પ્રયાસ કરવામાં આવે તો કદાચ ભ્રમમાં પડી જવાય. તેમના ભાવને જ સમજવાનો હતો.

## ઉંમરનું રહસ્ય

શ્રીરામે પૂછ્યું : 'બાબાજી, આપના વિશે ઘણી વાતો સાંભળવા મળે છે. તે બધાનું શું રહસ્ય છે ?' બાબાએ કહ્યું, ભગવાનની આ દુનિયાથી મોટો બીજો કોઈ ચમત્કાર નથી. મને નથી ખબર કે લોકો મારે વિશે કેવી વાતો કરે છે ? અહીં આવનાર બધા ભક્તો માટે હું ભગવાનની દુવા માંગું છું. તે સફળ થાય તો તે ઈશ્વરની કૃપા છે, નહિ તો તેની મરજી, બચ્ચા, તેની મરજી વિના તો કાંઈ બનતું નથી. પછી તેમણે પોતાની ઉંમર વિશે કહ્યું, 'શરીર તો મરણધર્મા છે. તેની ઉંમર શું પૂછવી ? ગંગા યમુનાની વચ્ચે જે ગામમાં આ શરીરનો જન્મ થયો, ત્યાં લોકો તિથિ-તારીખ લખીને રાખતા નહોતા. ત્યાંના લોકો ભણેલાગણેલા નથી. એટલા માટે ખબર નથી કે આ શરીર કેટલા વરસનું થયું.'

એ બાબત સ્પષ્ટ થઈ ગઈ કે તેમના આ ઉત્તરને કારણે જ લોકો બાબાની ઉંમર બાબતમાં અનુમાન કરતા હતા. આવું અનુમાન સ્વાભાવિક કરતાં વધારે જ રહેતું હશે. પછી તેઓ કહેવા લાગ્યા, 'તારી ઉંમરનો હતો ત્યારે જ ઘર છોડી દીધું હતું. હું નર્મદાના કિનારે લાંબો સમય રહ્યો. દ્વારકા, રામેશ્વર, જગન્નાથપુરી અને બદ્રીનાથમાં પણ ગયો અને તીર્થોમાં પણ ગયો. ત્યાર બાદ ગંગા મૈયાનો કિનારો પકડી લીધો. માતાજીએ આજ્ઞા કરી ત્યારે કદીક યમુના મૈયાના તટે આવી રહ્યો. હવે રઝળપાટ કરવાનું બિલકુલ બંધ.' આટલું બોલીને બાબા થોડીવાર અટક્યા પછી બોલ્યા, 'પરંતુ તારે માટે વિધિએ કંઈક બીજું જ નિર્માણ કર્યું છે. તારા ગુરુદેવ



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

તને યોગ્ય સમયે બધું જ જણાવશે.' શ્રીરામને એ પૂછવાનું જરૂરી ન લાગ્યું કે ગુરુદેવ સાથે મારો મેળાપ ક્યારે થશે. તેઓ બાબાજીનો ઉપદેશ કે સંકેત સાંભળીને તે જ સાંજે પાછા ફર્યા.

## મહારાસનો મર્મ

રાત્રે શ્રીરામ વૃંદાવનમાં રોકાયા. ત્યાંના એક બગીચા વિશે સાંભળ્યું હતું કે રાધા અને કૃષ્ણ ત્યાં નિત્ય રાસ રમે છે. રાસના સમયે તેઓ સશરીર વિશ્રામ પણ કરે છે. તે સમયે બગીચામાં કોઈ પ્રવેશતું નથી. જો કોઈ આવી ચડે તો અનર્થ થઈ જાય છે. શ્રીરામને રાધા અને કૃષ્ણના નિત્ય રાસની ચર્ચા પર કોઈ વાંધો નહોતો. તેમના મનમાં રહી રહીને શંકા ઉદ્ભવતી કે બગીચામાં કોઈ રહી જાય અને રાધાકૃષ્ણનાં દર્શન કરી લે તો અનર્થ શાથી થાય છે ? ભગવાનનાં દર્શન જેમને થઈ જાય તેમનું તો કલ્યાણ થઈ જવું જોઈએ. તેમના કિશોર મને આ શંકાનું નિવારણ કરવાનો નિશ્ચય કર્યો. બગીચા તરફ જતાં તેમને એક વૈષ્ણવ સાધુ ગોપાલદાસ મળ્યા. તેમને રાધા-કૃષ્ણના નિત્ય વિહારની વાત પૂછી. સાધુ ગોપાલદાસે કહ્યું, 'નિત્યવિહાર તો ચાલે જ છે. આ જગત તેમનું જ તો છે, વૃંદાવનના કણેકણમાં તે જ તો નૃત્ય કરે છે. સંપૂર્ણ વિશ્વ તેમનું નર્તન છે. અહીં તે વધુ પ્રત્યક્ષ છે, કેમ કે સાધકોનું ચિત્ત અહીં વધારે ગ્રહણશીલ બની જાય છે. શ્રીરામને સાધુની વાતો બહુ અટપટી લાગતી હતી. તેમને અધવચ્ચે અટકાવતાં શ્રીરામે પૂછ્યું, 'શું ખરેખર બગીચામાં રાત્રે રાધા-કૃષ્ણ સશરીર પધારે છે ?'

સાધુ હસી પડ્યા... શ્રીરામે ફરીથી પૂછ્યું, 'જો તેઓ ભગવાન છે, તો તેમના દર્શનથી અનર્થ કેમ થઈ જાય છે ?' તેમણે આટલું કહ્યું ત્યાં તો સાધુએ મંદિરની નિસરણી તરફ ઈશારો કર્યો અને કહ્યું, જુઓ, શ્રીકૃષ્ણ જઈ રહ્યા છે. તેમની સાથે રાધારાણી પણ છે. શ્રીરામે નિસરણી ભણી જોયું. શ્યામવર્ણ શ્રીકૃષ્ણ અને ગૌરાંગ શ્રી રાધાજી મંદિરની નિસરણીનાં પગથિયાં ચડી રહ્યાં હતાં. તેઓ પાછા વળીને સાધુની તથા તેમની ભણી પણ જોઈ રહ્યા હતા. થોડીક ક્ષણો માટે આજુબાજુના લોકો, દુકાનો, મકાન, ગલીઓ અને ત્યાં થઈ રહેલી અવરજવર વગેરે બધાનો લોપ થઈ ગયો. બધું અદશ્ય થઈ ગયું. રાધા અને કૃષ્ણની મૂર્તિ જ શેષ રહી. થોડીક ક્ષણો માટે સુધબુધ જતી રહી. ભાવસમાધિની અવસ્થા આવી ગઈ. તે પછી બધું જ સામાન્ય હતું. સાધુ ગોપાળદાસે કહ્યું, 'આ પ્રકારનાં દશ્યો પોતાની અંદર બેઠેલા ભગવાનના જ બહાર પ્રગટ થનારા રૂપો છે. સાધના પ્રગાઢ બનતાં જ આ પ્રકારની અનુભૂતિ થવા લાગે છે, પરંતુ અહીં અટકવાનું નથી. સાધના તો નિરંતર ચાલતી રહેવી જોઈએ.'

સાધુએ જ સ્પષ્ટ કર્યું, 'ભગવાનનાં દર્શન કોઈ પણ રીતે અનિષ્ટકારક હોતા નથી. જે બગીચામાં રાધાકૃષ્ણના આવવાની અને તેમને રાસ રચાવાની વાત કહેવામાં આવે છે તેમાં સત્ય ઓછું છે, પ્રમાદ વધારે છે. આ રીતે બગીચાનો મહિમા ગવાય છે. તે બહાને લોકો પાસેથી પૈસા પડાવવામાં આવે છે. અનિષ્ટની આશંકા ફેલાવવાથી લોકો બીવે છે અને દિવસના સમયે ત્યાં પહોંચીને 'ચઢાવો' બોલે છે. સચ્ચાઈ જાણવી હોય તો એક રાત તે બગીચામાં ઘૂસી જઈને જોઈ લો.' સાધુ ગોપાલદાસે રહસ્ય પ્રગટ કરી દીધું. તેમણે શ્રીરામને સ્વયં અનુભવ કરી જોવા પણ કહ્યું. શ્રીરામ તે બગીચા તરફ આગળ વધ્યા.

સાંજ ઢળે તેના થોડા સમય પહેલાંથી જ તેઓ બગીચામાં પ્રવેશ્યા. દ્વાર બંધ થતાં પહેલાં પંડાઓએ બગીચાના ખૂણેખૂણાને ફંફોસી જોયો, ત્યારે તેઓ એક ઝાડીની ઓથે છુપાઈ ગયા. પંડાઓને લાગ્યું કે હવે કોઈ નથી. ત્યારે તેઓ ઝાડીની ઓથેથી નીકળીને તેઓ મંદિરના તે ઓરડા સુધી ગયા, જે ઓરડામાં રાધા-કૃષ્ણના વિશ્રામ કરવા બાબતની વાત પ્રસરી હતી. તે ઓરડાથી લગભગ વીસ ફૂટ દૂર એક ઝાડીના ટેકે તેઓ બેસી ગયા. ઓરડાનું દ્વાર ખૂલ્લું હતું. સાંજ ઢળવા લાગી હતી. રાતનો બીજો પહોર શરૂ થયો. વાતાવરણ બહુ જ શાંત હતું. વૃક્ષોની ઝાડીઓમાં છુપાયેલાં પક્ષીઓ અને જીવોના અવાજો આવતા બંધ થવા લાગ્યા હતા. કોઈ એકલ-દોકલ વાંદરાની ચિચિયારી સંભળાતી હતી અને જીવોના અવાજો આવતા બંધ થવા લાગ્યા હતા. કોઈ એકલ-દોકલ વાંદરાની ચિચિયારી સંભળાતી હતી તથા તમરાંના અવાજ સિવાય બીજો કોઈ અવાજ સંભળાતો નહોતો. રાત ધીરે ધીરે ઘેરાવા લાગી. અડધી રાત કરતાંય વધારે સમય વીતી ગયો. શ્રીરામ એકીટસે તે ઓરડા ભણી જોઈ રહ્યા હતા. ક્યારે કોઈ આવી ચડે-રાહ જોતાં- ઈંતેજાર કરતાં કરતાં તેઓ થાકવા લાગ્યા. આંખો ઊંઘથી ઘેરાવા લાગી. નિદ્રાને દૂર ભગાડવા બગીચામાં જ બનેલા કૂવા પાસે ગયા અને થાળા પર પડેલી ડોલ વડે કૂવામાંથી થોડું પાણી ખેંચ્યું. હાથ-મા



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ધોયાં. પછી પાછા આવી તે જ ઝાડી પાસે આવીને બેસી ગયા.

પાણી ખેંચવામાં અને હાથ-મોં ધોવામાં થોડો અવાજ થયો. તે પછી તરત બગીચાની બહાર કીર્તન થવાનો અવાજ સંભળાવા લાગ્યો. થોડી વાર પછી કીર્તન અટક્યું. બગીચાની અંદર આ દરમિયાન ઘૂંઘરુંનો અવાજ સંભળાયો. છમછમનું ગુંજન એવું પ્રસર્યું કે લાગ્યું કોઈ નૃત્ય કરી રહ્યું હોય. થોડોક સમય આ અવાજ ગુંજતો રહ્યો, પછી તે પોતાની મેળે શમી ગયો. ત્યારબાદ બગીચાની બહાર એકવાર ફરીથી કીર્તન થવા લાગ્યું. આ કીર્તન થોડીવાર ચાલુ રહ્યા પછી કીર્તન ફરીથી થંભી ગયું. સવારે પાંચ વાગ્યા સુધી બગીચામાં ક્યારેક વાંસળીની ધૂન ગુંજતી, ક્યારેક તબલાં અને હારમોનિયમનું સંગીત સંભળાતું. ત્રણ વખત તે ઓરડા પાસે રોશની પણ નજરે પડી. આ રોશની કોઈ દીપકના પ્રગટવાથી જ થઈ રહી હતી. દીપક પેટાવનાર વ્યક્તિ પણ નજરે પડી. દીપક પાંચ-સાત મિનિટ પ્રજ્વલિત રહીને એ રીતે બુઝાઈ ગયો જાણે કોઈએ ફૂંક મારી હોય!

## રાતનો ઘટનાક્રમ

આશરે પાંચેક વાગે બે વ્યક્તિઓ ઓરડાની પાસે દેખાઈ. તેઓ અંદર ગયા અને થોડીક વાર પછી પાછા ફરી ગયા. તે પછી થોડીક વારે જ બગીચાની બહાર આરતી-વંદના સંભળાવા લાગી. આરતી પૂરી થયા પછી લોકો આવવા લાગ્યા. આઠ-દસ લોકોના સમૂહમાં શ્રીરામ પણ જોડાઈ ગયા અને પેલા ઓરડા સુધી ગયા. તે સમૂહના લોકો કમરામાં જઈ ગદ્‌ગદિત થઈ ગયા. પથારીની ચાદર પર કરચલીઓ પડી હતી જાણે કે કોઈ ત્યાં સૂતું હોય. તેલની શીશી ઉપાડીને જોયું તો ઢાંકણ ખૂલ્લું હતું.

એક જણે કહ્યું, સાંજે તેલ રાખ્યું હતું તેમાંથી ઓછું થઈ ગયું છે. બીજાએ કહ્યું- જુઓ જુઓ, સિંદૂરની ડબ્બી પણ ખુલ્લી પડી છે. રાધારાણીએ પોતાનો શૃંગાર કર્યો હશે. ત્રીજાએ કહ્યું, અરે, ભગવાન પોતાનું પીતાંબર અહીં ભૂલી ગયા છે. આ રીતે અચરજ વધતું ગયું. આ લોકો પાછલી સાંજે જ ઓરડામાં થઈને ગયા હતા. ત્યારે તો બધું બરાબર હતું. ચાદર સ્વચ્છ હતી, સિંદૂરની ડબ્બી બરાબર રાખેલી હતી, તેલની શીશી પણ પૂરેપૂરી ભરેલી હતી. અત્યારની હાલત જોઈને સ્પષ્ટ લાગી રહ્યું હતું કે કોઈએ પોતાના વાળ ઓળ્યા છે. આગલી સાંજે દર્શન કર્યા પછી આ લોકો બગીચાની બહાર જ રોકાયા હતા. અત્યારે તેઓ સવારના પહેલા દર્શનાર્થીઓ હતા.

શ્રીરામે તેમનું આશ્ચર્ય અને તે દરમિયાન બનેલી ઘટનાઓને જોઈને સારી રીતે અનુભવ કરી લીધો કે બગીચામાં રાધાકૃષ્ણનો વિહાર એક આયોજનબદ્ધ નાટક હતું. વચ્ચે વચ્ચે ગુંજતું સંગીત, અવાજો, રોશની અને તે ઓરડાની આસપાસ જણાતા લોકો, આ પ્રભાવ ઉત્પન્ન કરવા માટે જ હતા કે બગીચામાં રાધા અને કૃષ્ણ આવ્યાં હતાં. સવારે પાંચ વાગે આ જ લોકોએ ઓરડાનો નકશો બદલ્યો અને બહાર રોકાયેલા યજમાનોને જણાવ્યું કે ભગવાન સાચેસાચ આવ્યા હતા. યજમાનોએ મંદિરમાં ચાંદીના સિક્કાઓ ચડાવ્યા અને પેંડાનો ભોગ ધર્યો. ભંડારા માટે અલગ દક્ષિણા પણ આપી.

સાધુ ગોપાલદાસની વાત યાદ આવી કે ભગવાન બધે જ છે. જ્યાં યાદ કરો, તન્મયતાથી પોકારો ત્યાં તે પ્રગટ થાય છે. ન પોકારો તો તે સામે આવવા છતાં પણ ઓળખી શકાતા નથી. આ સંપૂર્ણ ઘટનાક્રમને શ્રીરામે શાંતિપૂર્વક જોયો અને કોઈ પ્રતિક્રિયા વ્યક્ત કર્યા વિના બગીચામાંથી બહાર આવી ગયા. પંડાઓ સમજ્યા કે આ બાળક પણ યજમાનોની સાથે જ આવ્યો હશે. તેમને ક્યાં ખબર હતી કે તેમની આયોજિત નાટકીય દિવ્ય લીલા પાછળનું સત્ય તેણે પોતાની સગી આંખે જોઈ લીધું છે.

## ભવિષ્યનાં દર્શન થયાં

આમ વૃંદાવનની યાત્રા પૂરી થઈ. મથુરામાં એક દિવસ માટે તે બગીચામાં રોકાયા, જ્યાં કાઠિયા બાબા સાથે મુલાકાત થઈ હતી. તે મૂર્તિની સામે થોડોક સમય પલાંઠી લગાવીને બેઠા, જેને ગાયત્રીની મૂર્તિ કહેવામાં આવતી હતી. મનમાં ઉમંગ આવવા લાગ્યો. એમ લાગ્યું જાણે કોઈ સંકેત મળી રહ્યો છે, નિર્દેશ આવી રહ્યો છે. સમય વીતી રહ્યો હતો. તેઓ પોતે જાણે મોટા થઈ રહ્યા છે. વીસ-પચ્ચીસ-ત્રીસ-ચાલીસ વર્ષની ઉંમર વટાવી દીધી છે. પોતાની જાતને ચાલીસ વર્ષની અવસ્થાનો અનુભવ કરતાં લાગી રહ્યું છે કે તેઓ તે જ સ્થાન પર છે. અહીં ઘણા બધા


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

લોકો સાધના કરી રહ્યા છે, આરતી થઈ રહી છે, યજ્ઞ-હવન થઈ રહ્યો છે. લોકો આવી રહ્યા છે, જઈ રહ્યા છે. આ પ્રતીતિ થોડી વાર રહ્યા પછી વિલીન થઈ થઈ ગઈ (પછીથી આ જ સ્થાન પર ૧૯૫૩માં ગાયત્રી તપોભૂમિની સ્થાપના થઈ). સંધ્યાવંદન સંપન્ન કરીને પછીની સવારે દ્વારિકાધીશનાં દર્શન કરીને આગ્રા જવા માટે રવાના થયા. જતી વખતે તાઈજી માટે પ્રસાદ લઈ લેવાની વાત પણ યાદ આવી. તેઓ આંબલખેડા પાછા ફર્યા, ત્યારે માતાજીને જાણે આભાસ થઈ ગયો હતો કે આજે પુત્ર આવવાનો છે. તે દરવાજા પર ઊભેલાં હતાં. ચિરંજીવ પુત્રે આવીને તેમને ચરણસ્પર્શ કર્યો અને માએ આશીર્વાદ આપ્યા, કહ્યું કે મારો લાડલો પુત્ર હવે હોંશિયાર બની ગયો છે, હવે તે નાનો બાળક રહ્યો નથી. તે જવાબદારી ઉપાડી લેવા લાયક બની ગયો છે. મારી પોતાની ચિંતા ઠાકોરજીએ દૂર કરી દીધી છે.

આંબલખેડા પાછા ફર્યા પછી જીવનનો ક્રમ સામાન્ય રીતે ચાલવા લાગ્યો. ખેતીવાડી, પરંપરાગત વ્યવસાય અને યજમાનોનું આવાગમન પહેલાંની જેમ ફરી શરૂ થઈ ગયું. પિતાશ્રીનો અભાવ બધાને ખટકતો હતો. ઘરના માણસોએ સલાહ આપી કે શ્રીરામને પણ એ જ કામમાં પલોટવામાં આવે. વધતી ઉંમર છે, તેના કિશોર કંઠેથી મધુર અવાજ નીકળશે. અત્યારથી જ શરૂ કરીએ તો યુવાવસ્થાએ પહોંચતાં સુધીમાં સિદ્ધ થઈ જશે. મુખેથી અમૃતવાણી રૂપે કથા વહેવા લાગશે. જે કોઈ સગાં-સંબંધીઓ આવતાં તે બધાં આ જ સલાહ આપતાં. માતાજીની પણ મૂક સંમતિ હોત, પણ શ્રીરામનું મન વ્યાસપીઠ પર બેસવા માટે કદી રાજી ન થયું. આ બાબતે કોઈ સલાહ-સૂચન ગ્રાહ્ય બનતું નહોતું.

(ક્રમશઃ)

એક રાજા વનમાં ફરવા માટે ગયો. રસ્તો ભૂલી જવાથી અને ભૂખ તરસથી વ્યાકૂળ તે એક વનવાસીની ઝૂંપડી પર પહોંચ્યો. ત્યાં તેનો સત્કાર થયો, તેથી તેના પ્રાણ બચ્યાં.

પાછા ફરતાં રાજાએ વનવાસીને કહ્યું, "હું આ રાજ્યનો શાસક છું. તમારી સજ્જનતાથી હું પ્રસન્ન થયો છું અને અમુક નગરનો ચંદનબાગ તમને ભેટમાં આપું છું, જેથી તેના દ્વારા તમારું જીવન આનંદમાં વીતશે.

વનવાસી આ અધિકારપત્ર લઈને નગરના અધિકારી પાસે ગયો. બહુ જ કીમતી ચંદનનો બાગ તેને મળી ગયો. ચંદનનું શું મહત્ત્વ છે અને તેનાથી શા લાભ થાય એ અંગેની તેને જાણકારી ન હોવાથી તે ચંદનનાં વૃક્ષ કાપી તેના કોલસા બનાવી શહેરમાં વેચવા લાગ્યો. આ પ્રમાણે તેના ગુજરાનની વ્યવસ્થા થવા લાગી.

ધીમે ધીમે બધાં જ વૃક્ષો કપાઈ ગયાં. છેલ્લું એક વૃક્ષ બચ્યું. વરસાદને કારણે તેના કોલસા ન બની શક્યા, તો તેણે લાકડાં વેચવાનો નિર્ણય કર્યો. લાકડાનો ભારો લઈને જ્યારે તે બજારમાં પહોંચ્યો તો સુગંધથી પ્રભાવિત લોકોએ તેની ભારીની સારી કિંમત ચૂકવી. આશ્ચર્ય પામતા વનવાસીએ તેનું કારણ પૂછ્યું તો લોકોએ કહ્યું, "આ ચંદનનાં લાકડાં છે. તે બહુ જ કિંમતી છે. જો તમારી પાસે આવાં વધારે લાકડાં હોય તો તેની વધુ સારી કિંમત મેળવી શકશો."

વનવાસી તેની અણસમજ પર પસ્તાવો કરવા લાગ્યો કે મેં આટલું મૂલ્યવાન ચંદનવન કોલસાના મૂલ્યે વેચી દીધું! પસ્તાવો કરતા એ અણસમજુ વનવાસીને આશ્વાસન આપતાં એક વિચારશીલ વ્યક્તિએ કહ્યું મિત્ર પસ્તાઈશ નહીં. આ આખી દુનિયા તારી જેમ અણસમજુ છે. જીવનની એકે એક ક્ષણ બહુ જ કીમતી છે, પણ લોકો તેને ભોગ, વાસના અને તૃષ્ણામાં કોડીની કિંમતે વેડફી નાખે છે. તારી પાસે જે એક વૃક્ષ રહ્યું છે તેનો સદુપયોગ કરી લે, તો પણ કાંઈ ઓછું નથી. ઘણું ગુમાવીને પણ અંતમાં જો કોઈ મનુષ્ય સમજ કેળવે તો તે પણ બુદ્ધિમાન જ ગણાય છે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

## અપનો સે અપની બાત

### મોટા પુત્રથી મોટી અપેક્ષાઓ, મોટી મોટી આશાઓ.

# નૂતન વર્ષની આ વેળા અવસર ચૂકવાની નથી.

પરમ પૂજ્ય ગુરુદેવે ગુજરાતને હંમેશા પોતાનો મોટો પુત્ર માનેલ છે. મોટા પુત્રની માફક વધી-ચઢીને એણે સમય-સમયે પોતાની જવાબદારીઓ પણ સંભાળી છે તથા પોતાના પિતા-અભિભાવકને આશ્વાસન આપ્યું છે કે કોઈ પણ કાર્યમાં તે પોતાની જવાબદારીઓથી પાછળ નહીં રહે. પરિજન લગભગ જાણતા હશે કે ભાવનગરના શેઠ શ્રી જાદવજીભાઈ જ પહેલા વ્યક્તિ હતા જેમણે ૧૯૫૨માં ગાયત્રી તપોભૂમિ નિર્માણ સમયે તાઈજી (આચાર્યશ્રીના માતાજી)ના પછી સર્વાધિક અંશદાન આપ્યું હતું. જ્યારે પરમ પૂજ્ય ગુરુદેવે તેમની સાથે વિશ્રામ ઘાટે યમુના તટ પર બેસીને એક અપરિચિતથી પોતાના પ્રિયની માફક વાતો કરી હતી તો તેમણે સહેજમાં જ પોતાના મનનું બધું દુઃખ તેમને બતાવ્યું હતું. કષ્ટમાં સહભાગીદારી પછી હલ્કા થવાથી તેમણે વ્યાપાર નવેસરથી સંભાળ્યો તથા લાભાંશ પૂજ્યવરના ચરણોમાં લાવીને અર્પિત કર્યો હતો. પૂજ્યવરે તેમાંથી ઠંડીમાં કાંપી રહેલ રેલ્વે પાટા પર સૂઈ રહેતા નિરાશ્રિતો માટે વસ્ત્ર (બંડી) બનાવડાવી વહેંચ્યા હતા. સ્વયં તેઓ પણ શેઠજી સાથે ગયા હતા. તેના પછી પણ શેઠજી બે મહિનાની અંદર પચીસ હજાર રૂપિયા લઈ તરત આવી ગયા તો પરમ પૂજ્ય ગુરુદેવે પોતાના પ્રિય શિષ્યને નિરાશ ન કરી ભેટ સ્વીકારી લીધી.

શેઠ જાદવજીની પરંપરા કાયમ રહી. ગાયત્રી તપોભૂમિનું નિર્માણ હોય કે ક્ષેત્રમાં થનાર વિરાટ આયોજન અથવા શક્તિપીઠોનું નિર્માણ, ગુજરાત પ્રાંતે હંમેશા આગળ પડતી ભૂમિકા નિભાવી છે. જ્યાં ઢગલો સંપ્રદાય પોષાતા હોય તથા જેના મુખ્યાલય તે પ્રાંતમાં હોય, ત્યાં ઉત્તર પ્રદેશમાં જન્મેલ, ત્યાંથી કાર્ય આરંભ કરનાર આચાર્યશ્રીને પોતાના ગાયત્રી અભિયાનની જે ઉત્સાહવર્ધક પ્રતિક્રિયા ગુજરાતમાં મળી તે બીજા પ્રાંતમાં આટલી સહેલાઈથી ના મળત. એ કારણ હતું કે ગુજરાતમાં એક એકથી શાનદાર સાડા ત્રણસૌથી વધુ શક્તિપીઠોનું નિર્માણ થતું ગયું. હજી પણ કેટલાય સ્થળોએ નિર્માણ થઈ રહ્યા છે. તેમજ પ્રાણ પ્રતિષ્ઠા પણ આ વર્ષે થવાની છે.

ગાયત્રી તપોભૂમિના સુવર્ણ જયંતી સમારોહમાં તે જ ઉત્સાહ ગુજરાતના પરિજનોનો જોવા મળ્યો જે પરમ પૂજ્ય ગુરુદેવ કે તેમના પ્રતિનિધિઓને ગુજરાત પ્રવાસમાં જોવા મળતો હતો. દોઢસોથી વધુ પરિજન સમયદાન માટે સૌથી પહેલા દોઢ મહિના પહેલાં પહોંચી ગયા. તેમણે સ્વચ્છતા, સફાઈથી માંડીને નગરો તથા યજ્ઞશાળાના નિર્માણ જેવા અતિ મહત્ત્વપૂર્ણ કાર્ય પોતાના હાથમાં લીધા. કાર્યક્રમ સમાપનમાં પણ તે સ્વયં સેવકની માફક હાજર રહ્યા. પરિજન ભલે ભારતના કોઈ પણ નગરમાંથી પધાર્યા હોય, ગુજરાતી જનતાની ભાવનાઓ અનોખી હોય છે.

લગભગ એ જ કારણે પરમ પૂજ્ય ગુરુદેવે ગુજરાતની રાજધાની અમદાવાદમાં એક નિરાળી "જ્ઞાનપીઠ"ની સ્થાપના કરી. શક્તિપીઠો તો બહુ હતી અને છે પણ જ્ઞાનપીઠ માત્ર-તે છે જૂનાવાડજ અમદાવાદની. અમારા આ ઔદ્યોગિક મહાનગરના પરિજનો તથા પૂરા ગુજરાતના પરિજનોએ સમય-સમયે અહીંયા જ્ઞાનના વિસ્તાર માટે વિદ્યાવિસ્તાર મહાયજ્ઞ માટે પોતાના નિયમિત સમયદાન આપ્યા. એનું જ પરિણામ છે કે આજે પરમ પૂજ્ય ગુરુદેવ દ્વારા રચિત સંપૂર્ણ સાહિત્ય ગુજરાતી ભાષામાં ગુજરાતના સંપૂર્ણ જીલ્લા ઉપરાંત હૈદરાબાદ,



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

કલકત્તા, મૈસૂર, ચેન્નઈ, બેંગલોર આદિ નગરો તથા વિદેશના ગુજરાતી પરિજનો સુધી પહોંચતું રહ્યું.

હવે આ પ્રયાસને વધુ ગતિશીલ કરવો જોઈએ. "યુગ શક્તિ ગાયત્રી" પત્રિકા પરમ પૂજ્ય ગુરુદેવની ચેતનાનો અંશ લઈ અવતરિત થાય છે. આદિ સ્રોત તે ઋષિચિંતન છે, ભલે તેને જુદા જુદા લોકો મળીને લખતા હોય. ૨૦૦૩ વર્ષમાં આપણે આ પત્રિકા રૂપી આંદોલનને, જો કે આજે મોંઘવારીના આ સમયમાં પણ મૂળ કિંમતથી પણ ઓછી કિંમતે (લગભગ નુકશાનમાં) પ્રકાશિત થાય છે, જન-જન સુધી પહોંચાડવાનો પ્રયાસ કરવો જોઈએ. સામાન્ય વ્યક્તિઓના વિચાર-ઉપાય સિવાય હવે તેમાં બુધ્ધિજીવી સમુદાયના માટે પણ વિશેષ સામગ્રી આપવાનું મન છે. ગુજરાત સાહિત્યની દૃષ્ટિએ સમૃધ્ધ છે તથા જન-જનમાં વાંચવાની-સ્વાધ્યાયની વૃત્તિ છે. તેથી ગુજરાતી જનતાનું બૌધ્ધિક-ભાવનાત્મક સ્તર બીજાઓથી કંઈક ઊંચું છે. આ જોતાં અમે એ નક્કી કર્યું કે હવે આ પત્રિકાના લેખોનો સ્તર આગળ વધારી વિશ્વભરની વિભિન્ન જાણકારીઓ, સાધના વિજ્ઞાન-રહસ્યમય વિજ્ઞાન વિષે વિભિન્ન લેખ વધુમાં વધુ આપવામાં આવે. અહીંયા માનવોની જન્મસ્થળી છે ગુજરાત. બાપા જલારામ, સરદાર પટેલ, મહાત્મા ગાંધીથી લઈ સંત તુકારામજી તથા અનેક ગાયત્રીના સિધ્ધ સાધકોની એ ભૂમિ છે. એ બધાના જીવનના અતિ મહત્ત્વપૂર્ણ પ્રસંગ હવે અમે પત્રિકામાં નિયમિતરૂપે આપીશું જેથી નવી પેઢીને પ્રેરણા મળે. વિદેશમાં પણ જ્યાં જાય ત્યાં પ્રવાસી પરિજન ગુજરાતના ગૌરવ તથા ભારતીય સંસ્કૃતિની ગૌરવમયી પરંપરાથી વધુને વધુ પરિચિત થાય.

પ્રયાસ એ પણ કરવામાં આવી રહ્યો છે કે આ લેખોની સાથે ચિત્ર તથા પેનલ પણ આપવામાં આવે જેથી રોચક તથા સરળ કલેવર બની શકે. બ્રહ્મવર્ચસ શોધ સંસ્થાનના નિષ્કર્ષોથી લઈ દેવ સંસ્કૃતિ વિશ્વ વિદ્યાલયની નિત નૂતન ગતિવિધિઓ તથા શાંતિકુંજ, ગાયત્રી તપોભૂમિમાં ચાલી રહેલ ક્રિયાકર્મોને પરિજન જાણે. વિદેશમાં શાંતિકુંજથી ગયેલ ટોળીના ભાઈઓએ સારા જ્ઞાન પ્રકાશનો વિસ્તાર કર્યો છે. પાછલા બાર વર્ષોમાં ખૂબ વ્યાપક સ્તરે શિક્ષણ આપી સ્થાનીય કાર્યકર્તાઓને પણ તૈયાર કર્યા છે. તેના માટે પણ આ પત્રિકા એક માર્ગદર્શિકા બની શકે એવો અમારો પ્રયાસ રહેશે.

શાંતિકુંજમાં હાલના દિવસોમાં પાંચ-પાંચ દિવસનું અંતઃ ઊર્જા જાગરણ સત્ર ચાલી રહ્યું છે. મૌન સાધના પ્રધાન આ સત્રોમાં આવવા માટે પરિજનોમાં હરિફાઈ ચાલે છે. ઘણાં કાર્યકર્તા સ્તરના વ્યક્તિ પાંચ દિવસ મૌન રહી અનુભૂતિઓનો રસાસ્વાદ કરતા ગયા છે. નામ આપ્યા વગર આ અનુભૂતિઓનું વર્ણન આપવાનું મન છે. જેથી આપણા બધા કાર્યકર્તા આ સત્રોમાં ભાગ લઈ શકે. પોતાની અંતઃ ઊર્જાનું સંવર્ધન કરી શકે. આના દ્વારા આવેદન મોકલવાનું આમંત્રણ પણ છે. આ વર્ષે ૩૧ માર્ચ સુધી ચાલશે.

**<u>અભિનંદનીય સંકલ્પ</u>**

***ગાયત્રી પરિવાર લીમડી જી. દાહોદના નિષ્ઠાવાન કાર્યકર્તા શ્રી ગોપીચંદ વી. ભૂરીયાએ વર્ષ ૨૦૦૩માં ગુરૂસત્તાની વાણી 'યુગ શક્તિ ગાયત્રી' પત્રિકાના ૫૦૦ની સદસ્ય સંખ્યાને ૧૦૦૦ કરવાનો દૃઢ સંકલ્પ કરેલ છે. આદિવાસી વિસ્તાર હોવા છતાં પૂ. શ્રીના મહાન વિચારો દ્વારા શ્રેષ્ઠ માનવતા માટેનો પ્રયત્ન ખરેખર અભિનંદનીય છે.***

હવે પરમ પૂજ્ય ગુરુદેવના સંપૂર્ણ વાઙ્મય ગુજરાતીમાં પણ લગભગ તૈયાર છે બે-બે, ત્રણ-ત્રણ વાર તેનું નિરીક્ષણ કરાવામાં આવી રહ્યું છે જેથી કોઈ ખામી ન રહે. પહેલા ૩૫ ખંડ પ્રકાશિત થશે. થોડા દિવસ પછી બીજા ૩૫ ખંડ. એવી રીતે ઘર-ઘરમાં પૂજ્યવરનું જ્ઞાનરૂપી શરીર પહોંચી જશે. હજી આડત્રીસ ખંડોનું કાર્ય ચાલી રહ્યું છે. ત્યારે



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

વાઙ્મય પૂરા ૧૦૮ થશે. એ જે ઘરમાં સ્થાપિત થશે, ત્યાં આપોઆપ જ્ઞાનજન્ય સંસ્કાર સ્થાપિત થઈ જશે તથા તે એક દેવ પરિવાર બનશે.

ગાયત્રી જ્ઞાનપીઠ અમદાવાદના માર્ગદર્શનમાં શાંતિકુંજના વિસ્તાર પટલ હવે ગુજરાતમાં પણ મોટા મોટા નગરોમાં ખોલવાનું મન છે. એનાથી આવવા જવાના ખર્ચામાં બચત થશે તથા દરેકને એ સાહિત્ય પર્યાપ્ત કમીશને પોતાના નજીકના મહાનગરથી મળી શકશે. હમણાં શરૂઆત વલસાડ-સુરતે કરી છે. આ કાર્ય રોકાશે નહીં વધતું જશે. આ સાહિત્ય વિસ્તાર પટલ પર પત્રિકાઓથી લઈ ગુજરાતી, હિંદી તથા અંગ્રેજી ભાષામાં સાહિત્ય-પ્રચાર સામગ્રી આદિ પરિજનોને મળી શકશે. આનાથી મિશન ગામે-ગામ પહોંચશે. પહેલેથી જ હિન્દીભાષી ક્ષેત્રમાં ચાલીસથી વધુ વિસ્તાર પટલ કાર્ય કરી રહ્યા છે.

જાન્યુઆરી મહિનો વર્ષનો પ્રારંભનો મહિનો છે. એના પછી અમારી આરાધ્ય સત્તાનો પ્રકાશોત્સવ-બોધ દિવસ-આધ્યાત્મિક જન્મ દિવસ છે જે દરેક વર્ષ વસંત પંચમીએ આવે છે. આ બે મહિનામાં પરિજનોએ સાતેય આંદોલનો-સપ્ત ક્રાંતિઓના સંબંધે પોતાની રણનીતિ નક્કી કરી લેવી જોઈએ તથા જિલ્લા-તાલુકા સ્તરે સમન્વય સમિતિઓ બનાવી કાર્યની ગતિ વધારી દેવી જોઈએ. બધા આંદોલનોની સાથે સૌથી મુખ્ય કાર્ય છે "યુગ શક્તિ ગાયત્રી" પત્રિકાના વધુને વધુ ગ્રાહક-પાઠક બનાવવા જેથી આગલા વર્ષે તેને વધુ આકર્ષક બનાવી પરિજનો સુધી પહોંચાડી શકાય. આ સંબંધે બધા સક્રિય તો હશે જ માત્ર યાદ અપાવી રહ્યા છે જેથી વસંત પર્વ (૬ ફેબ્રુઆરી ૨૦૦૩) સુધી બધા પોતાના નિર્ધારીત લક્ષ્ય સુધી પહોંચી શકે.

લખવામાં સંકોચ થઈ રહ્યો છે પણ પોતાનાને ન કહેવાય તો કોને કહીએ. ઋષિ યુગ્મની સાકાર જીવંત મૂર્તિ સ્થાપિત કરાઈ હોય (ગાયત્રી તપોભૂમિમાં) અથવા ગ્રામોત્થાનનું એક વિરાટ સંસ્થાન (આંવલખેડામાં) અથવા દેવ સંસ્કૃતિ વિશ્વ વિદ્યાલય (શાંતિકુંજમાં) હોય, બધા સાધનોની અપેક્ષા રાખે છે. ભારત સરકારે પણ બહુ બહોળું અધ્યયન કરી શ્રી વેદમાતા ગાયત્રી ટ્રસ્ટને તેની વિશ્વ વિદ્યાલય પ્રધાન યોજના માટે ૨૦૦ કરોડ રૂપિયાના સંગ્રહ પર સો ટકા ઈન્કમટેક્ષમાં છૂટ આપી છે. એ ૨૮-૮-૨૦૦૨થી લાગુ થઈ ગઈ છે. વલ્લભ વિદ્યાનગર, ગણપત વિદ્યાપીઠથી પણ લગભગ દસગુણી મોટી યોજના છે. ઉદાર દાતાઓના અંશદાનથી જ તે કાર્ય થઈ શકશે જે આગામી ત્રણ વર્ષમાં અમારે પૂરું કરવાનું છે. સાહિત્યનો વિસ્તાર પણ સાધનોની આશા રાખે છે. એકલું ગુજરાત જ આ આખી રકમ એકત્ર કરી શકે છે, જો તે સંકલ્પિત થઈ જાય તો. ભાવનાશીલોએ મોટા મોટા દાન આપેલા છે તથા અક્ષરધામ જેવા-ગાયત્રી શક્તિપીઠો જેવા વિરાટ નિર્માણ કર્યા છે. પરંતુ અમારી આ સ્થાપનાઓ કંઈક વિલક્ષણ યોજનાઓ સાથે દેવી સંકલ્પ સાથે જોડાઈને બનેલી છે. જો બધી શક્તિપીઠ, જનપદ પોત પોતાના લક્ષ્ય નક્કી કરી લે તેમજ માસિક રકમ એકઠી કરી મોકલવાનું શરૂ કરી દે તો બહુ ઝડપથી એકત્રીત થઈ જશે. અહીંયા એ કહેવા યોગ્ય છે કે શાસને (ભારત સરકારે), પહેલી વાર આટલી મોટી રકમ (૨૦૦ કરોડ) પર સો ટકા ઈન્કમ ટેક્ષની છૂટ આપી છે. એનો લાભ બધાએ લેવો જોઈએ તથા છૂટ પર સત્યનાનો સિક્કો લગાવી દેવો જોઈએ.

ગુજરાતનો ભૂકંપ હોય અથવા પૂરા દેશમાં ફેલાયેલ અકાળ હોય. ઉદાર દાનદાતાઓએ બરાબર સહયોગ આપ્યો છે. આ મિશન ખિસકોલીઓનું છે, સુગ્રીવોનું છે, ભામાશાહોનું પણ છે. આપણાંથી જે બની શકે તે કરવા માટે ગુરુદ્વારનાં સિંચન માટે વધુને વધુ પ્રયત્ન કરવાનો છે. વસંત પંચમીની પૂર્વ વેળામાં આનાથી શ્રેષ્ઠ સંકલ્પ શું હોઈ શકે ? સર્વેને ખ્રિસ્તી નવા વર્ષ ૨૦૦૩ની શુભકામનાઓ.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# યુગ નિર્માણ સમાચાર

નવસારી પ્રજ્ઞા ટોળી નં-૭ સુવર્ણ જયંતિ વર્ષમાં ૨૪૦૦ મંત્રલેખનબુક લખાવવા માટે નવસારી શહેર અને તાલુકાના ગામડાઓમાં વહેંચવામાં આવી છે.

વારાહી -વારાહી ગાયત્રી પરિવાર આયોજીત શ્રી સત્યનારાયણ ભગવાનની કથાનું આયોજન ખૂબ જ સુંદર અને ભવ્ય રીતે થઈ ગયું. આ કથાના વકતા શ્રી ચેલારામભાઈ જોષીએ પોતાની સરળ અને મધુર વાણીમાં સુંદર દ્દષ્ટાંતો દ્વારા શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી દીધા હતા. આ કથામાં વારાહી ગામની બહેનોએ ખૂબ જ મોટી સંખ્યામાં હાજરી આપી હતી. આ કથામાં રાધનપુરથી શ્રી ધનશ્યામભાઈ વનજાની (દાદા) એ ખાસ હાજરી આપી હતી.

રાંદેર (સુરત) (૧) મંત્રલેખન અભિયાનના સાધક બનાવવાનું કાર્ય ૧૧૦૦૦/-નું પૂર્ણ થયું છે. સૌ પરિવારના સહકારથી કાર્ય સારી રીતે પૂર્ણ થતા રહે છે.

(૨) સ્ટીકર અભિયાન માટે અમદાવાદથી ૧૦,૦૦૦ સ્ટીકર મંગાવ્યા છે તે લગાવવાનું કાર્ય ચાલુ છે.

(૩) ભાદરવાના શ્રાધ્ધ પક્ષમાં ભાદરવા સુદ પુનમથી ભાદરવા વદ અમાસ સુધી તર્પણ-શ્રાધ્ધ કાર્યક્રમ થયો તેમાં ૩૦૦ વ્યક્તિઓએ ભાગ લીધો.

વલસાડ ઈ.સ. ૨૦૦૨-૨૦૦૩નું વર્ષ ગાયત્રી તપોભૂમિ, મથુરાનું સુવર્ણ જયંતિ વર્ષ તરીકે ચાલી રહ્યું છે. તા. ૨૦, ૨૧, ૨૨ ઓક્ટોબર દરમ્યાન ગાયત્રી તપોભૂમિ, મથુરામાં યુગ નિર્માણ પ્રણેતા શ્રીરામ શર્મા આચાર્યજી તથા માતા ભગવતી દેવી શર્માની મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠા તથા શપથ મહાદીપયજ્ઞ સંપન્ન થયો. આ અંતર્ગત વલસાડમાં ગાયત્રી પ્રજ્ઞા પરિવાર સંગઠન દ્વારા શરદપૂર્ણમે ગાયત્રી મંત્રજપ કાર્યક્રમ, સમૂહ પ્રાર્થના તથા ૨૪૦૦ દીપકો પ્રજ્જ્વલિત કરી મહા દીપ યજ્ઞથી અનોખી ઉજવણી કરવામાં આવી હતી આ દીપયજ્ઞમાં સારી એવી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા. સાથે સંકલ્પ પત્ર ભરી જરૂરી શપથ પણ લેવડાવવામાં આવ્યા હતા. મંત્રલેખનનું કાર્ય સારી રીતે ચાલી રહ્યું છે.

ઓઢવ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ ઓઢવ અંતર્ગત સામુહિક શ્રાધ્ધ તર્પણ વિધિનો કાર્યક્રમ તા- ૫-૧૦ ને રવિવાર ભાદરવા વદ અમાસ ના દિવસે રાખવામાં આવેલ. જેમાં ૨૦૦૦ પરિજનોએ ભાગ લીધેલ. આ કાર્યક્રમનું સંચાલન શ્રી અરવિંદભાઈ પટેલ (નડિયાદવાળા) એ કરેલું.

રાણીપ-સંવત ૨૦૫૮ વર્ષ ગાયત્રી પરિવાર, રાણીપ (અમદાવાદ) માટે અગત્યનું વર્ષ એટલા માટે છે કે સ્વાસ્થ્ય સંવર્ધન યોજના અંતર્ગત રાણીપ ગાયત્રી પ્રજ્ઞા મંદિરમાં ગરીબ અને મધ્યમ વર્ગનાં દર્દીઓ માટે એક મેડીકલ સેન્ટર શરૂ કરવામાં આવેલ છે, જેમાં જે તે વિભાગના ૩૧ નિષ્ણાત (એમ. ડી.) ડોક્ટરો સેવા આપી રહેલા છે. હૃદય રોગ અને ડાયાબીટીઝ નાં નિષ્ણાત ડોક્ટરો દર ગુરુવારે સેવા આપે છે. તદ્ઉપરાંત દાંતની સંપૂર્ણ સારવાર માટે અદ્યતન ડેન્ટલ ચેર સાથે સેવા ઉપલબ્ધ છે. ઉપરાંત આયુર્વેદ અને હોમીયોપેથ અને ફીઝીયોથેરેપી નાં નિષ્ણાત ડોક્ટરો પણ સેવા આપી રહ્યા છે. આ સિવાય પણ પરિવ્રાજકો અને પરિજનો દ્વારા ૬૭૪ યજ્ઞો કરવામાં આવેલ છે. તેમજ સમુહ દિપયજ્ઞોનું આયોજન પણ કરેલ છે. મંદિરમાં પરિવ્રાજકો દ્વારા ૪૨ આદર્શ લગ્નો અને જ્ઞાતિમંડળોનાં પાંચ લગ્નોનું પણ સફળ આયોજન કર્યું છે. મહિલા મંડળની બહેનોએ ૩૩૨ ઘેર સ્વાધ્યાય કરેલ છે. આ વર્ષે ઋષિ ચિંતનના ૫૦૦ પુસ્તકોનું બ્રહ્મભોજ કર્યું છે. તે સિવાય ઘણું સાહિત્ય બ્રહ્મભોજમાં આપેલ છે. સ્વ. મેનેજિંગ ટ્રસ્ટી શ્રી ચતુરભાઈ ચોકસી પરિવાર તરફથી સંસ્થાને મંદિર પ્રવૃત્તિઓ વધુ વેગવાન બનાવવા 'મારૂતિવાન' ની ભેટ મળી છે.

પાટણ ગાયત્રી પરિવાર, ગાયત્રી શક્તિપીઠ, પાટણ દ્વારા તા ૨૬-૯ થી ૩૦-૯ દરમ્યાન શ્રીમદ્ પ્રજ્ઞા પુરાણ કથાનું આયોજન કરવામાં આવ્યું હતું. વ્યાસપીઠ પરથી કથાનું રસપાન સંગીતમય અને ભાવભરી શૈલીમાં શ્રીમતી રશ્મિબેન બી. પટેલ (ડભોઈવાળાએ) કરાવ્યું હતું. કથા દરમ્યાન ૪૦૦ પ્રજ્ઞા પુરાણ, ૫૦ ગાયત્રી મહાવિજ્ઞાન, ૩૦૦ ઘરમાં દેવસ્થાપન સાથે ગંગાજળ વહેંચવામાં આવ્યું હતું. ચાર દિવસ તમામ સાહિત્ય બ્રહ્મભોજ રૂપે વહેંચવામાં આવ્યું હતું. શહેર અને તાલુકાના ધર્મ પ્રેમી ભાઈ-બહેનોએ મોટી સંખ્યામાં હાજર રહી કથાનું શ્રવણ કર્યું હતું. છેલ્લા દિવસ કથાની પૂર્ણાહુતિ દિપયજ્ઞથી કરવામાં આપી હતી.

આણંદ-ગાયત્રી જ્ઞાન પ્રચાર કેન્દ્ર દ્વારા આણંદની વિવિધ શાખાઓમાં ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષા ૨૦૦૨ શાંતિકુંજ, હરિદ્વાર પ્રેરીત લેવામાં આવી હતી. જેમાં વિવિધ શાળાઓના બાળકોએ પોતાના જ્ઞાન-ધાર્મિક ચાતુર્યનો ફાળો આપેલ આ પરીક્ષા ને પરીપૂર્ણ કરવામાં બ્ર. મ. કૃષિ મહાવિદ્યાલય ના વિદ્યાર્થિઓ એ પોતાના સમયદાન નો મહાફાળો આપી આયોજન ને જવાબદારી પૂર્વક નિભાવ્યું.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

R.N. 1. 23434/71 YUG SHAKTI GAYATRI GUJARATI MONTHLY REGD No.: AG/MTR-99 Licensed to post without Prepayment. LICENCE



યુગનાયક સ્વામી વિવેકાનંદ
જેમનું અવતરણ ભારતવર્ષને વિશ્વ મહાનાયક બનાવવા થયું

માલિક યુગ નિર્માણ યોજના ટ્રસ્ટ મથુરા માટે મૃત્યુંજય શર્મા દ્વારા પ્રકાશિત તથા યુગ નિર્માણ પ્રેસ મથુરામાં મુદ્રિત અને
યુગ નિર્માણ યોજના ટ્રસ્ટ મથુરાથી પ્રકાશિત-સંપાદક ડૉ. પ્રણવ પંડ્યા, સહ સંપાદક-ઘનશ્યામભાઈ પટેલ



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.